# પ્રેરણામૂર્તિ

## મહેશભાઈ સવાણી

: લેખક :

ડૉ. જિતેન્દ્ર અઢિયા, એમ.ડી.


RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 • Mobile : 098259 25947
email : rudrapublication1@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**

પ્રેરણામૂર્તિ - મહેશભાઈ સવાણી

ડૉ. જિતેન્દ્ર અઢિયા, એમ.ડી.

**Copyright @ Dr. Jeetendra Adhia**

All Rights reserved. No Part of this publication may be reproduced, stored in a retrieval system or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise without the prior written permission of the copyright owner.

1st Edition - 6 December, 2015

**₹ 130/-**

: Typeset :

**Manu Patel**

7383968947

: Printing :

**Rudra Publication**

: Publisher :

**Adhia International**

Ahmedabad

Ph.:+91-79-2630 2660 / 61

Email: info@mindtraininginstitute.net

www.mindtraininginstittute.net

www.drjeetendraadhia.com

# સપ્રેમ

શ્રી..................................................................

આપશ્રી જીવનમાં ખૂબ પ્રગતિ કરી ચૂક્યા છો. પ્રગતિ કરવા દરેકને ખૂબ પરિશ્રમ કરવો પડે છે અને કઠોર પરિશ્રમ કરવા માટે પ્રેરણાની જરૂર પડે છે.

પ્રેરણા આપણી પોતાની અંદરથી પણ આવતી હોય છે અને ક્યારેક બહારથી પણ મળે છે. કોઈ વ્યક્તિના જીવનકાર્યમાંથી પણ મળે છે. એવી વ્યક્તિને આપણે પ્રેરણામૂર્તિ તરીકે ઓળખીએ છીએ.

આવા જ એક પ્રેરણામૂર્તિના જીવન ઉપર લખાયેલું આ પુસ્તક આપને વધુ પ્રેરણા આપશે એવી અભ્યાર્થના સાથે સપ્રેમ ભેટ આપું છું.

શુભેચ્છા સહ,

સહી ..............................................

તારીખ ..............................................

સ્થળ ..............................................

# લેખક વિશે



ડૉ. જિતેન્દ્ર અઢિયા એક સ્નાતક તબીબ છે. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્રિવેન્ટિવ મેડિસીનમાં એમ.ડી. કરેલ છે. તેઓ રાજકોટના વતની છે. તેમના માતા-પિતા ઓછું ભણેલા અને ગરીબ હતા.

તેઓએ 30 વર્ષ સુધી ડૉક્ટર તરીકે સેવા કરી પોતાના કામનું ક્ષેત્ર બદલ્યું છે. તેઓ હવે મનની શક્તિઓ ઉપર પૂરા વિશ્વમાં સેમિનારો કરે છે. તેમણે 40થી વધુ વિષયો ઉપર જુદાં જુદાં પુસ્તકો લખ્યાં છે.

તેમનાં પુસ્તકો ઘણી બધી ભાષામાં ઉપલબ્ધ છે. તેમનું પુસ્તક 'પ્રેરણાનું ઝરણું' ગુજરાતી ભાષાનું સૌથી વધુ વેચાતું, વહેંચાતું અને વંચાતું પુસ્તક છે, જે ભારતની સાત ભાષામાં પ્રાપ્ય છે. તેમની ઘણી બધી ઓડિયો અને વીડિયો સીડી પણ ઉપલબ્ધ છે.

તેમનાં ધર્મપત્ની ભાવના ઘર સંભાળે છે. તેમના દીકરા નિમિષે અમેરિકામાં ઈકોનોમિક્સમાં Ph.D. કરેલ છે અને તે અત્યારે ન્યુ-યૉર્કની કૉલેજમાં ઈકોનોમિક્સનો પ્રૉફેસર છે. તેમની પુત્રી નેહા તેમની સાથે ક્રિએટિવ ડિઝાઈનિંગનું કામ કરે છે.

તેઓને દુનિયા ફરવાનો અને પ્લેન ઉડાડવાનો શોખ છે. તેઓ દુનિયાના 30 કરતાં વધુ દેશોમાં પ્રવાસ કરી ચૂક્યા છે.

તેઓએ દુનિયાનું પહેલું 'માઈન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ' અમદાવાદમાં બનાવ્યું છે. તેમનું હવે પછીનું મોટું સપનું ગુજરાતમાં 'મન યુનિવર્સિટી' બનાવવાનું છે.

# અર્પણ

આ પુસ્તક હું મહેશભાઈને
સમાજસેવાની પ્રેરણા આપનાર
તેમના પિતા **શ્રી વલ્લભભાઈ** તથા
લોકોને નિસ્વાર્થ સેવાના પાઠ ભણાવનાર
તેમનાં **માતુશ્રી અજવાળીબેન**ને અર્પણ કરું છું.

# આ પુસ્તકનો વિચાર મને કેવી રીતે આવ્યો?

હું એક વખત મારા પ્રોગ્રામ માટે સુરત ગયો હતો ત્યાં મારા એક મિત્ર શ્રી પંકજ બેલાડિયાએ મારી ઓળખ મહેશભાઈ સવાણી સાથે કરાવી. જોકે મહેશભાઈને મળ્યો એ પહેલાથી જ મેં એમના વિષે ઘણું બધું સાંભળેલું. જેથી મને તેમને મળવાની ઈચ્છા હતી જ. તેમની સાથેના એ ટૂંકા પરિચયમાં અમે મિત્રો બની ગયા અને અમે વાતોએ વળગ્યા. વાત વાતમાં તેમના એચ.આઈ.વી. પોઝિટિવ બાળાઓના પ્રોજૅક્ટ વિષે જાણવા મળ્યું. એક ડૉક્ટર તરીકે મને તેમાં વધુ રસ પડ્યો અને મેં તેમને એ પ્રોજૅક્ટની મુલાકાત કરાવવા વિનંતી કરી.

મારી વિનંતીને માન આપી તેઓ મને જનનીધામની મુલાકાતે લઈ ગયા. જેવા અમે ત્યાં પહોંચ્યા કે તુરંત બધી એચ.આઈ.વી. પોઝિટિવ બાળાઓ તેમને જોઈને દોડી આવી અને પપ્પા આવ્યા, પપ્પા આવ્યા એમ બોલતી બોલતી મહેશભાઈને ગળે વળગી પડી. મહેશભાઈ પણ તેમના પ્રેમમાં તણાઈને બધીને વહાલ કરવા લાગ્યા. હું તો આ દૃશ્ય જોઈને દંગ જ થઈ ગયો.

આ દૃશ્ય એ મને વિચારતો કરી દીધો. આની સાથે મને મારા ભૂતકાળના અનુભવનું એક દૃશ્ય દેખાયું. શું હતું એ દૃશ્ય?

1985 થી 1991 સુધી મેં સઉદી અરેબિયામાં ચેપી રોગના નિષ્ણાત ડૉક્ટર તરીકે સેવા બજાવી છે. ત્યાં મારી નીચે છ ડૉક્ટરો કામ કરતા હતા. એક દિવસ હું જ્યારે મારી હૉસ્પિટલ તરફ મારી ગાડીમાં જઈ રહ્યો હતો ત્યારે હૉસ્પિટલથી થોડે દુર મેં મારી નીચે કામ કરતા એક ઈજિપ્તના ડૉક્ટરને હૉસ્પિટલથી દૂર દોડીને ભાગતા જોયા. મને આ જોઈને આશ્ચર્ય

થયું. મેં હૉસ્પિટલની અંદર જઈને સિસ્ટરને પૂછ્યું કે પેલા ડૉક્ટર કેમ ભાગતાં ભાગંતા જઈ રહ્યા છે? તો તે કહે કે તેઓ ડ્યૂટી પર જેવા આવ્યા કે તેમને એ વાતની ખબર પડી કે અહી એક એચ.આઈ.વી. પોઝિટિવ દર્દી દાખલ થયો છે. તે સાંભળતા જ તેઓ કંઈ જ બોલ્યા વગર દોડીને હૉસ્પિટલની બહાર ભાગ્યા.

મને બધું સમજાઈ ગયું. વાત એમ હતી કે એ ડૉક્ટરને એવો ભય લાગ્યો કે એચ.આઈ.વી.ના જંતુઓ હૉસ્પિટલની હવામાં ફરતા હશે અને એ મારામાં આવી જશે અને હું એચ.આઈ.વી.નો ચેપ લાગવાથી મારી જઈશ.

એક ચેપી રોગના નિષ્ણાત ડૉક્ટર જો આવું માનીને ભાગવા માંડતા હોય તો બીજા સામાન્ય માનવીઓ એચ.આઈ.વી. વિષે શું માનતા હશે?

આજે પણ જ્યા હૉસ્પિટલોમાં એચ.આઈ.વી. પોઝિટિવ દર્દીને દાખલ કરવામાં આવે છે ત્યારે ઘણા લોકો તેની પાસે જતા, તેને અડતા અને તેની સારવાર કરતા ડરે છે. પણ મેં જોયું કે મહેશભાઈને આવો કોઈ ડર જ નથી.

આ જૂના દૃશ્યને યાદ કરતા જ મને મહેશભાઈ સવાણી ઉપર ખૂબ માન ઉપજ્યું. મને થયું કે આ કેવો નીડર માણસ છે કે જેને આવા ચેપની કંઈ જ પડી નથી. તેને તો બસ પડી છે આ એચ.આઈ.વી.ગ્રસ્ત અનાથ બાળોઓને નિસ્વાર્થ પ્રેમ આપવાની.

બસ ત્યારે જ મને વિચાર આવ્યો કે મારે આમના જીવન ઉપર એક સરસ પુસ્તક લખવું છે. જે આજે તમારા હાથમાં છે.

# અનુક્રમણિકા


1. પ્રેરણામૂર્તિ એટલે? ....................................11
2. મહેશભાઈ કેમ પ્રેરણામૂર્તિ? ..........................13
3. મહેશભાઈ વિષે ......................................19
4. મહેશભાઈની બીજી બાજુ ..........................21
5. આપણા ભગવાન .....................................23
6. સમાજસેવાની પા પા પગલી .......................25
7. એમના પ્રેરણામૂર્તિ કોણ? ...........................29
8. ગામડાની માટીમાં જન્મેલા માણસ ..................33
9. સાદાઈ સવાણી પરિવારની ..........................35
10. ક્વોલિટીનું શ્રેષ્ઠ ઉદાહરણ ...........................39
11. વલ્લભભાઈ સવાણીનું સપનું .......................41
12. વડીલ વંદના ..........................................43
13. પ્રેમલક્ષ્મી મંદિર .......................................45
14. દેહદાન ...............................................47

15. વયોત્સવ ........................................................49

16. જનની ........................................................53

17. વિવાહ પાંચ ફેરાના ........................................................55

18. સંબંધો ભવેભવના ........................................................57

19. લાગણીનું વાવેતર ........................................................59

20. સંવેદના – એક દીકરીની ........................................................63

21. દીકરીઓને દત્તક લેવાનું અનોખું મિશન ........................................................65

22. સમૂહ લગ્ન પછી ........................................................73

23. જિયાણું ........................................................75

24. જાત્રા ........................................................77

25. લગ્ન બાદ પણ પિતા નિવૃત્ત થતા નથી ........................................................79

26. પિતા-પુત્રીનો અનોખો ઋણાનુબંધ ........................................................85

27. જનનીધામ ........................................................93

28. આગળ જતાં ........................................................101

29. રેકૉર્ડ્સ અને એવોર્ડ્સ ........................................................103

31. એમના જીવનમાંથી શું પ્રેરણા લેશો? ........................................................107

# આ પુસ્તકનો હેતુ

મહેશભાઈ સવાણી કે તેમના પરિવારની પ્રશંસા કરવાનો નહિ
પણ એમના જીવનકાર્યથી પ્રેરણા લઈને
ઘણા બધા લોકો એમના રાહે ચાલે
અને પોતાનું જીવન ધન્ય બનાવે તે છે.

# 1

# પ્રેરણામૂર્તિ એટલે?

હું નાનો હતો ત્યારે મારું જીવન કોઈ પણ ધ્યેય વગરનું કટી પતંગ જેવું હતું. જીવનમાં હું શું કરીશ તેનો કોઈ જ અણસાર મને નહોતો. એને કારણે હું નવરો જ બેસી રહેતો અને રખડ્યા કરતો. મારા માતા-પિતાને મારી સતત ચિંતા સતાવ્યા કરતી કે આ છોકરો આગળ જતા શું કરશે? મને એનું કારણ હવે સમજાય છે કે ત્યારે હું કંઈક મોટું અને સારું કામ કરું એવી પ્રેરણામૂર્તિની મારા જીવનમાં ઊણપ હતી. જો એ સમયે કોઈ પ્રેરણામૂર્તિ મારા જીવનમાં આવી હોત તો અત્યારે મેં ખૂબ પ્રગતિ કરી હોત.

હા મિત્રો આપણને ખૂબ મોટાં અને સારાં કામો કરવાં કોઈ એક પ્રેરણામૂર્તિની જીવનમાં આવશ્યકતા હોય છે. જેમનાં કાર્યોને અને તેમના જીવનને જોઈને આપણને એમ થાય કે આપણે પણ તેમના જેવાં કામો કરીએ અને તેમના જેવા બનીએ. આજકાલ મેં જોયું છે કે મોટા ભાગના યુવક-યુવતીઓમાં પ્રેરણામૂર્તિ કોઈ ફિલ્મ કલાકાર, કોઈ ઉદ્યોગપતિ, કોઈ રમતવીર, કોઈ આધ્યાત્મિક પુરુષ હોય છે : જેમ કે સ્વામી વિવેકાનંદ,

સચિન તેંદુલકર, સુનીતા વિલિયમ્સ, મૂકેશ અંબાણી, અમિતાભ બચ્ચન, માર્ક ઝુકરબર્ગ કે પછી બીલ ગેટ્સ હોય છે.

મોટા ભાગના આ પ્રેરણામૂર્તિઓ પાસેથી નવી પેઢી, અમૂક અપવાદ સિવાય, પોતાના અંગત ધ્યેય કેમ પ્રાપ્ત કરવા તેની પ્રેરણા મેળવતા હોય છે. એ સારી વાત છે. પણ એનાથી વધુ સારી વાત એ છે કે આપણા પ્રેરણામૂર્તિ એ હોય કે જે પોતાના ભલા કરતા નીચલા સ્તરના અને કમનસીબ સમાજનું ભલું વિચારતા હોય અને ભલું કરતા હોય. જો તમે સમાજમાં નજર કરશો તો એવા વિરલા તમને ચોક્કસ મળી રહેશે. હું એવા ઘણા વિરલાઓને ઓળખું છું અને તેમાંના ઘણા મારા સારા મિત્રો પણ છે.

પણ હું કોઈ નિરાળા પ્રેરણામૂર્તિની શોધમાં હતો અને મને તે મળી ગયા – મહેશભાઈ સવાણી. તેમના વિચારોથી અને જીવનથી હું એટલો બધો પ્રભાવિત થયો કે મારા કાર્યો મને વામણાં લાગવાં માંડ્યાં. મને થયું કે મેં તો આમાંનું કંઈ જ નથી કર્યું. એમનું જીવન જોઈને મને સમાજના કમનસીબ લોકો માટે કંઈક કરી છૂટવાનો વિચાર આવ્યો.

એટલે કે મેં તેમને હવે પછીના મારા જીવનના **પ્રેરણામૂર્તિ** બનાવી દીધા.

# 2

# મહેશભાઈ કેમ પ્રેરણામૂર્તિ?

તમારામાંથી ઘણા લોકોને મનમાં એવો પ્રશ્ન થાય કે સુરતમાં તો એવા ઘણા લોકો છે જેઓ મહેશભાઈથી પણ વધુ દાન આપે છે અને સમાજસેવાનાં મોટાં કામો કરે છે, તો પછી તમે આમને જ કેમ પસંદ કર્યા?

તમારો પ્રશ્ન સાચો છે. પણ મારે મારી પસંદગીનાં ચોક્કસ કારણો છે. હું એવા ઘણા લોકોને બહુ જ નજીકથી અંગત રીતે જાણું છું. તેઓ મારા સારા મિત્રો પણ છે. પણ મહેશભાઈના દિલમાં લોકોનું જે દર્દ છુપાયેલું મને જોવા મળ્યું તેનાથી હું ખૂબ પ્રભાવિત થયો છું.

મારે પણ એક દીકરી છે અને મેં તેને પરણાવી છે. મને ખબર છે કે એક દીકરીને મોટી કરવી અને પરણાવવી એમાં કેટલો ભોગ આપવો પડે છે. મોટા ભાગના પિતાઓને તો દીકરી પરણાવી દીધી એટલે મોટો બોજ ઉતરી ગયો તેવો હાશકારો થાય છે. પણ આ માનવીએ તો 1001 અનાથ પારકી દીકરીઓને બાપનો પ્રેમ અને હૂંફ આપવાનો ધ્યેય નક્કી કર્યો છે અને તેમણે 756નો આંકડો તો પાર કરી દીધો છે.

હું કલ્પનામાં પણ એવું ના વિચારી શકું કે કોઈ વ્યક્તિ આવો ધ્યેય રાખે. કારણ કે મને ખબર છે કે આ ધ્યેય સિદ્ધ કરવા કેટલી મહેનત, સમય અને નાણાંની જરૂર પડે. તેમણે અત્યાર સુધી એમાં જે પણ કર્યું છે તેનાથી જ હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

બીજું કારણ એ કે આખો સમાજ HIV પોઝિટિવ વ્યક્તિઓ પ્રત્યે જે નફરત અને ધુત્કારભર્યું વર્તન કરે છે એ મેં ડૉક્ટર તરીકે ખૂબ નજીકથી જોયું છે. આ બહારથી સારા દેખાતા લોકો જ્યારે HIV પોઝિટિવ લોકોને અડવાનું આવે તો અડતા નથી અને નફરત અથવા તો દયાની નજરે જુએ છે. આવી કેટલીયે ઘટનાનો હું સાક્ષી રહી ચૂક્યો છું. પણ મેં મહેશભાઈને રૂબરૂ HIV પોઝિટિવ અનાથ દીકરીઓને ગળે લગાડી વહાલ કરતા જોયા છે. તેમની બાપની ખોટ પૂરી કરતા જોયા છે. અને ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયાં હતાં. સાચું કહું તો હું પોતે પણ આ ન કરી શકું.

ત્રીજું કારણ એ કે તેમની ધંધો કરવાની રીતને કારણે સમાજમાં નેગેટિવ હતી તે તેમણે પોઝિટિવ કરી બતાવી છે, જે બહુ જ મુશ્કેલ કામ હતું. જે લોકો તેના વિષે ઘસાતું બોલતા હતા, તેનાથી દૂર ભાગતા હતા, તે જ લોકો હવે તેમના સમાજસેવાના દરેક કામમાં સાથે હોય છે અને શક્તિ પ્રમાણે મદદ કરવા તત્પર હોય છે. આ બધું પણ હું જાણું છું. એટલે કે વિરોધીઓને આપણા બનાવવાની કળા મહેશભાઈએ હસ્તગત કરી લીધી છે.

ચોથું કારણ એ કે મહેશભાઈના દરેક કાર્યમાં તેના બધા જ કુટુંબીજનો ખડે પગે સેવા કરવા તત્પર હોય છે. આજના જમાનામાં ઘણા મોટા ઉદ્યોગપતિઓના કુટુંબમાં ભાઈ-ભાઈ કે બાપ-દીકરા વચ્ચે બોલવાનો સંબંધ નથી હોતો, એવા જમાનામાં પોતાના દરેક કાર્યમાં આખા કુટુંબને સાથે જોડવું એ પણ એક સિદ્ધિ જ છે.

પાંચમું કારણ એ છે કે અત્યારે ધર્મ અને જ્ઞાતિના વાડા વધતા જ જાય છે, તેને કારણે ભારતીય સમાજનું વિભાજન થઈ રહ્યું છે ત્યારે તેઓ નાત-જાત અને ધર્મના સીમાડા તોડી ફક્ત માનવ જાતને પોતાની જાત સમજીને સેવા કરે છે. એટલે કે બીજા સામાજિક આગેવાનો પોતાની જ્ઞાતિની જ વાતો કરી સમાજનું વિભાજન કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આ ભાયડો આખા માનવ સમાજને જોડવાનું કામ કરે છે.

છઠ્ઠું કારણ એ છે કે તેઓ જે પણ સમાજસેવાનું કાર્ય કરે છે તેમાં કોઈની પણ આર્થિક મદદ લેતા નથી. બધું જ પોતાના દમ પર, પોતાના પૈસે કરે છે. તમે વિચારો કે એકસાથે 151 દીકરીઓને ધામધૂમથી કરિયાવર સાથે પરણાવવાનો ખર્ચ કેટલો થાય? એ પણ બાપ વગરની અનાથ દીકરીઓને માટે. મેં આવી કોઈ દિલદાર અને હિંમતવાળી વ્યક્તિ હજી સુધી જોઈ નથી.

સાતમું કારણ એ કે તેઓ ફક્ત પરણાવીને મૂક્ત નથી થઈ જતા. એ દીકરી-જમાઈઓ સાથે જીવનભરનો નિભાવી જાણે છે?

તમને ખબર છે કે સ્ત્રી-ભ્રૂણહત્યા કોણ કરે છે અને કોણ કરાવે છે? હા, એ કરે છે સાધનસંપન્ન સમાજમાં માન મેળવી રહેલા ગાયનોકોલૉજિસ્ટો અને કરાવવાવાળાંમાં આપણા સમાજમાં ઉજળા ચેહરા લઈને ફરતા સજ્જનો છે. જેઓ સમાજમાં પાંચેય આંગળીએ પૂજાય છે.

સ્ત્રી-ભ્રૂણ હત્યા કેમ કરાવે છે? કારણ કે દીકરીને તેઓ જવાબદારી (સાપનો ભારો) સમજે છે અને દીકરાને ચોખ્ખો નફો. આવા મતલબી સમાજમાં મહેશભાઈ જેવો ભાયડો પુજાવો જોઈએ એવું તમને નથી લાગતું?

આઠમું કારણ એ છે કે સમાજની જેટલી સમસ્યાઓ છે તેમાંથી મોટા ભાગની સમસ્યાઓને હલ કરવા તેમની વિવિધ પ્રવૃત્તિઓ છે.

સમાજમાં સ્વાસ્થ્યના પ્રશ્નો છે તો તેના માટે પી. પી. સવાણી હાર્ટ હૉસ્પિટલ, સમાજમાં અનાથ કન્યાઓને પરણાવવાનો પ્રશ્ન છે તો પોતાના ખર્ચે સમૂહલગ્ન, સમાજમાં અનાથ બાળકોની ફીનો પ્રશ્ન છે તો શિષ્યવૃત્તિ, સમાજ એચ.આઈ.વી. પોઝિટિવ લોકોને ધુત્કારે છે તો જનનીધામ, સમાજમાં દીકરીઓ સાથે ઓરમાયું વર્તન થાય છે અને ભ્રૂણ-હત્યા થાય છે તો લગ્નનો પાંચમો ફેરો, સમાજમાં વૃદ્ધ લોકો ઉપર ધ્યાન નથી અપાતું તો વડીલ વંદના, પ્રેમલક્ષ્મી મંદિર, મેડિકલ કૉલેજમાં ભણવા માણસના શરીરની જરૂર પડે છે તો 251 લોકોનું દેહદાન, સમાજમાં લોહીની અછત છે તો એ પણ મોટે પાયે રક્તદાન, સમાજમાં સ્વચ્છતાની ઊણપ છે તો મોટે પાયે સ્વચ્છતા અભિયાન કર્યું, સમાજમાં દેખાદેખીથી લગ્ન પ્રસંગમાં ખોટો ખર્ચ કરી બાપ દેવાળીઓ બની જાય છે તો સવાણી કુટુંબે જ સાદાઈથી લગ્નનું ઉદાહરણ પૂરું પાડ્યું, વરાછામાં સારી શાળા નહોતી તો સવાણી પરિવારે વર્લ્ડ ક્લાસની શાળા બનાવી. લોકો આજે બીજાને દેખાડવા એક-એકથી ચડિયાતા ફેશનેબલ બ્રાન્ડેડ કપડા પાછળ પૈસા ખર્ચી રહ્યા છે ત્યારે તેમના પિતા શ્રી વલ્લભભાઈએ 15 વર્ષની ઉંમરથી આજ સુધી સાદા સફેદ કપડા પહેરીને સમાજને ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નવમું કારણ એ છે કે આટલી મોટી સિદ્ધિઓ મેળવી છતાં અભિમાનનો છાંટો પણ નહિ. મેં એમને સમાજના નાના લોકો સાથે વર્તન કરતા જોયા છે.

દશમું કારણ એ કે એમના કોઈ પણ પ્રસંગમાં તેમનું આયોજન ભવ્ય, ખૂબ જ વ્યવસ્થિત અને યોજનાબદ્ધ હોય છે. દરેક લોકો પોતાની જવાબદારી સમજીને સોંપેલું કામ દિલથી વ્યવસ્થિત જ કરે.

અગિયારમું કારણ એ છે કે તેમણે સર્વગ્રાહી પ્રગતિ કરી છે. તેઓ ધંધામા સફળ છે, કુટુંબમાં સંપ રાખવામાં અને તેનો સહકાર મેળવવામાં

અગ્રેસર છે, તેમના પિતાશ્રીને ખૂબ માન આપે છે, પોતાનું સ્વાસ્થ્ય સંભાળે છે, ખૂબ બધી સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે, એક સારા મિત્ર પણ છે, ઘણા બધા વર્લ્ડ રેકૉર્ડ્સ બનાવ્યા છે અને ખૂબ બધા એવૉર્ડ્સ અને સન્માન મેળવ્યા છે. આટલી બધી દિશામાં સફળ વ્યક્તિ મેં બહુ જ ઓછી જોઈ છે.

બારમું કારણ એ છે કે પોતાના વ્યસ્ત સમયમાં પણ તેઓ ઘણી બધી સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈને સમય અને આર્થિક યોગદાન આપે છે.

ખરેખર એમની પાસેથી ઘણું શીખવા જેવું છે.

આ બધું જોઈને મેં નક્કી કર્યું કે જો લોકો મહેશભાઈ વિષે જાણે તો તેમને પણ એમના જેવા બનવાની અને કામો કરવાની ઈચ્છા થાય.

મહેશભાઈને પોતાના પ્રેરણામૂર્તિ બનાવીને.

એ વાત મહત્ત્વની નથી કે
તમે પૈસાદર છો કે ગરીબ....

કારણ કે દરેક માણસનો અંત તો
એકસરખો જ છે - મૃત્યુ.

મહત્ત્વની વાત એ છે કે મર્યા પછી
કોણ શું અને કેટલું સાથે લઈ જઈ શક્યો.

# 3

## મહેશભાઈ વિષે

**તેમનો જન્મ** : 3 નવેમ્બર 1970 રાણપરડા ગામમાં,
તાલુકો : પાલીતાણા, જિલ્લો : ભાવનગર

**અભ્યાસ** : ડીપ્લોમાં સિવિલ એન્જિનિયરીંગ, બેંગલૂરુ

**સરનામું** : 4થો માળ, મિતુલ સ્ક્વેર,
રાહુલરાજ મૉલની પાછળ, વેસુ, સુરત-395007

### પરિવાર

**વલ્લભભાઈ - અંજવાળીબેન**

- **મહેશભાઈ**
  - પત્ની : ભાવનાબેન
  - પુત્રો : મિતુલ, મોહિત
- રમેશભાઈ
  - પત્ની : મીનાબેન
  - પુત્રો : મોનાર્ક
  - પુત્રી : માનસી
- રાજેશભાઈ
  - પત્ની : શીતલબેન
  - પુત્રો : સ્નેહ અને કુંજ
- હંસાબેન

## સામાજિક જવાબદારીઓ અને હોદ્દાઓ :

1. સેક્રેટરી : વિદ્યોન્નતિ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત

2. ઉપપ્રમુખ : લોકસમર્પણ રક્તદાન કેન્દ્ર, સુરત

3. ટ્રસ્ટી : પ્રબુદ્ધ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત

4. ટ્રસ્ટી : સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સુરત

5. ટ્રસ્ટી : શ્રી લૅઉઆ પટેલ સેવા સમાજ, સુરત

6. ઉપપ્રમુખ : પી. પી. સવાણી વેલ્ફેર સોસાયટી, સુરત

7. પ્રમુખ : આવકાર અર્બન કો.ઓ. સોસાયટી, સુરત

8. ભાગીદાર : આઈ. પી. પટેલ એન્ડ કંપની, સુરત

9. ડાયરેક્ટર : પી. પી. સવાણી હાર્ટ ઍન્ડ મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલ, સુરત

10. મેનેજિંગ ડાયરેક્ટર : ધબકાર દૈનિક, શિક્ષા સાગર, ડાયમંડ સિટી મૅગેઝિન, સુરત

# 4

# મહેશભાઈની બીજી બાજુ

આ પુસ્તક લખવાનો મેં નિર્ણય કર્યો પછી ઘણા બધા લોકોને મેં તે જણાવ્યો ત્યારે વર્ષોથી મહેશભાઈને ઓળખતા અમૂક લોકોએ મને તેમના ભૂતકાળના જીવન વિષે જાણવાની સલાહ આપી. અને મેં તે કામ શરૂ કર્યું. તેમાં મને સારા અને મૂંઝવી દે તેવા બંને જાતના રિવ્યૂ મળ્યા. પછી મેં મહેશભાઈ પાસેથી જ તેમનો ભૂતકાળ જાણવાનું નક્કી કર્યું. મને એ વાતનો તો વિશ્વાસ હતો કે મહેશભાઈ મારાથી કંઈ છુપાવશે નહિ. અને તેમણે તેમના શબ્દોમાં શરૂ કર્યું કે.....

"જીતુભાઈ, જે લોકોએ મારું શાળાનું અને કૉલેજનું જીવન જોયું છે તે લોકોને તો આજે વિશ્વાસ જ ના થાય કે આ એ જ મહેશ છે. હું ખૂબ જ તોફાની અને ગુસ્સાવાળો હતો. મારામારી કરવી એ મારા લોહીમાં હતું. કોઈથી ડરતો નહિ. લોકો મારાથી ડરતા. બેંગ્લોરના કૉલેજના દિવસોમાં પણ એ જ જનૂન હતું."

"ત્યારપછી ફેમિલી બિઝનેસમાં આવ્યો અને એ જ જનૂન મેં ધંધામાં વાપર્યું. એનાથી ફાયદો પણ થયો અને નુકસાન પણ. ફાયદો એ થયો કે મારો બિઝનેસ ઝડપથી આગળ વધ્યો અને અમે હીરાના ધંધામાં દેશના ટોપ 10માં આવી ગયા પણ મારી ધંધાની રીત અને ગુસ્સાવાળા સ્વભાવે અસંખ્ય દુશ્મનો ઊભા કર્યા. એ સાથે સાથે હું સરકારી કાયદાઓની ચુંગાલમાં આવી ગયો. ઈન્કમ ટેક્સ, સેલ ટેક્સ, કસ્ટમ, કોફેપોસા, પોલીસ, બેલ્જિયમમાં હીરાની લૂટ, કોર્ટકચેરી એમ એક પછી એક મુસીબતો શરૂ થઈ."

"મારા સારા દિવસોમાંથી માઠા દિવસો શરૂ થયા અને હું ભાંગી ગયો. મને હીરાના ધંધાથી જ નફરત થઈ ગઈ. મેં બેલ્જિયમમાં ખૂબ તકલીફો વેઠી. એ વખતે અમૂક લોકોએ મને સાથ આપ્યો અને અમૂક લોકો મારાથી દૂર ભાગ્યા અને મારા વિષે સાવ જુઠ્ઠી અફવાઓ પણ ફેલાવા લાગ્યા. મેં નક્કી કરી લીધું કે હવે આ બધી ચુંગાલોમાંથી છૂટીને આ હીરાનો ધંધો જ બંધ કરી દેવો છે. મેં એ કર્યું પણ. જેવો સરકારી કેસોમાંથી મૂક્ત થયો કે મેં અને મારા કુટુંબે અમારી કંપની બંધ કરવાનું ચાલુ કર્યું. જે અત્યારે નામ પૂરતી જ છે."

"હવે મને એમ લાગે છે કે જે થયું તે સારું જ થયું કારણ કે જો હું આટલી મુસીબતોમાં ન ફસાયો હોત તો મેં મારા જીવન વિષે આટલું વિચાર્યું જ ન હોત અને મારો આ નવો અવતાર થયો જ ન હોત. છેલ્લા સાત વર્ષમાં મેં મારું નથી વિચાર્યું એટલું બીજાના સુખ-દુઃખનું વિચાર્યું છે. આ નવું જીવન મને ખૂબ સારું લાગે છે. સાચું સુખ શેમાં છે એ હવે સમજાયું છે."

# 5

# આપણા ભગવાન

આપણામાંથી મોટા ભાગના લોકો ભગવાનના અસ્તિત્વનો સ્વીકાર કરતા હોય છે. પછી ભલે તેનાં નામ જુદાં જુદાં આપતાં હોય. ઈશ્વર, અલ્લાહ, જીસસ, મહાવીર સ્વામી, બુદ્ધ, શ્રી સ્વામિનારાયણ ભગવાન વગેરે.

જો શાંતિથી વિચારશો તો ખ્યાલ આવશે કે ભગવાનનો આપણી સાથે શું નાતો છે. આપણે ભગવાનને ખૂબ જ શક્તિશાળી, દયાળુ, રક્ષક, પોષક અને માર્ગદર્શક તરીકે માનીએ છીએ. ખાસ તો આપણને તેઓ દુઃખમાં મદદ કરે છે એટલે જ સુખી થવા આપણે તેમની મદદ માંગીએ છીએ.

આપણા સમાજમાં દુઃખનાં જે કારણો છે તેમાં મુખ્યત્વે અજ્ઞાનતા, બીમારી, સામાજિક સંબંધોમાં તિરાડ, ગરીબી વગેરે છે. આપણે આ બધી તકલીફો વખતે ભગવાનને યાદ કરીએ છીએ અને તેમની મદદની યાચના કરીએ છીએ. આવા સમયે ભગવાન પ્રત્યક્ષ રૂપે આવીને મદદ નથી કરતા પણ આપણામાંથી જ કોઈને પ્રેરણા આપીને આપણને મદદ કરવા મોકલે છે.

આવા ભગવાનનું જ કામ કરતા દેવદૂતો તમને પણ ક્યારેક તો મળ્યા જ હશે. તેઓએ તમને મદદ પણ કરી હશે અને તમે કદાચ એ ભૂલી પણ ગયા હશો. આવા જ એક હું ખૂબ જ પ્રભાવિત થયો.

કેમ એમનાથી આટલો બધો પ્રભાવિત થયો? એનાં ઘણાં બધાં કારણો છે. સૌથી પહેલી વાત તો એ છે કે કોઈ પણ કામમાં તેઓ ફક્ત દાન આપી ને છૂટી નથી જતા પણ દિલથી મહેનત કરીને તેમાં પોતાની જાત ઘસી નાખે છે. અને પોતાની સિદ્ધિનું શ્રેય તેઓ પોતે લેવાના બદલે તેમના કુટુંબીજનોને કે બીજા કોઈ સાથીને આપે છે. કરોડોના દાન આપીને છૂટી જવાવાળા લોકો કરતા મહેશભાઈ એક મૂઠી ઊંચેરા માનવી છે.

બીજું કે તેઓએ સમાજને મદદ કરવા કોઈ એક જ ક્ષેત્ર પસંદ નથી કર્યું પણ સમાજમાં દુઃખનાં જેટલાં કારણો છે તે દરેકેદરેક કારણને નિવારવા મેદાને પડ્યા છે. ભણતર, સ્વાસ્થ્ય, રક્તદાન, પિતાવિહીન દીકરીઓનાં લગ્નો, HIV પોઝિટિવ અનાથ બાળકીઓ તરફ નફરત ભરેલું વર્તન, ભ્રૂણહત્યા, એકલવાયું નીરસ જીવન જીવતા વૃદ્ધો, જિયાણું, દેહદાન, સામાજિક પ્રસંગોમાં પૈસાનો બેફામ બગાડ વગેરે.

ભગવાન રૂબરૂ બધી જગ્યાએ પહોંચી ના શકે એટલા માટે જ કદાચ ઉપરની બધી જ સામાજિક સમસ્યાઓનું નિવારણ કરવા સુરત ખાતે તેમની નિમણૂંક કરી છે.

# 6

# સમાજસેવાની પા પા પગલી

1990-91 માં મહેશભાઈ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરો કરી 22 વર્ષની ઉંમરે બેંગ્લોરથી સુરત પાછા ફર્યા ત્યારે તેમના જીવનની પહેલી જ ઈનિંગ હતી. જેમાં તેમણે તેમના કુટુંબનો હીરાનો વ્યવસાય સંભાળવાનો હતો. તે જવાબદારી સંભાળતાં સંભાળતાં જ તેમને સમાજના લોકો માટે કંઈક કરી છૂટવાના વિચારો આવવા લાગ્યા. તેમણે તેમના જેવડા તે 20 મિત્રોને ભેગા કરીને કીધું કે આપણે સમાજ ઉપયોગી કોઈ કામ કરીએ. શું કરીએ એ પણ ખબર નહોતી. છતાં પણ તેમણે બધાએ પાંચ પાંચ હાજર રૂપિયા કાઢ્યા અને એક લાખનું ફંડ ઊભું કર્યું.

તેઓમાંના જ એક ડૉ. જીવરાજભાઈએ સૂચન કર્યું કે આપણે ત્યાંથી રક્તદાન કરેલું રક્ત ભેગું થઈને શહેરની પેલી બાજુ જાય છે. આપણને (વરાછાવાળાને) જરૂર પડે ત્યારે ત્યાંથી મેળવવામાં ખૂબ મુશ્કેલીઓ થાય છે. ઘણા બધા દર્દીઓને સમયસર લોહી ન મળવાને લીધે જીવ ગુમાવવો પડે છે. વરાછામાં બ્લડબૅન્કની જરૂર છે તો આપણે ભેગા મળીને એક બ્લડબૅન્ક બનાવીએ.

બધા જુવાનિયાઓએ આ વિચારને વધાવી લીધો અને એ મિશન પર કામે લાગી ગયા. સુરતના અમૂક મોટા વેપારીઓનું લિસ્ટ બનાવ્યું અને તેમની પાસે દાન લેવા જવાનું શરૂ કર્યું. એમાં એક નિયમ બનાવ્યો કે બધા પાસેથી એકસરખું દાન જ લેવાનું-એક લાખ રૂપિયા. કોઈની પાસેથી ઓછું નહિ અને કોઈની પાસેથી વધુ નહિ. મોટા ભાગના લોકોએ તેમને ખુશીથી દાન આપ્યું અને ઘણા લોકોએ એક લાખના દાનના બદલે પાંચ લાખની સલાહ આપી કે 'આ બધા ધંધા છોડી ને પહેલાં પૈસા કમાવ, હજુ તમારી સમાજસેવા કરવાની ઉંમર નથી.'

પણ આ તો જુવાનીનું જોશ હતું. તેમની ટીમે તો 20 લાખ ભેગા કર્યા જ. સોનામાં સુગંધ ભળે તેમ DIA જ્વેલર્સવાળા દિલીપભાઈ ઠક્કરે તો આ લોકોનો જુસ્સો અને સચ્ચાઈને પારખીને સીધા એકાવન લાખ રૂપિયા આપી દીધા. ખાસ વાત તો એ જોવાની કે દિલીપભાઈનું સુરતમાં કોઈજ સગું નથી, કે નથી તેમનો કારોબાર. તેમનો બિઝનેસ પણ સુરતમાં નથી. તેમનું તો બધું જ બેલ્જિયમમાં છે.

તમે વિચારો કે વરાછાના અમૂક વેપારીઓએ 1 લાખના દાનને બદલે પાંચ લાખની મફત સલાહ આપી અને જેનું વરાછામાં કોઈ જ નથી તેવા દિલીપભાઈએ એકના બદલે એકાવન લાખ રૂપિયા દાનમાં આપ્યા. આ દુનિયામાં ભાતભાતના લોકો રહે છે તેનું આ ઉદાહરણ.

આમ વરાછા મીની બજારમાં આ બૅન્કના શ્રીગણેશ થયા, જે માટે શરૂઆતમાં શ્રી ભરતભાઈ ગજેરાએ પોતાની જગ્યા મફત વાપરવા આપી. તે શરૂ થયા પછી મોટી જગ્યાની જરૂર લાગી એટલે તેમણે બૅન્કની જગ્યા ખરીદવાનું નક્કી કર્યું અને ફરી દાનની જરૂર પડી જેમાં દિલીપભાઈએ પાછું એક કરોડનું દાન આપ્યું અને બીજા બધાના દાન મળીને કુલ સાત કરોડ ભેગા કર્યા. જેમાંથી બ્લડબૅન્કનું વિસ્તરણ થયું. જે અત્યારે 'લોકસમર્પણ

રક્તદાન કેન્દ્ર' તરીકે ચોવીસે કલાક લાખો લોકોને સેવા આપે છે. જેના પ્રમુખ અત્યારે શ્રી હરિભાઈ કથીરિયા છે અને ઉપપ્રમુખ મહેશભાઈ સવાણી છે. આજે આ બૅન્ક રોજ 200 બૉટલોનું જરૂરિયાતમંદોને વિતરણ કરે છે. જોકે હવે દાનનો પ્રવાહ અવિરતપણે ચાલતો રહે છે. માંગવા જવું નથી પડતું.

જુવનિયાઓના આ ગ્રૂપને એક કામમાં સફળતા મળતા બીજું મોટું કામ કરવાની ચાનક લાગી અને મોટી રક્તદાન શિબિરો કરવાનું નક્કી કર્યું. કુલ 3 મોટા કૅમ્પ કર્યા.

એપ્રિલ 1999માં પહેલા કૅમ્પમાં 8,008 બૉટલો ભેગી કરી. જેમાં દિલીપભાઈ ઠક્કર અને ફિલ્મસ્ટાર જિતેન્દ્રએ હાજરી આપી હતી. શિબિરનું પ્લાનિંગ જડબેસલાક હતું. લોકોમાં ઉત્સાહ એટલો હતો કે દાન આપવા માટે એક કિલોમીટર લાંબી લાઈન હતી. લોહી લેવા માટે ખાલી બૉટલો ખૂટી પડી હતી. લોકો તો કહે કે બૉટલો ના હોય તો પીપડાં ભરો પણ અમારું લોહી લો. આ રેકૉર્ડની નોંધ લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે લીધી હતી.

મેં 1992માં રાજકોટ વોલન્ટરી બૅન્કના ડાયરેક્ટર તરીકે જવાબદારી સંભાળી છે અને રક્તદાન શિબિરો પણ કરી હતી. મારે કબૂલ કરવું પડે કે રક્તદાન માટે આવો જુવાળ હું નહોતો ઊભો કરી શક્યો.

એ પછીની બીજી શિબિરમાં 11,011 બૉટલો ભેગી કરી હતી જેમાં આપણા હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, જેઓ ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ઓચિંતા વગર નિમંત્રણે આવી ચડ્યા હતા અને સ્વેચ્છાએ ત્યાં રક્તદાન કર્યું હતું.

ત્યારપછીની ત્રીજી શિબિરમાં 20,022 બૉટલોનો રેકૉર્ડ કર્યો હતો જેમાં સુરત ડાયમંડ એસોસિએશન સહયોગ હતો. જેની ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે નોંધ લીધી હતી. જોકે હવે આવા મોટા કૅમ્પ કરવા પર સરકારી રોક આવી ગઈ છે, નહિતર મહેશભાઈની ટીમ કદાચ એક લાખ બૉટલોનો રેકૉર્ડ પણ કરી નાખત.

મહેશભાઈએ પોતે 2003 સુધીમાં 21 વખત રક્તદાન કર્યું હતું પણ પછી એમને ડાયાબિટીસ થયો એટલે હવે આપી શકતા નથી તે વાતનો તેમને અફસોસ છે.

મહેશભાઈ આ રક્તદાન પ્રવૃત્તિની સફળતા માટેનો જશ ડૉ. જીવરાજભાઈ, શ્રી હરિભાઈ અને તેમની આખી ટીમને આપે છે. તેમનું માનવું છે કે આ લોકો તેમનો સંપૂર્ણ સમય આ પ્રવૃત્તિને આપે છે. તેને કારણે આ કેન્દ્ર સરસ ચાલે છે.

આ હતી તેમની સમાજસેવાની જીવનભરની લાંબી સફરની પા પા પગલી.

# 7

# એમના પ્રેરણામૂર્તિ કોણ?

દરેક વ્યક્તિને મોટું અને સારું કામ કરવા પ્રેરણાની જરૂર હોય છે. આ પ્રેરણામૂર્તિ ઘરમાં પણ હોય અને બહાર પણ હોય. મહેશભાઈને તેમના પ્રેરણામૂર્તિ તેમના ઘરમાંથી અને બહારથી એમ બંને જગ્યાએથી મળ્યા છે. તેમાં પહેલા પ્રેરણામૂર્તિ તેમના પિતા શ્રી વલ્લભભાઈ સવાણી છે.

વલ્લભભાઈનું જીવનચરિત્ર લખવા બેસું તો એક આખું પુસ્તક લખાઈ જાય. ગુજરાતીમાં કહેવત છે ને કે ‘કુવામાં હોય તો જ અવેડામાં આવે’. આ કહેવત અહી બિલકુલ સાચી પડે છે. વલ્લભભાઈ સમાજસેવાનો કુવો છે અને મહેશભાઈ તેનો અવેડૉ. વલ્લભભાઈ છેલ્લાં 25 વર્ષથી સમાજને શિક્ષણ અને આરોગ્યની સેવા આપવામાં જ તેમનો સમય વિતાવે છે. એ પણ ઉચ્ચ કક્ષાની. તેમની શાળાઓ સુરત શહેરમાં સૌથી ગુણવત્તાસભર છે અને તેમની પી. પી. સવાણી હાર્ટ હૉસ્પિટલ પણ એટલી જ સરસ.

મહેશભાઈને સમાજસેવાના પાઠ બાળપણથી જ મળેલા. તેમના પિતા 15 વર્ષના હતા ત્યારે તેમના મોટાભાઈ પોપટભાઈનું 17 વર્ષની યુવાનવયે

ગાડાના પૈડા નીચે માથું કચડાઈ જવાથી મૃત્યુ થયું હતું. તે આઘાત સમયે જ વલ્લભભાઈએ પ્રતિજ્ઞા લીધી હતી કે હું આખું જીવન સફેદ સાદા કપડા અને માથે સફેદ ટોપી પહેરીશ અને સાદું જીવન જીવીશ. જે તેમણે આજ સુધી પાળી બતાવ્યું છે.

તેમણે તેમના ત્રણેય દીકરા મહેશ, રમેશ અને રાજેશને ત્રણ સોનેરી સલાહ આપી હતી :

1. કામધંધા માટે ફરતા રહેવું. 'ફરે એ ચરે અને બાંધ્યો ભૂખે મરે'.
2. આપવાનું ક્યારેય બંધ ન કરવું.
3. દશ જણા લઈ જાય તેમાંથી બે જણા તો ચોક્કસ આપણને દુઆ આપીને જાય છે અને તે જો ફળે તો આપણે ધન્ય થઈ જ છીએ.

તેમના ત્રણેય દીકરાઓએ તેમની આ સલાહને જીવનમાં ઉતારી છે.

હું તો એમ માનું છું કે આવા બાપુજી જેને મળે તેનું તો જીવન ધન્ય થઈ જાય. આવા બાપુજી મળે પછી 'પ્રેરણાનું ઝરણું' શોધવા બહાર થોડું જવું પડે?

હા મિત્રો, મહેશભાઈના પ્રથમ પ્રેરણામૂર્તિ તેમના પિતાશ્રી વલ્લભભાઈ સવાણી જ છે.

તેમનાં બીજાં પ્રેરણામૂર્તિ એક સ્ત્રી છે જેને આખું ભારત સાધ્વી ઋતુમ્ભરાજી તરીકે ઓળખે છે. તેઓ એક જમાનામાં ખૂબ ફાયરબ્રાન્ડ વક્તા તરીકે જાણીતાં હતાં અને હિંદુ ધર્મ પર ખૂબ સારા અને ધારદાર ભાષણો કરતાં.

બાબરી મસ્જિદ ધ્વંસ વખતે તેમના પર સંડોવણીનો આરોપ હતો અને તેઓની ધરપકડ પણ થઈ હતી. એ પછી તેમણે પોતાની સમાજસેવાની રીત બદલી અને શાંતિથી કામ કરવાની શરૂઆત કરી.

આજે તેઓ વૃંદાવનમાં અનાથ બાળાઓ અને સ્ત્રીઓ માટે ‘વાત્સલ્યધામ’ નામે 50 એકરની જગ્યામાં સંસ્થા ચલાવે છે. જ્યાં ભારતવર્ષની 350 અનાથ બાળાઓ અને સ્ત્રીઓ માનપૂર્વક જીવન જીવે છે. મહેશભાઈના દરેકેદરેક સમાજસેવાના પ્રસંગોમાં દીદીમા (ઋતુમ્ભરાજી) અચૂક હાજરી આપે છે.

એમના જીવનકાર્યથી પ્રેરિત થઈને મહેશભાઈને અનાથ બાળાઓને મદદ કરવાની ઈચ્છા જાગૃત થઈ. જેમાંથી તેમને નવી જ દિશા મળી. અને હવે મહેશભાઈનું સેવાક્ષેત્ર અનાથ બાળક-બાળકીઓ પણ છે.

એટલે મહેશભાઈનાં બીજા પ્રેરણામૂર્તિ સાધ્વી ઋતુમ્ભરાજી છે.

દિવસ ઊગે ત્યારે લાગે કે
પૈસાની જરૂર છે...

જેમ જેમ સાંજ થતી જાય ત્યારે લાગે કે
શાંતિની જરૂર છે.

# 8

# ગામડાની માટીમાં જન્મેલા માણસ

વલ્લભભાઈ પ્રેમજીભાઈ સવાણીનો જન્મ 25 માર્ચ, 1949ના રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ગુંદા ગામે થયો હતો. મૂળ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના રાણપરડા (ખારાના) ગામના વતની પ્રેમજીભાઈ સવાણી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. એટલે વલ્લભભાઈનો જન્મ એક સામાન્ય અને ગરીબ ખેડૂત પરિવારમાં થયો હતો. વલ્લભભાઈએ ધોરણ 1થી 4 સુધીનું શિક્ષણ ધંધુકા તાલુકાના જ ગુંદા ગામે મેળવ્યું. ત્યારબાદ 5 થી 8 ધોરણ સુધીનો અભ્યાસ ખાંભડા ગામ ખાતે પૂર્ણ કર્યો. તેઓ અભ્યાસ માટે રોજ 5 થી 7 કિલોમીટર ચાલતા હતા.

શરૂઆતના દિવસોમાં રત્ન-કલાકાર તરીકે કામ કરનાર વલ્લભભાઈ માત્ર નોકરીથી સંતોષ માનનારાઓમાંથી ન હતા. તેમણે પોતાના પરિવાર અને

હીરાની ઘંટી ઉપર મજૂરી કરતાં કરતાં ઉદ્યોગપતિ બનવાનું સપનું સાકાર થયું પરંતુ ગામડાની માટીના માણસના ગુણ પણ યથાવત્ જાળવી રાખ્યા.

સમાજ માટે જીવનમાં કંઈક કરવું હતું. આખરે સખત પરિશ્રમ અને મહેનત થકી તેમણે પોતે જ ભાઈઓ તથા સગા-સંબંધીઓ સાથે મળીને હીરાનો વ્યવસાય કરવાનું નક્કી કર્યું અને એક નાનકડું હીરાનું કારખાનું શરૂ કર્યું. બસ, ત્યારબાદ વલ્લભભાઈએ ક્યારેય પાછું વળીને જોયું નથી.

એક નાનકડા હીરાના કારખાનાથી શરૂ કરેલો હીરાનો આ વ્યવસાય કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતો થયો. આઈ. પી. પટેલ ઍન્ડ કંપની શહેરની ટોપ ટ્વેન્ટી ઍક્સપૉર્ટસમાં સ્થાન પામી. આમ, એક રત્નકલાકારમાંથી માલિક સુધીની સફર ખેડનાર વલ્લભભાઈએ ઉદ્યોગજગતમાં સફળતા બાદ સામાજિક જીવનમાં ઝંપલાવ્યું.

સમાજ માટે કંઈક કરી છૂટવાની ખેવનાના કારણે તેમણે શૈક્ષણિક અને સામાજિક સેવાપ્રવૃત્તિઓમાં મન પરોવ્યું. 1987માં તેમના પી. પી. સવાણી ગ્રૂપની પ્રથમ શાળાની સ્થાપના થઈ અને સમાજનાં બાળકોને ઉચ્ચ અને આધુનિક શિક્ષણ આપવાની શરૂઆત કરી. આજે પી. પી. સવાણી ગ્રૂપની આઠ શાળાઓ છે. તેમાં હજારો વિદ્યાર્થીઓ ગુણવત્તાસભર શિક્ષણ મેળવી રહ્યા છે.

શિક્ષણની સાથે સાથે વલ્લભભાઈએ નિરોગી સમાજની રચનાનું પણ સપનું જોયું હતું. જેથી તેમણે પોતાના મિત્રો સાથે મળી ઈ. એમ. ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટના નેજા હેઠળ રાહતદરની પી. પી. સવાણી હાર્ટ ઍન્ડ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ શરૂ કરી. પી. પી. સવાણી હાર્ટ ઍન્ડ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ ખૂબ જ રાહત દરે ઉમદા કાર્ય કરતી હોવાથી ખૂબ જ ટૂંકા સમયમાં મુખ્યમંત્રી રાહત ફંડ માટેની મંજૂરી મેળવી શકી.

(સુરતથી પ્રકાશિત થતા ગુજરાત ગાર્ડિયન પેપરમાં 29 નવેમ્બર 2014ના રોજ છપાયેલ-જેમનો તેમ જ)

# 9

# સાદાઈ સવાણી પરિવારની

પ્રેરણામૂર્તિ એવા જ હોવા જોઈએ કે જેઓના જીવનમાંથી બીજા લોકો પ્રેરણા લઈને એમના જેવું જીવન જીવવાની કોશિશ કરે. એટલે કે તેમની રહેણી, કહેણી અને કરણી સરખી હોય. તે જે વાત કરે તે પ્રમાણે જ પોતાનું જીવન જીવે અને એ પ્રમાણે જ કર્મો કરે. ગાંધીજીને જ્યારે પૂછવામાં આવ્યું કે યુવાનો માટે તમારો શું સંદેશો છે ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે, “મારું જીવન એ જ મારો સંદેશ છે”. અન્ના હજારે જો સાદાઈનો સંદેશો આપે તો લોકો તરત માની લે પણ એ જ જગ્યાએથી વિજય માલ્યા એ જ સંદેશ આપે તો લોકો ઉપર એ અસર ના કરે.

સવાણી પરિવાર અન્ના હજારેની હરોળમાં આવે એવો છે. મહેશભાઈના પિતાશ્રી વલ્લભભાઈ સવાણી પાસે પુષ્કળ ધન છે પણ તેઓ 50 વર્ષથી ફક્ત સાદા સફેદ લેંઘો-ઝભ્ભો પહેરીને જ ફરે છે. બહાર હોટલનું, કોઈ ખાસ કારણ વગર શોખથી ખાતા નથી કે કોલ્ડ્રિંક્સ પિતા નથી. તમે તેમને રસ્તા ઉપર મળો અને જો તમે તેને અંગત રીતે જાણતા ન હો તો કદાચ તમને તેઓ ગામડાના એક સામાન્ય ખેડૂત જ લાગે, હીરાના આટલા મોટા વેપારી ક્યારેય ન લાગે.

સાદાઈથી જીવન જીવવાનું. તેમણે પોતે જ 15 વર્ષની ઉંમરે નક્કી કરેલું. એવા સાદાઈથી જીવતા અને સમાજની ભલાઈનો હંમેશાં વિચાર કરતા.

પિતાના આ ચારેય સંતાનો(મહેશ, રાજેશ, રમેશ અને હંસા)એ ગળથુથીમાં જ આ બધું શીખ્યું છે. હું જ્યાં સુધી જાણું છું ત્યાં સુધી, મેં મહેશભાઈને પોતાના ધંધા કરતાં સમાજનાં કામોને વધુ સમય આપતા જોયા છે.

ખાસ તો એ વાત જાણીને મને આશ્ચર્ય થયું કે અનાથ દીકરીઓના ખૂબ જ ધામધૂમથી લગ્ન કરાવનાર કુટુંબનાં ચારેય સંતાનોએ સાદાઈથી લગ્ન કર્યાં છે અને કોઈએ ક્યારેય પોતાનો જન્મદિવસ ઉજવ્યો નથી.

મહેશભાઈ અને રમેશભાઈનાં લગ્ન સમૂહ લગ્નમાં થયાં હતાં. લોકોને એ બતાવવા કે સમૂહ લગ્ન ફક્ત ગરીબીનું પ્રતિક નથી પણ સાદાઈનું પ્રતિક છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ કમરતોડ ખર્ચા બંધ કરી આમાં જોડાય.

રાજેશભાઈનાં લગ્ન ફક્ત ફૂલહારથી થયાં હતાં અને તેમની બહેન હંસાના લગ્ન આર્યસમાજમાં થયાં હતાં. એટલે કે ઘરનાં ચારેય સંતાનોનાં લગ્ન સમાજને દૃષ્ટાંત રૂપ હતા.

આ સાથે એક વાત યાદ આવી ગઈ કે મારા નાનાભાઈ હસમુખનાં લગ્ન પણ રાજકોટમાં સમૂહ લગ્નમાં દૃષ્ટાંત રૂપ થયા હતા. જો એક IAS અધિકારી સમૂહમાં લગ્ન કરે તો બીજી ભણેલી વ્યક્તિ પણ તે કરવા પ્રેરાય. મારી નાની બહેન ચંદ્રિકાનાં લગ્ન પણ મુંબઈના આર્યસમાજમાં સાદાઈથી થયાં હતાં.

આ એક મોટું ઉદાહરણ પૂરું પાડે છે. બાકી મેં તો મારા ઘણા બધા મિત્રોને લગ્નમાં બેફામ ખર્ચાઓ કરતા જોયા છે ત્યારે મને ખરેખર મનમાં ડંખે છે. એ બેફામ ખર્ચાઓ સમાજને જુદો જ મેસેજ આપે છે.

સવાણી પરિવાર અનાથ દીકરીઓનાં લગ્નમાં જે ખર્ચ કરે છે તેનો સોમાં ભાગનો ખર્ચ પણ આ પરિવારે પોતાનાં લગ્નમાં નથી કર્યો.

બીજો એક દાખલો છે કે શ્રી મહેશભાઈના દાદા પ્રેમચંદભાઈ તથા તેમનાં દાદી લક્ષ્મીબેન અવસાન પામ્યાં ત્યારે તેમણે દેહદાન કરવાની ઇચ્છા કરેલી. એટલે એમની ઇચ્છા પ્રમાણે તેમનાં દાદા-દાદીના શરીરને અગ્નિદાહ આપવાના બદલે મેડિકલ કૉલેજને દાનમાં આપી દીધેલા. એ ઉપરાંત તેમની ઇચ્છા પ્રમાણે તેમના મૃત્યુ પાછળ કોઈ પણ બેસણું, વિધિઓ અને કારજ કર્યું નહોતું. જે પણ સમાજને એક યોગ્ય ઉદાહરણ પૂરું પાડે છે.

ખૂબસૂરતી હંમેશાં જોનારના મનમાં અને
એની નજરમાં હોય છે.

નહીંતર ભૂલ કાઢનારને તો
તાજમહાલમાં પણ ખામી દેખાય છે.

# 10

# ક્વોલિટીનું શ્રેષ્ઠ ઉદાહરણ

વલ્લભભાઈ આર્થિક કારણોને લીધે ભલે પોતે વધુ ન ભણી શક્યા પણ ભણતરથી સમાજ ઊંચો આવે તેવી સમજ તેમને પહેલેથી જ. તેઓ સાત ધોરણ સુધી ભણ્યા ત્યાં સુધી હંમેશાં પહેલો નંબર જ આવતા. તેઓ જ્યારે વરાછામાં રહેવા આવ્યા ત્યારે વરાછામાં ફક્ત એક જ સ્કૂલ હતી, સાધના સ્કૂલ. એટલે કે કોઈ બાળકને સાધના સ્કૂલમાં એડનમિશન ન મળે તો અભ્યાસમાંથી ઉઠાડી દેવામાં આવતો અને હીરા ઘસવા બેસાડી દેવાતો. વલ્લભભાઈની ઈચ્છા સમાજને ભણાવવામાં મદદ કરવાની હતી.

વલ્લભભાઈના એક મિત્ર હર્ષદભાઈ રાજ્યગુરુ હીરાની દલાલી કરતા હતા. તેમાં એક વખત કોઈ વેપારીને ત્યાં ઈન્કમટેક્સની રેડ પડી. જેમાં હર્ષદભાઈનું હીરાનું પડીકું સીલ થઈ ગયું. આનાથી હર્ષદભાઈ આકુળ-વ્યાકુળ થઈ ગયા. તેમની હાલત જોઈને વલ્લભભાઈએ તેમને મિત્ર ભાવે સલાહ આપી કે હીરાના ધંધામાં તમારું કામ નથી તમે આના કરતા શિક્ષણનું કામ કરો. તેઓ એમની વાત માની ગયા અને પી. પી. સવાણી સ્કૂલના શ્રીગણેશ આ હર્ષદભાઈની આગેવાની હેઠળ થયા.

સૌથી પહેલા વલ્લભભાઈએ પોતાના હીરાના કારખાનાની જગ્યા ખોડિયારનગર, વરાછામાં આપી, જ્યાં 250 વિદ્યાર્થીઓથી શાળા શરૂ થઈ. ત્યારબાદ હીરાબાગ વરાછામાં આપી. જેમાં આજે 17,000 વિદ્યાર્થીઓ ભણે છે. જે આજે પણ સુરતમાં નંબર વન સ્કૂલ ગણાય છે. એ સ્કૂલની સફળતા પછી તો સવાણી પરિવારે પાછું વળીને જોયું જ નથી. એક પછી એક અને એક-એકથી ચડિયાતી 9 સ્કૂલો બનાવી દીધી જેમાં અત્યારે કુલ 44,000 વિદ્યાર્થીઓ ભણે છે. સુરતમાં રહેતી કોઈ વ્યક્તિ આ સ્કૂલના નામથી અજાણ્યો નહિ હોય.

આ બધી શાળાઓમાં ઈતર પ્રવૃત્તિઓ ખૂબ જ થાય છે, જેમ કે ઘોડેસવારી, યોગા, ફૂટબૉલ, ટેનિસ, વગેરે અને 365 દિવસ 25,000 માણસોનું 3 ટાઈમ જમવાનું બને છે. 2,000 વિદ્યાર્થીઓ એકસાથે રહે તેવી મોટી હોસ્ટેલ છે. આટલી બધી શાળાઓનું સફળ સંચાલન કરવા કોઈ MBA મૅનેજર નથી રાખ્યો પણ એ કામ સાત ચોપડી ભણેલા વલ્લભભાઈ પોતે જાતે કરે છે. જોકે અમૂક શાળાઓની જવાબદારી હવે તેમણે મહેશભાઈને સોંપી છે. મહેશભાઈ રોજ સવારે 9 થી 12 આ શાળાઓમાં જઈને સંચાલન કરે છે.

# 11

# વલ્લભભાઈ સવાણીનું સપનું

એક વખત મહેશભાઈનો દીકરો મિતુલ તેના દાદા પાસે રમતો હતો અને અચાનક તેને ખેંચ આવવાની ચાલુ થઈ. વલ્લભભાઈ મિતુલને ઉપાડીને ડૉક્ટરના દવાખાને જવા ફક્ત ગંજી પહેરેલી હાલતમાં દોડ્યા. પણ એ રવિવારનો દિવસ હોવાથી વરાછામાં કોઈ ડૉક્ટર મળ્યા નહિ એટલે તેમને શહેરમાંથી બોલાવવા પડ્યા. જે ત્રણ-ચાર કલાકે આવ્યા. એ વખતે 25 વર્ષ પહેલાં વરાછામાં ખાસ કોઈ ડૉક્ટર ન હતા.

તે અનુભવથી વલ્લભભાઈએ મનોમન નક્કી કર્યું કે હું આ દિશામાં કામ કરીશ અને વરાછામાં વર્લ્ડ ક્લાસની હૉસ્પિટલ બનાવીશ. તેમણે તે દિશામાં પ્રયાણ શરૂ કર્યું. જેમાં તેમનો પહેલો પડાવ હતો, ઈ. એમ. ચેરિટેબલ ટ્રસ્ટ. તેમના અમૂક મિત્રો જેવા કે દિલીપભાઈ ઠક્કર, ગોવિંદભાઈ કાકડિયા વગેરેનો સાથ લઈ 12 ઑક્ટોબર 1998માં ઈ. એમ. ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. જેનો હેતુ સમાજના જરૂરિયાતમંદ લોકોને ભણતર અને તબીબી સેવાઓ પૂરી પાડવાનો હતો અને વરાછા વિસ્તારના હોશિયાર વિદ્યાર્થીઓને મદદ કરી ડૉક્ટર બનાવવાનો હતો. જેથી તેઓ તજજ્ઞ બની પછી વરાછામાં જ સ્થાયી થાય.

ઈ એટલે એજ્યુકેશન અને એમ એટલે મેડિકલ. આ ટ્રસ્ટ અત્યારે એજ્યુકેશન અને મેડિકલ એમ આ બંને દિશામાં પ્રવૃત્ત છે. અત્યાર સુધીમાં તેમની સહાયથી 314 ડૉક્ટરો બની ચૂક્યા છે અને તેમાંના ઘણા બધા તેમનું ઋણ ચૂકવવા ટ્રસ્ટના ચેરિટેબલ દવાખાનામાં ફ્રી સેવા આપવા આવે છે. જે 5 ડિસેમ્બર 1998માં શરૂ કર્યું હતું. ઈ. એમ. ચેરિટેબલ ટ્રસ્ટ દાવાખામાં રોજના 2000 દર્દીઓ હાલની તારીખમાં ટોકન ફક્ત પાંચ રૂપિયામાં સારવારનો લાભ લે છે, જેમાં ડૉક્ટરની ફી, લૅબોરેટરી તપાસ અને દવા બધું જ આવી જાય.

આ ઉપરાંત રોજ બે મેડિકલ મોબાઇલવાન આજુબાજુની છ ઝૂંપડપટ્ટીમાં જઈને 5 રૂપિયામાં સારવાર કરે છે. આહવા-ડાંગના આદિવાસીઓને પણ નિયમિત સારવાર પહોંચાડે છે.

આ ઉપરાંત આ ટ્રસ્ટ સરકારમાં સારા હોદ્દા પર કામ કરી શકે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને જી.એ.એસ. અને આઈ.એ.એસ.ની તાલીમ આપવાનું કામ કરે છે. જેમાંથી 60 વિદ્યાર્થીઓ તો પોતાનું ધ્યેય સિદ્ધ કરી ચૂક્યા છે.

ત્યારપછીનું મોટું કામ, જે વલ્લભભાઈનું મોટું સપનું હતું તે પૂરું થયું. 27 ડિસેમ્બર 2009ના રોજ વરાછામાં વર્લ્ડ ક્લાસની પી. પી. સવાણી હાર્ટ ઍન્ડ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ બનાવી. જેમાં ક્વૉલિટી વર્લ્ડ ક્લાસની અને ચાર્જ વરાછાના સામાન્ય માણસને પોસાય તેવો છે.

મેં જાતે આ હૉસ્પિટલની મુલાકાત લીધી છે અને હું પણ ત્યાંની ક્વૉલિટી જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો હતો.

# 12

# વડીલ વંદના

વલ્લભભાઈ પોતે સીનિયર સિટિઝન (વડીલ) હોવાથી તેમને બીજા વડીલોના સુખ-દુઃખની પડી હોય. એટલે એક દિવસ તેમને વિચાર આવ્યો કે આપણે બધા વડીલોને આપણી સ્કૂલમાં ભેગા કરી, તેમને માન આપીને આનંદ કરાવીએ. આખા કુટુંબે આ વિચારને વધાવી લીધો. અને 2008માં આ વિચાર અમલમાં મૂક્યો. પહેલી વખત 5000 વડીલોને લઈને આ કાર્યક્રમ થયો અને એ કાર્યક્રમથી પ્રોત્સાહિત થઈને 2013માં બીજી વાર 20,000 વડીલો સાથે આ કાર્યક્રમ અબ્રામા ખાતેની પી. પી. સવાણી સ્કૂલના વિશાલ પ્રાંગણમાં થયો.

આ કાર્યક્રમ સવારના આઠ વાગ્યાથી શરૂ થઈને રાત્રે બાર વાગ્યા સુધી ચાલ્યો. તેમાં નાસ્તો અને બે ટાઈમ જમવાનું આપ્યું. બધાને ઘેરથી લેવા મૂકવાની વ્યવસ્થા ચોકસાઈપૂર્વક કરવામાં આવી. અભણ વડીલો બસના બોર્ડ વાંચી ના શકે એટલે બસને પ્રાણી અને પક્ષીઓનાં નામ આપવામાં આવ્યાં. તે બસો ઉપર પશુ-પક્ષીઓનાં ચિત્રો મૂકવામાં આવ્યા. જેથી વડીલો તે ચિત્રો ઉપરથી પોતાની બસમાં બેસી શકે. જે વડીલો નેવું વર્ષથી ઉપરના હતા અને બસ સુધી આવી ના શકે તેમના માટે તેમના ઘરના આંગણા સુધી સ્પેશિયલ કારો મોકલાઈ.

આખો દિવસ બધાને રસપ્રદ રમતોમાં વ્યસ્ત કરી દેવામાં આવ્યા. ગરબા કર્યા, સનેડો કર્યો, મન ભરીને બધા નાચ્યા. એમને એમનું બાળપણ યાદ આવી ગયું. ઘણાને તો હર્ષનાં આંસુ આવી ગયાં.

90થી ઉપરની ઉંમરના 100 વડીલોને 'લાકડી અને પાઘડી'થી સન્માનવામાં આવ્યા અને 100થી વધુ ઉંમરના ત્રણ વૃદ્ધ દંપતીનાં ફરીથી લગ્ન કરાવ્યાં. 90 થી ઉપરની ઉંમરના વડીલોને સ્ટેજ ઉપર બેસાડ્યા અને બાકીનાને ગ્રાઉન્ડમાં એકસાથે બેસાડી 5000 બાળકોએ અને શિક્ષકોએ ફરતું રાઉન્ડ બનાવી રાત્રે બધા વડીલોની આરતી ઉતારી. પછી રાત્રે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરી. આટલા મોટા કાર્યક્રમમાં કોઈ જ અવ્યવસ્થા ના થઇ.

ખાસ વાત તો એ કે આ કામની નોંધ બંને વખત 'લિમ્કા બૂક ઑફ વર્લ્ડ રેકૉર્ડે' લીધી.

આ બધું પ્લાનિંગ અને અમલની જવાબદારી આખા સવાણી પરિવારે વલ્લભભાઈના નેતૃત્વમાં સંભાળી. ધન્ય છે સાત ચોપડી ભણેલા વલ્લભભાઈને કે જેમણે કોઈ MBA થયેલા મૅનેજરથી વધુ સારું મૅનેજમેન્ટ કર્યું.

# 13

# પ્રેમલક્ષ્મી મંદિર

બે વખત વડીલ વંદના કાર્યક્રમ સફળતાપૂર્વક પર પાડીને શ્રી વલ્લભભાઈને વિચાર આવ્યો કે આપણે વડીલોની સેવા નિયમિત કરીએ તો કેવું સારું. કારણ કે વરાછામાં રહેતા મોટા ભાગના રત્નકલાકારો આખો દિવસ કામ પર જાય. એક રૂમના ઘરમાં રહેતા હોય. તેમાં જો લગ્ન થયેલા હોય તો તેની પત્ની માતા-પિતા સાથે એક રૂમમાં જ રહે. આ લોકો ગામડાના એટલે દીકરાની વહુ સાથે સસરા વાત ના કરે. કદાચ વહુ તેની લાજ પણ કાઢતી હોય. આવા સમયે આખો દિવસ નિવૃત્ત વડીલને ક્યાં અને કેમ પસાર કરવો તે પ્રશ્ન મુંઝવતો હોય.

જેના કારણે આ વડીલોને આખો દિવસ ઘરની બહાર ઓટલે પસાર કરવો પડે. આ વડીલો કોઈના ઓટલે બેસીને સાંજ પડવાની રાહ જોતા હોય. કારણ કે દીકરો ઘરે આવે પછી જ તેઓ પોતાના ઘેર આવી શકે. આ વિચાર તેમના કુટુંબમાં દરેકે વધાવી લીધો અને 18 ઑક્ટોબર 2014માં શરૂ થયું પ્રેમલક્ષ્મી મંદિર. મહેશભાઈના દાદાનું નામ પ્રેમજીભાઈ અને દાદીનું નામ લક્ષ્મીબેન. તેમની યાદમાં બન્યું 'પ્રેમલક્ષ્મી મંદિર'.

આ મંદિર માટે જગ્યા પી. પી. સવાણી શાળાના અબ્રામા કૅમ્પસમાં નક્કી થઈ જ્યાં વલ્લભભાઈ પોતે રહે છે. આની જવાબદારી એમની જ શાળાના 62 વર્ષના રિટાયર્ડ પ્રિન્સિપાલ પ્રતાપભાઈ ત્રિવેદીને સોંપવામાં આવી, જેઓ તેમની પત્ની સાથે ત્યાં જ રહે છે. આને મંદિર એટલા માટે નામ આપ્યું કારણ કે જૂની વિચારસરણીના દાદા-દાદીઓ શાળામાં જવામાં સંકોચ અનુભવે, પણ મંદિરમાં ખુશીખુશીથી જાય.

રોજ સ્કૂલની બસો બધાને લેવા-મૂકવા જાય. કોઈ ફોર્મ નહિ ભરવાનું, કોઈ ફી નહિ આપવાની, ફક્ત નામ નોંધાવવાનું. શરૂઆતમાં 250 દાદા-દાદીઓથી શરૂ થયેલ આ સંસ્થામાં હવે 500થી વધુ દાદા-દાદીઓ લાભ લે છે. ઘણીવાર તો ઘરના વડીલ મેહમાનને પણ સાથે લાવે છે. કોઈ જ પબ્લિસિટી વગર અહી સંખ્યા વધતી જાય છે.

અહીં આખા દિવસમાં તેમની તબિયતને માફક આવે તેમ ચા-નાસ્તો આપવામાં આવે છે. સવારથી સાંજ સુધી અહીં તેઓને વ્યસ્ત રાખવામાં આવે છે. રમત રમાડે, યોગા કરાવે, ટીવી ઉપર ધાર્મિક સીરિઅલો દેખાડે, ધાર્મિક ગ્રંથો વાંચે, સત્સંગ થાય, ભજન થાય, સુરતમાં ક્યાંય કથા ચાલતી હોય તો ત્યાં લઈ જવાય, દૂરની જાત્રામાં લઈ જવાય, વાર્તા કહેતા શીખવે જેથી તેઓ ઘરે જઈને તમના પૌત્ર-પૌત્રીઓને વાર્તા કહી શકે. ત્યાંની લાઈબ્રેરીમાં જઈ પુસ્તકો વાંચી શકે. અઠવાડિયામાં એક વખત કોઈ બહારના વક્તાને બોલાવી પ્રવચન કે ટ્રેનિંગ હોય.

આમ તેમનો સર્વાંગી વિકાસ થાય અને સરસ રીતે ઘડપણનો સમય પસાર થાય તે હેતુથી પ્રેમલક્ષ્મી મંદિર બનાવવામાં આવ્યું છે.

**આ મંદિર આપણાં સમાજને એક મોટી પ્રેરણા આપે છે કે જો દરેક ગામના દાતાઓ ગામેગામ આવાં મંદિરો બનાવે તો આપણા સમાજને વૃદ્ધાશ્રમોની જરૂર જ ના રહે.**

# 14

## દેહદાન

મહેશભાઈના પ્રેમજીદાદા ભલે અભણ ખેડૂત હતા પણ સામાજિક જીવનમાં આધુનિક અભિગમ ધરાવતા હતા. તેમણે આજથી 20 વર્ષ પહેલાં ‘જીવતું જગતિયું’ કરવાનું નક્કી કર્યું હતું જ્યારે તેમની ઉંમર 72 વર્ષની હતી.

એ વખતે તેમણે પાલિતાણા તાલુકાનું રાણપરડા ગામ કે જે તેમનું વતન હતું અને ધંધુકા તાલુકાનું ગુંદા ગામ કે જ્યાં તેમણે સાતી તરીકે કામ કર્યું હતું, એ બંને જગ્યાએ મોટો ઉત્સવ કરેલો. ડાયરો રાખેલો અને ગામ આખાનું જમણવાર કરેલું.

તેમનાં સંતાનોને જે કંઈ આપવું હતું તે તેમની હાજરીમાં જ વહેંચી દીધું હતું અને જાહેર કર્યું કે હવે મારી પાછળ એક પણ રૂપિયો ખરચતા નહિ અને મારા મૃત્યુ પછી મારું આ શરીર મેડિકલ કૉલેજને દાનમાં આપી દેજો. જેથી નવા ડૉક્ટરો તેનાથી કંઈક શીખે.

2010માં તેમના માવજીકાકાને વિચાર આવ્યો કે આપણા કુટુંબના બધા દેહદાન કરીએ તો ? આ વિચાર બધાએ વધાવી લીધો અને સાથે

સાથે મહેશભાઈએ સૂચન કર્યું કે ફક્ત પરિવાર જ શું કામ? આખા સમાજને સમજાવી અને વધુ લોકો પાસે આ કામ કરાવવું.

આ વિચાર પણ બધાએ વધાવી લીધો અને દેહદાન નામનો એક મોટો જાહેર કાર્યક્રમ રાણપરડા ગામે કરવાનું નક્કી કર્યું. શ્રી વલ્લભભાઈ અને શ્રી માવજીકાકા રાણપરડામાં ગયા અને ત્યાં 15 દિવસ રોકાઈ અને આખા સમાજને દેહદાનનું મહત્ત્વ સમજાવ્યું. જેના પરિણામ રૂપે 250 લોકોએ પોતાનું દેહદાન કરવાની ઈચ્છા દર્શાવી.

13 નવેમ્બર 2010ના રોજ ભવ્ય આયોજન થયું અને 15,000 લોકોની હાજરીમાં 250 લોકોએ દેહદાન કર્યું. જે આખી દુનિયાનો રેકૉર્ડ બની ગયો. આની નોંધ લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે લીધી.

આમાંના 40 વડીલો આજ સુધીમાં સ્વર્ગવાસી થઈ ચૂક્યા છે અને તેમનું દેહદાન થઈ ચૂક્યું છે.

# 15

## વયોત્સવ

મહેશભાઈ બેલ્જિયમથી સુરત આવ્યા પછી તેમના ગ્રૂપમાં ઘણા લોકોની બર્થ ડે પાર્ટીમાં જવાનું થતું. એથી મહેશભાઈને વિચાર આવ્યો કે મારા બાપુજીએ બાસંઠ વર્ષમાં ક્યારેય પોતાની બર્થ ડે ઉજવી નથી તો ચાલો એક વર્ષ ઉજવીએ. પણ તેમના બાપુજીએ તો આવા ખોટા ખર્ચ ના કરીને સાદું જીવન જીવવાનું નક્કી કરેલું છે. જેથી તેઓ માનસે નહિ તેની ઘરમાં બધાને સો ટકા ખાતરી હતી એટલે સમાજસેવાના ભાગરૂપે મનાવવાનું નક્કી કર્યું અને વલ્લભભાઈને એ માટે મનાવી લીધા.

પણ સમાજસેવા શું થઈ શકે તેનો આઈડિયા મહેશભાઈની સ્મૃતિમાં તૈયાર જ હતો. શું હતો એ આઈડિયા? ચાલો મહેશભાઈ પાસેથી જાણીએ.

“થોડાં વર્ષો પહેલાં મારા પિતાએ મને સુરતની રેડિયન્ટ સ્કૂલ ચલાવવાની જવાબદારી સોંપેલી. હું એક વખત એ સ્કૂલની ઑફિસમાં બેઠો હતો ત્યારે એક મધ્યમ વર્ગનું દંપતિ તેમની દીકરીને લઈને આવ્યું. અમારી એ સ્કૂલ મોંઘી છે એટલે મેં તે બન્નેને પૂછ્યું કે તમે મધ્યમ વર્ગના લાગો છો તો શું તમને અમારી શાળાનો ખર્ચ પોસાશે? તો તેમણે કહ્યું કે અમે બીજા ખર્ચમાં

કાપ મૂકીને પણ આવી સરસ શાળામાં અમારી દીકરીને ભણાવવા માંગીએ છીએ. મને તેમની બાળકીના અભ્યાસની તેમની ઇચ્છા જોઈને ખુશી થઈ.”

“પણ બે જ મહિના પછી એ બેન પોતાની નણંદ સાથે શાળામાં આવ્યા અને કહ્યું કે અમારે અમારી દીકરીને આ શાળામાંથી ઉઠાડી લેવી છે. મેં જ્યારે તેમને કારણ પૂછ્યું ત્યારે ખબર પડી કે તેના પતિનું અકસ્માતમાં મૃત્યુ થયું છે અને હવે તેના માટે આટલો ખર્ચ અભ્યાસ પાછળ કરી શકે તેમ નથી. એ સાંભળી મારું દિલ ભરાઈ આવ્યું અને તરત એ બેનને મેં કહ્યું કે બેન આ દીકરીને ભણાવવાની જવાબદારી આજથી મારી છે તમે ચિંતા છોડી દો. તમારે તેને શાળામાંથી ઉઠાડવાની જરૂર નથી અને સ્કૂલની ફી પણ ભરવાની નથી. મારી આ વાત સાંભળીને એ બેન પણ ગળગળા થઈ ગયા.”

“આ અનુભવથી હું વિચારવા લાગ્યો કે જેના પિતા નથી તેવા બાળકોનું શું થતું હશે? યોગ્ય લાયકાત હોવા છતાં તેજસ્વી અનાથ બાળકને અભ્યાસથી વંચિત રહેવું પડતું હશે? ત્યારે મારા મનમાં થયું કે મારે આ દિશામાં કામ કરવું જોઈએ અને મને મારા બાપુજીનો જન્મદિવસ ઊજવવાનું કારણ મળી ગયું.”

“અમે બાપુજીનો બર્થ ડે 23 માર્ચ 2011ના રોજ મોટે પાયે ધામધૂમથી નવા વિચાર સાથે ઊજવવાનું નક્કી કર્યું. અમે શું નવો આઈડિયા લાવ્યા? સુરત શહેરમાં કોઈ પણ ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરતા પિતાવિહોણાં બાળકોની એ દિવસ પછીથી તેઓ 10 ધોરણ પાસ કરે ત્યાં સુધી તેમની ફી ભરવાનું નક્કી કર્યું. આવા સુરતની 315 શાળાનાં 3,274 બાળકો અમારી સિસ્ટમથી શોધી કાઢ્યાં. તે બધાંને બાપુજીના બર્થ ડેમાં નિમંત્રણ આપ્યું. જેમાં ‘તારક મેહતાના ઉલ્ટા ચશ્માં’ની આખી ટીમને પણ હાજર રાખી.”

''એમાંથી પણ જે બાળકનો જન્મદિવસ બાપુજીના જન્મદિવસની તારીખે (23 માર્ચના) આવતો હોય તેવાં 62 બાળકો શોધ્યાં અને એ 62 અનાથ બાળકોનો જન્મદિવસ અમે બાપુજીની હાજરીમાં ધામધૂમથી ઉજવ્યો. જેનું નામ આપ્યું વયોત્સવ-લાગણીનો સ્પર્શ, વયનો ઉત્સવ. એ દિવસે એટલી મોટી કેક બનાવડાવી હતી કે જો ગિનિસ બુકવાળાને જાણ કરી હોત તો ચોક્કસ રેકૉર્ડની નોંધ લેત. આમાં સુરત સમાજના આગેવાનો પણ હાજર રહ્યા."

''આ દિવસ પછી સવાણી પરિવાર તરફથી આવા અનાથ બાળકોની શાળાની ફી ભરવાનું ચાલુ થયું. જે 3274 વિદ્યાર્થીથી શરૂ થઈને આજે આ આંકડો 6,000 પર છે. આ માટે કોઈ બાળકે કે તેમનાં મમ્મીએ સવાણી પરિવારને અરજી નથી કરવાની હોતી. ફક્ત પિતાના મરણનો દાખલો, ઍડ્રેસ પ્રૂફ અને બાળકના તથા મમ્મીના ફોટા તેમની જ શાળામાં આપી દેવાના. બાળકે શાળા બદલવાની જરૂર નથી. તેમની શાળામાં જ અભ્યાસ ચાલુ રાખવાનો. અનાથ બાળકોનું દરેક સ્કૂલનું લિસ્ટ અને રકમ સવાણી પરિવારને મળે એટલે વરસમાં બે વખત શાળાને ચેક મળી જાય.

''આ અભિયાન ચાલુ કર્યા પછી લોકોના ધ્યાનમાં આવ્યું કે બાળકની ફી અમે ધોરણ 10માં સુધી ભરીએ છીએ એટલે દીકરીને ફક્ત 10 ધોરણ સુધી ભણાવે, પછી પૈસાના અભાવે દીકરીને ઉઠાડી લે અને દીકરાને ગ્રૅજ્યુએટ સુધી ભણાવે. એટલે અમે એમ નક્કી કર્યું કે દીકરાની ફી 10 ધોરણ સુધી અને દીકરીની ફી ગ્રૅજ્યુએટ થાય ત્યાં સુધી આપવી, જેથી દીકરીઓ પણ વધુ ભણે. આ સિલસિલો ચાલુ જ છે અને વિદ્યાર્થીઓનું લિસ્ટ વધતું જ ચાલ્યું છે.''

''આમાંથી પ્રેરણા લઈને હવેથી ઘણી શાળાઓએ અનાથ બાળકોની ફી માફ કરવાનું શરૂ કરી દીધું છે. ઘણી સ્કૂલો પિકનિકમાં પણ બાળકને ફ્રીમાં લઈ જાય છે.''

જે મસ્તી આંખોમાં છે તે સુરાલયમાં નથી હોતી,
અમીરી કોઈ દિલની મહાલયમાં નથી હોતી.

શીતલતા પામવા દોટ કાં મૂકે છે માનવી,
જે માની ગોદમાં છે તે હિમાલયમાં નથી હોતી...

# 16

## જનની

વલ્લભભાઈનો જન્મદિવસ 23 માર્ચ 2011ના રોજ પ્રેરણારૂપ ઉજવ્યા પછી મહેશભાઈને તેમની બા શ્રીમતી અંજવાળીબેનનો જન્મદિવસ ઊજવવાનો વિચાર આવ્યો. કારણ કે તેમની બાએ પણ 63 વર્ષમાં ક્યારેય પોતાનો જન્મદિવસ નહોતો ઉજવ્યો. તેમની બાનો પણ પ્રેરણારૂપ બને એવો જન્મદિવસ 10 એપ્રિલ 2012ન રોજ ઊજવવાનું સવાણી પરિવારે નક્કી કર્યું, જેનું નામ આપ્યું 'જનની-વાત્સલ્યનો સ્પર્શ.'

એવી 63 બાળકીઓને શોધી કાઢી કે જે અનાથઆશ્રમમાં રહે છે અને તેમને તેમની સાચી જન્મતારીખની ખબર નથી. અંજવાળી બાની ઉપસ્થિતિમાં આવી 63 અનાથ બાળકીઓનો જન્મદિવસ ઉજવવાનું નક્કી કર્યું.

આ દિવસે તેમણે જે અનાથ બાળકોની ફી વયોત્સવ પ્રોગ્રામ પછી ભરવાની ચાલુ કરી હતી, તેમના કુટુંબને અને એવી બીજી વિધવા બહેનોને, નવ વર્ષ માટે વેલીડ, પી. પી. સવાણી હાર્ટ ઍન્ડ મલ્ટિ સ્પેશિયાલિટી હૉસ્પિટલનું મફત સારવારનું કાર્ડ આપવાનું નક્કી કર્યું.

આ ઉત્સવમાં ભાગ લેવા સમાજની અગ્રગણ્ય મહિલાઓને નિમંત્રણ આપવામાં આવ્યું. ફિલ્મ અને ટી.વી. જગતમાં માંનો રોલ કરી ચૂકેલી જાજરમાન અભિનેત્રીઓને પણ આમંત્રણ આપી બોલાવી.

જેમાં પદ્મિની કોલ્હાપુરી, રતી અગ્નિહોત્રી, અપરા મેહતા, સુધા ચંદ્રન વગેરે હતી. આખું સ્ટેજ ફક્ત મહિલાઓથી જ ભરેલું હતું. બધા પુરુષો સામે ખુરશીમાં બેઠા હતા. 63 અનાથ દીકરીઓને આકાશની પરીની જેમ તૈયાર કરવામાં આવી હતી. તેઓને બધી VIP સ્ત્રીઓની વચ્ચે બેસાડવામાં આવી હતી. વૃંદાવનથી સાધ્વી ઋતુમ્ભરાજી અને લેખિકા કાજલ ઓઝા વૈદે ખાસ હાજરી આપી હતી.

બધાને એક એક ફુગ્ગો આપેલો જે બધાએ કેક કાપ્યા પછી છોડવાનો હતો. એક મોટું બલૂન હતું તેમાં ચાર બાળાઓને હવામાં ઊંચે લઈ જઈ બેટી બચાવોનો સંદેશો બધાને અપાયો હતો. એ સાથે બધી વિધવાઓને હેલ્થ કાર્ડ અપાયા હતા. આ કાર્ડ લઈને એમના કુટુંબની કોઈ પણ વ્યક્તિ પી. પી. સવાણી હૉસ્પિટલમાં જાય એટલે તેને શરદીથી માંડીને હાર્ટસર્જરી સુધીનો બધો જ ઈલાજ મફત થાય. આ કાર્ડ નવ વર્ષ ચાલે. પણ આમાં એક શરત છે કે તેમણે તેમનાં સંતાનોના અભ્યાસ ચાલુ રાખવો પડે. જો બાળકને ભણવામાંથી ઊઠાડી લે તો આ કાર્ડ ઝીરો થઈ જાય. આ શરત મૂકવાનું કારણ એ છે કે દરેકેદરેક બાળક ભણે. એવાં 8000 વિધવા બહેનોને હેલ્થ કાર્ડ અપાયા જેનો મેડિકલ સારવારનો ખર્ચ આશરે મહિને 25 લાખ રૂપિયા આવે છે.

એટલે કે સવાણી પરિવારે આ બે જન્મદિવસના માધ્યમથી વિધવા બહેનોને ભણતર અને સ્વાસ્થ્યની બાબતમાંથી 9 વર્ષ માટે ચિંતામુક્ત કરી દીધી.

એક આઈડિયા જો બદલ દે જિંદગી !

# 17

## વિવાહ પાંચ ફેરાના

જ્યારે મેં સાંભળ્યું કે મહેશભાઈએ બાપ વગરની 1001 દીકરીઓના પાલક પિતા બનવાનો સંકલ્પ કર્યો છે ત્યારે મારા મનમાં સવાલ ઊઠ્યો કે આવડો મોટો સંકલ્પ કરવાની પ્રેરણા તેમને ક્યાંથી અને કેવી રીતે મળી.

ચાલો મહેશભાઈના શબ્દોમાં જ જાણીએ....

“2008માં મારા પિત્રાઈ ભાઈ ઈશ્વરભાઈ સવાણીની બે દીકરીઓનાં લગ્ન લેવાયાં હતાં, બધું બુકિંગ થઈ ગયું હતું, કંકોત્રી છાપી અને અપાઈ ગઈ હતી અને લગ્નના ચાર દિવસ પહેલાં જ તેમનું હાર્ટ ઍટેકથી ઓચિંતું અવસાન થયું. એ સમયે તેમની દીકરીઓનો વલોપાત જોઈને મારું હૃદય કંપી ઊઠ્યું અને મેં ત્યાં જ નક્કી કરીને તેમની દીકરીઓ મીતુલા અને અમૃતાને કહ્યું કે હું તમારું કન્યાદાન કરીશ અને આજથી જ તમે મારી દીકરીઓ છો.

એ બે દીકરીઓનું કન્યાદાન મેં કર્યું. આમ પણ મારે બે દીકરા જ છે, દીકરી નથી. ભગવાને મને કન્યાદાન કરવાનો મોકો આપ્યો. એ દિવસે હું ખૂબ ખુશ હતો.”

“એ પછી મને વિચાર આવ્યો કે બાપ વગરની બીજી દીકરીઓનું શું થતું હશે? તેમની વેદનાનું શું? એ પછી મેં જાહેર કર્યું કે સવાણી પરિવારની, જે પણ બાપ વગરની કન્યા હોય તેનું કન્યાદાન હું, તેના પિતા જો હયાત હોત અને તે કરત એના કરતાં પણ સરસ રીતે કરીશ, જેથી લગ્ન વખતે દીકરીને તેના પિતાની ખોટ ન સાલે. પણ શરત એ કે એ લગ્ન સમૂહ લગ્ન અથવા આર્યસમાજથી હોવાં જોઈએ.’’

‘‘આ ડિકલેર કર્યા પછી ગામેગામથી માંગણીઓ આવવા લાગી અને એક વર્ષમાં જ મેં 36 દીકરીઓનું ગામેગામ જઈ કન્યાદાન કર્યું. પણ એનાથી હું થાકી ગયો, કારણ કે મારે સુરતમાં મારો ધંધો છોડી ભાગદોડ કરવી પડતી.”

“પછી એવું નક્કી કર્યું કે આના કરતાં આ બધી દીકરીઓને સુરત બોલાવીને આપણે જ સમૂહ લગ્ન કરાવીને કન્યાદાન કરવું અને એ પણ ખૂબ ધૂમધામથી. એ પણ ફક્ત સવાણી પરિવારની જ નહિ પણ પટેલ સમાજની કોઈ પણ અનાથ દીકરીનું. આ રીતે અમે પહેલી વાર ફેબ્રુઆરી 2013માં પટેલ પરિવારની 22 અનાથ દીકરીઓના ધામધૂમથી સુરતમાં લગ્ન કરાવ્યા. એ સમૂહ લગ્ન પ્રસંગનું નામ અમે આપ્યું ‘વિવાહ પાંચ ફેરાના’.”

‘‘એમાં ચાર ફેરા વર-વધુએ ફર્યા પછી પાંચમો ફેરો વરનાં માતા-પિતાએ ફરવાનો અને પ્રતિજ્ઞા કરવાની કે આ વહુને અમે દીકરીની જેમ રાખીશું અને એમના ઘેર જે પણ સંતાન થાય (દીકરો કે દીકરી) તેમની સાથે સમાન વ્યવહાર કરીશું તથા સ્ત્રી-ભ્રૂણહત્યા ક્યારેય નહિ કરીએ. દીકરીએ પ્રતિજ્ઞા કરવાની કે હું મારા સાસુ-સસરાને મારા માતા-પિતા સમજીને જ તેમની સાથે વર્તન વ્યવહાર કરીશ.”

# 18

## સંબંધો ભવેભવના

ફેબ્રુઆરી 2013ના વિવાહ પાંચ ફેરાના અનુભવમાંથી પ્રેરણા લઈ એમણે ફક્ત પટેલ જ્ઞાતિના બદલે દર વર્ષે કોઈ પણ સમાજ કે જ્ઞાતિની દીકરીઓના લગ્ન કરાવવાનું નક્કી કર્યું, એ પણ ફક્ત સુરતની જ નહિ પણ આખા ગુજરાત રાજ્યની. અને એવું નક્કી કર્યું કે દર વખતે આ લગ્ન તેમના પોપટદાદા કે જેઓ 17 વર્ષની ઉંમરે ગાડા નીચે કચડાઈને મૃત્યુ પામ્યા હતા તેમની યાદમાં, તેમની પુણ્યતિથિ સમયે નવેમ્બરના અંતમાં કે ડિસેમ્બરની શરૂઆતમાં કરવા. એ પછીનો પ્રોગ્રામ 8 ડિસેમ્બર 2013માં કરવાનું નક્કી થયું. જેનું નામ આપ્યું, ‘સંબંધો ભવેભવના’.

આ લગ્નની ખાસિયત એ હતી કે બીજી જ્ઞાતિ અને ધર્મની સાથે એક મુસ્લિમ દીકરીના નિકાહ પણ તેમાં સામેલ હતા. દરેકને તેમના ગોર મહારાજ લાવવાના અને તેમની વિધિ પ્રમાણે જ કરવાના. જેમ કે હિંદુની જુદી વિધિ હોય, દરબારોની જુદી વિધિ હોય, મારવાડીઓની જુદી વિધિ હોય અને મુસ્લિમની તો વળી બિલકુલ જુદી પડે. આ રીતે કુલ 53 દીકરીઓનાં લગ્ન એક જ જગ્યાએ એક જ પ્રસંગમાં થયા, જેમાં એક નિકાહ પણ હતી.

લગ્ન એટલા ધામધૂમથી ઊજવાયા કે તમે કલ્પના પણ ના કરી શકો. એ પણ લગભગ સાઈઠથી સીત્તેર હજાર લોકોની હાજરીમાં. આ બધો જ ખર્ચ મહેશભાઈ અને રાજેશભાઈએ કોઈની પાસેથી દાન લીધા વગર પોતાના અંગત મૂડીમાંથી કર્યો, લગ્નનું મૅનેજમેન્ટ આખી ટીમે મહેશભાઈની આગેવાની હેઠળ સંભાળી લીધું. બધી દીકરીઓનું કરિયાવર દીકરીની પસંદગી મુજબ કોઈ પણ જાતની બાંધછોડ વગર કર્યું. દરેકને પાંચ તોલાના સોનાના દાગીના પણ આપ્યા અને ઘરવખરીનો ઉચ્ચ કક્ષાનો સામાન.

લગ્ન પહેલાં મહેશભાઈ દરેક દીકરીને અને તેના સાસરાવાળાના ઘરે બેસવા ગયા અને બધાની સાથે ઓળખાણ કરી. દરેક દીકરીને પી. પી. સવાણી હૉસ્પિટલમાં આખી જિંદગી મફત સારવાર મળે તેવું કાર્ડ કરિયાવરમાં જ આપી દીધું જેથી છોકરાવાળા ઉપર દીકરીનો મેડિકલ ખર્ચનો બોજો ન પડે. એ ઉપરાંત 'સુરત ડાયમંડ એસોસિઅશન'ના દવાખાનામાં તેની સુવાવડ ફ્રી થાય તથા બાળકને પાંચ વર્ષનો થાય ત્યાં સુધી મફત સારવાર મળે તેવી વ્યવસ્થા કરી.

જેનું નામ આપ્યું દીકરીનું જિયાણું.

# 19

## લાગણીનું વાવેતર

મહેશભાઈએ 1001 દીકરીઓના બાપ બનવાનું જે મિશન શરૂ કર્યું છે. તેમાં સમાજનો અને પરમાત્માનો સાથ તેમને મળતો ગયો અને 30 નવેમ્બર 2014ના રોજ આયોજન કર્યું એકસાથે સર્વધર્મ અને સર્વજ્ઞાતિની 111 અનાથ દીકરીઓને પરણાવવાનું, જેનું નામ અપાયું 'લાગણીનું વાવેતર'.

આમાં પટેલ સમાજની દીકરીઓ તો હતી જ પણ એ સાથે રાજપૂત સમાજ, કોળી સમાજ, વાલ્મિકી સમાજ અને મુસ્લિમ સમાજ એમ ઘણી બધી પિતાવિહોણી દીકરીઓનાં લગ્ન એકસાથે થયાં. હિંદુ સાથે એક જ સ્થળ પર મુસ્લિમ દીકરીના નિકાહ થાય એવું કદાચ દુનિયામાં પ્રથમવાર બન્યું હશે.

આ પ્રસંગનું આયોજન એકદમ ચોકસાઈપૂર્વક થયેલ અને સાથે સાથે બે વર્લ્ડ રેકૉર્ડ પણ કરવાના હતા. ત્રણ મોટા સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. એક સ્ટેજ હતું દરેક સમાજના આગેવાનોને બેસાડવા, બીજું હતું બધા રાજકારણીઓને બેસાડવા, ત્રીજું સ્ટેજ હતું સત્યાવીશ વર્ષ પહેલાં સુરતના પહેલા સમૂહ લગ્નમાં જેમણે લગ્ન કરેલાં તેવાં દંપતીઓ માટેનું. જેમનાં લગ્ન 30 નવેમ્બર 1987ના રોજ સુરતમાં સમૂહ લગ્નમાં થયેલા

તેવા દંપતિઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. બધા ગ્રૂપ માટે સ્ટેજની એન્ટ્રી જુદી જુદી હતી.

રાજકારણીઓમાં ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન આવવાનાં હતાં પણ અચાનક તેમની તબિયત બગડતા હાજર ના રહી શક્યાં. કર્ણાટક રાજ્યના ગવર્નર શ્રી વજુભાઈ વાળા, શ્રી પુરુષોત્તમ રૂપાલા, ઘણા બધા સંસદસભ્યો અને ધારાસભ્યો હાજર હતા. એ ઉપરાંત ગુજરાત સરકારના સંનદી અધિકારીઓ તેમના કુટુંબ સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વિખ્યાત લેખિકા કાજલ ઓઝા વૈધ, કટાર લેખક શ્રી જય વસાવડા, પૂજ્ય દીદીમા ઋતુમ્ભરાજી એમ અસંખ્ય નામાંકિત લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આમાં એકસાથે 108 મંડપ તૈયાર થયા હતા. બે દીકરીઓને તો ફક્ત ફૂલહારથી જ લગ્ન કરવાં હતાં. તેના માટે એક મોટો ઢોલ બનાવડાવ્યો હતો અને તે ઢોલ ઉપર બંને યુગલોને ઊભા રાખી હવામાં 40 ફૂટ ઊંચા કરી ફૂલહારથી લગ્ન કરાવ્યાં હતાં, જેના સમાચાર ફોટા સાથે અમેરિકા, રશિયા સહિત દુનિયાના મોટા ભાગના પેપરોમાં છપાયા હતા.

જે અનાથ દીકરીઓને એમ થતું હતું કે મારા લગ્નમાં તો વળી કોણ આવે એ દીકરીઓનાં લગ્નમાં ગવર્નરથી માંડીને સામાન્ય માણસ સુધી 1 લાખ લોકો આવેલા. મહેશભાઈ જ આવો ચમત્કાર કરી શકે.

દરેક દીકરીને તેની પસંદનાં 11 જોડી કપડાં, પાંચ તોલા સુધીનાં તેમની પસંદગીના ઘરેણાં, પાંચ ઈલેક્ટ્રિક/ઈલેક્ટ્રૉનિક વસ્તુઓ, ગાદલું-ઓસિકું, બેડ કવર, એમ બધું મહેશભાઈ દરેક દીકરીને કરિયાવરમાં આપે. સાથે સાથે આજીવન મફત સારવાર, મફત સુવાવડ, બાળકને પાંચ વર્ષ સુધી મફત સારવાર મળે એવું કાર્ડ તો વધારામાં.

આ લગ્નમાં કઈ દીકરીને સામેલ કરવી તેના માપતોલ પણ મહેશભાઈએ નક્કી કર્યા છે, જે નીચે મુજબ છે :

1. જે દીકરીનાં માતા-પિતા કે ભાઈ ના હોય તેને પ્રથમ તક.
2. જે દીકરીને પિતા ના હોય અને ભાઈ નાનો હોય તેને બીજી તક.
3. જે દીકરીને પિતા ના હોય અને 3 બહેનો હોય તેને ત્રીજી તક.

આ રીતે કૅટેગરી પ્રમાણે દીકરીઓની પસંદગી કરવાની હોય છે.

આ લગ્ન સાદાઈથી નહિ પણ ખૂબ ધામધૂમથી વિધિપૂર્વક હોય છે. જેમાં સંગીતસંધ્યા હોય, મહેંદી રસમ હોય, ગણેશ સ્થાપન હોય, માળારોપણ હોય, બ્યુટી પાર્લરમાં દીકરીઓને તૈયાર થવાનું હોય, ધાર્મિક વિધિ હોય એમ બધું જ. બધા મેહમાનોને ત્રણ ટાઈમ જમવાનું હોય.

આમાં ખાસ વાત એ કે દીદીમાએ દરેક દીકરીના સાસુ-સસરાને પાંચમો ફેરો કરાવીને પ્રતિજ્ઞા લેવડાવી અને પોતાની પુત્રવધુની આરતી ઉતરાવડાવી. જ્યારે હસ્તમેળાપ થયા ત્યારે બે હેલિકોપ્ટરથી બધા દંપતીઓ ઉપર ફૂલવર્ષા કરાવડાવી. 50 અનાથ દીકરીઓની આરતી એકસાથે 400 જેટલા VIPઓએ કરી અને ‘બેટી બચાવો’નો સંદેશો સમાજને આપ્યો.

આ સાથે મહેશભાઈએ બે વર્લ્ડ રેકૉર્ડ કર્યા. એક તો, એકસાથે એક જગ્યા પર 525 છોકરીઓના હાથમાં મહેંદી મૂકવાનો અને બીજો એકસાથે 511 લોકોએ એક જ જગ્યાની સફાઈ કરી. આ બંને રેકૉર્ડ ગિનિસ બુકમાં છે. આ લગ્ન પી. પી. સવાણી સ્કૂલના અબ્રામા કૅમ્પસ ખાતે થયાં હતાં.

મને એ વાતનો અફસોસ છે કે એ લગ્નમાં હું હાજર રહી શક્યો નહોતો કારણ કે એ જ સમયે મારો બેંગ્લોરમાં વર્કશોપ ચાલુ હતો.

ધન્ય છે મહેશભાઈને.

થોડી થોડી વારે ગળે મળી રડતાં હતાં, બન્ને મા-દીકરી,
રડવું હતું મારે પણ, પણ હું તો પુરુષ હતો.

આજે દીકરી મારી જાતી હતી સાસરે પાછી,
આંખ ભરાઈ આવતી હતી મારી પણ, હું તો પુરુષ હતો.

પસીના લૂછવાનું બહાનું કરીને,
લૂછી નાખતો હતો હું આંખ મારી,
કારણ કે હું તો ભાઈ પુરુષ હતો.

જતા પહેલા મારી દીકરી બેઠી મારી બાજુમાં,
હાથ રાખ્યો મારા ખભાપર અને જોયું મને મન ભરીને
ભેટી પડ્યા અમે આખરે રડતાં રડતાં....

હું રડ્યો ધ્રૂસકે ધ્રૂસકે કારણ હું એક પિતા પણ હતો.

# 20

## સંવેદના – એક દીકરીની

આ પુસ્તકનું જે પ્રસંગમાં વિમોચન થવાનું છે તે હવે પછીના સમૂહ લગ્નનો પ્રસંગ છે. જેનું નામ આપ્યું છે, 'સંવેદના – એક દીકરીની.' આ વખતે 151 દીકરીઓનાં લગ્ન થવાનાં છે અને દરેક વખતની જેમ જ પી. પી. સવાણી સ્કૂલના (અબ્રામા) વિશાળ કૅમ્પસ પર તારીખ 6 ડિસેમ્બર 2015ના રોજ થશે. એટલે કે અત્યાર સુધીનું સૌથી મોટું અને ભવ્ય આયોજન હશે. 1 લાખથી વધુ મહેમાનો હાજરી આપશે. પ્રસંગને સફળ બનાવવાની તૈયારી એક વર્ષથી ચાલુ છે.

આ વખતે VIPની સંખ્યા વધુ રહેશે. રાજકારણીઓ માટે અને IAS તથા IPS ઑફિસરો માટે અલગ અલગ સ્ટેજ બનાવ્યા છે. એક જુદું સ્ટેજ જુદા જુદા સમાજના આગેવાનો માટે છે. દરેક વખતની જેમ મહેંદીથી માંડી જાનવિદાય સુધીની બધી જ વિધિઓ થશે. પહેલાં 3 નિકાહ થશે. હસ્તમેળાપ વખતે હેલિકોપ્ટરમાંથી ફૂલવર્ષા થશે.

ખાસ નવું તો એ છે કે આ વખતે નવી ટેક્નોલૉજીથી એક ખાસ પ્રકારનું મોટું નાળીએર બનાવડાવ્યું છે, જે ફૂટશે અને તેમાંથી 4 દીકરીઓ નીકળશે. બીજું નવું એ છે કે લગ્ન કરવાવાળા બધા જ ગોરમહારાજો

પાસે દાદીમા પ્રતિજ્ઞા લેવડાવશે કે, ‘હવે પછી હું જ્યાં પણ લગ્નવિધિ કરીશ તેમાં પાંચમો ફેરો વરના માતા-પિતાને ફેરાવડાવીશ અને પ્રતિજ્ઞા કરાવડાવીશ કે અમે વહુને દીકરીની જેમ રાખીશું અને ભ્રૂણહત્યા નહિ કરીએ’.

આ વખતે 7 દંપતીને 12 દિવસ માટે મહેશભાઈ ‘મનાલી’ હનીમૂન પોતાના ખર્ચે મોકલવાના છે. સવાણી પરિવારનો ત્યાં 9 બેડરૂમનો બંગલો છે તેમાં આ 7 દંપતીઓ મહેમાનગતિ માણશે. કયા 7 દંપતી જશે તે નક્કી કરવા લકી ડ્રૉ મહેમાનોના હાથે થશે.

આ પ્રસંગે પહેલાની જેમ જ શ્રીમતી કાજલ ઓઝા વૈદ્ય, શ્રી જય વસાવડા, પૂજ્ય દાદીમાં હાજર હશે. હું પણ હાજર રહેવાનો હતો પણ મારો દુબઈનો કાર્યક્રમ આ તારીખનો છ મહિના પહેલા જ ફીકસ થયેલો હોવાથી હું હાજર નહિ રહી શકું.

મને એવું લાગે છે કે મારા એવા પુણ્યકર્મો હજુ ભેગા નથી થયા કે હું મહેશભાઈના આવા સરસ મજાના સેવાના કામમાં હાજરી આપી શકું.

# 21

# દીકરીઓને દત્તક લેવાનું અનોખું મિશન

'દીકરીને ગાય દોરે ત્યાં જાય', એ કહેવત વર્ષો જૂની છે. તેમ છતાં આજે કેટલાય માતા-પિતાને દીકરી બોજ લાગે છે. દીકરી ઘરે આવે એટલે લક્ષ્મીનો વાસ થાય, દીકરીથી ઘર હરુભર્યું લાગે, દીકરી એટલે વ્હાલનો દરિયો જેવાં વાક્યો માત્ર પુસ્તકના પાના જ શોભાવી રહ્યા છે નહીં કે સમાજને.

આજે બધી રીતે યોગ્ય દીકરીઓ જ્યારે બોજ લાગે ત્યારે ખોડખાંપણવાળી દીકરીઓને તો કોણ અપનાવે. ત્યારે ઈશ્વરસ્વરૂપ કહેવાતા મહેશભાઈ સવાણીએ વિકલાંગ, બીમાર અને બેસહારા એવી 400 દીકરીઓને દત્તક લીધી છે. તેમની આ સાંકળ અહીંથી જ અટકતી નથી. પરંતુ દત્તક દીકરીઓ પણ બાળકોને દત્તક લઈને આ પરંપરા આગળ ધપાવી રહી છે. આમ દત્તક લીધેલી દરેક દીકરીની કહાણીમાં કરુણતા છે. પરંતુ તેમના જીવનમાં હવે ખુશીઓની બહાર ખીલી છે.

એવું નથી કે માત્ર નવજાત શિશુના જ પાલકપિતા બની શકાય. પુખ્ત વયની દીકરીને પણ મા-બાપની છત્રછાયા આપી શકાય. મહેશભાઈ

સવાણીને આજે 400 જેટલી દીકરીઓ પપ્પા કહીને બોલાવે છે. તેમાંયે સૌથી સારી વાત તો એ છે કે તે દીકરીઓ પણ બાળકને દત્તક લેવા પ્રેરાય છે.

આવી જ કેટલીક દીકરીઓની લાગણીને અહીં વાચા આપવામાં આવી છે.

## દત્તક લેવાની પરંપરા આગળ વધાવીશ : વર્ષા કેતનકુમાર કાછડીયા

*''હું મહેશ પપ્પાના સંપર્કમાં આવી ત્યારે બહુ જ કપરા સમયમાંથી પસાર થઈ રહી હતી. મારા પપ્પાને હાર્ટ ઍટેક આવ્યો હતો અને અમારી આર્થિક પરિસ્થિતિ બહુ જ ખરાબ હતી. ત્યારે મહેશ પપ્પાના 'કેમ છો દીકરા' કરીને મેસેજ આવતા. પરંતુ મારી મૂંઝવણ તેમને કહી નહોતી શકતી. એક દિવસ ફોન આવ્યો એટલે મેં મારા પપ્પાની હાલત કહી. તેમણે મને પી. પી. સવાણી હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાં દાખલ કરવાની સલાહ આપી. પરંતુ એમ કરું તે પહેલાં જ મારા પપ્પાનો સ્વર્ગવાસ થઈ ગયો. હું બહુ જ રડી હતી.''*

*''બે વર્ષ પહેલાંની વાત કરું તો ત્યારે મને પપ્પા વગરની દુનિયા અંધકારમય લાગતી હતી. મારી એવી પરિસ્થિતિ હતી કે હું જીવન ટૂંકાવી નાખવાના વિચાર પણ કરતી હતી. પરંતુ જ્યારે મને મહેશ પપ્પા મળ્યા ત્યારે મુશ્કેલીનો બધો જ સમય પસાર થઈ ગયો. આટલી મોટી દીકરીને અપનાવી, જ્યારે તેને ખરેખર પપ્પાની જરૂર હતી. અમારી પરિસ્થિતિ બહુ જ સારી થઈ.''*

*''મારાં લગ્ન થઈ ગયાં અને એક વાર મેં પપ્પાને પૂછ્યું કે, 'મારે તમારા જેવું જ કંઈક કામ કરવું છે બોલો શું કરું ?' ત્યારે મને મહેશ પપ્પાએ એક બાળકને દત્તક લેવાનું સૂચવ્યું. મહેશ પપ્પાએ તો 1001 દીકરીઓને દત્તક લેવાનું પ્રણ લીધું છે તો આપણે એકને તો દત્તક લઈ જ શકીએ ને? મારા દીકરાનું નામ વ્રજ છે. અત્યારે*

*હું ગૃહિણી છું અને ઘરે જ નાનું-મોટું કામ કરીને આવક મેળવું છું. મારા પતિ ઑફિસમાં જાય છે. હું મારા દીકરાને પણ બાળક દત્તક લેવાની સલાહ આપીશ.''*

## મને કોણ દત્તક લે પણ... અમિતા વાઘાણી

*''મેં જીવનમાં ઘણા ઉતાર- ચડાવ જોયા છે. છોકરો વ્યવસ્થિત નહોતો એટલે મેં તેનાથી છૂટાછેડા લીધા. એમાંયે મને તો ભગવાને પહેલેથી જ ખોડખાંપણ આપી હતી. તેમાં છૂટાછેડા પછી જીવન વધારે ડંખતું હતું. મારા પિતાનું અવસાન વર્ષ 2003માં થયું હતું. મેં પી.ટી.સી. કર્યું હતું એટલે સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરું છું. વિદ્યાર્થીઓને ઘરે ટ્યુશન કરાવું છું. મારો એક વિદ્યાર્થી પી. પી. સવાણી સ્કૂલમાં ભણે છે. તેના દ્વારા મને મહેશ પપ્પા વિશે જાણ થઈ.''*

*''મેં ફેસબુક મારફતે તેમનો સંપર્ક કર્યો. મેં તેમને પૂછ્યું કે, ''મને તમે દીકરી બનાવશો ?'' ત્યારથી અમે સંપર્કમાં આવ્યા. ત્યારથી મને કોઈ જ તકલીફ નથી. મારા જેવી દીકરીને દત્તક*

---

મહેશભાઈએ અત્યાર સુધીમાં 400 દીકરીઓને દત્તક લીધી છે અને તેઓને પડેલી પિતાની ખોટને પૂરવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે અને તેમાં સફળતા પણ મેળવી છે. આ પૈકીની કેટલીક દીકરીઓ અહીં તેઓના જીવનની હૃદયસ્પર્શી વાત કરે છે.

---

*લેવા મહેશ પપ્પા સિવાય કોઈ જ તૈયાર ન થાય. અમારા માટે તો એ ભગવાનના દૂત છે. મારે મારી મમ્મીને યાત્રા કરાવવાનું સપનું હતું. તે પણ મહેશ પપ્પાએ પૂરું કર્યું. મારી મમ્મી તો મહેશ પપ્પાનો આભાર માનતા થાકતી નથી.''*

## મારી બધી જ ચિંતા દૂર કરી : શીતલ પરેશકુમાર ગોયાણી

*"હું આઠ મહિનાની હતી ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું. મને પોતાને ખબર નહોતી કે હું કોણ છું, તો પછી પિતાનો સંબંધ શું એની તો વાત જ ક્યાં આવે? મમ્મી એકલી અમને ભાઈ-બહેનોને સંભાળતી હતી."*

*"અમે ત્રણ બહેનો અને એક ભાઈ હતા. હું સૌથી નાની હતી. અમારી પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. અમારા ઉછેર અને ભણતર માટે વલ્લભભાઈ સવાણી મદદ કરતા હતા."*

*"હું બારમાં ધોરણમાં હતી ત્યારે જ મારા એકના એક ભાઈનું અવસાન થયું. ભાઈ અમને અને તેના નાના દીકરાને છોડીને અનંત યાત્રા પર નીકળી ગયો હતો. મારી મમ્મી પર તો જાણે બે આભ તૂટી પડ્યા. મોટી બહેનનાં તો લગ્ન થઈ ગયાં હતાં. તે સમયે અમે સારાં કપડાં પહેરીને બહાર પણ નહોતાં જઈ શકતાં."*

*"નોકરી વિષયક કોઈ વાત હોય ત્યારે અમને પરિવાર વિશે પૂછવામાં આવતું. ત્યારે હું બહુ જ ખચકાટ અનુભવતી. કારણ કે પુરુષ વગરના ઘરની દીકરીને કાંતો લાચારીની, કાંતો શંકાની નજરે જોવામાં આવતી. પરંતુ અમારા જીવનમાં મહેશ પપ્પાના આવ્યા પછી નવો વળાંક આવ્યો. મારી બધી જ ચિંતા દૂર થઈ ગઈ. મારા લગ્ન વખતે કરિયાવરની દરેક વસ્તુઓનું ધ્યાન રાખ્યું હતું."*

*"લગભગ મા-બાપ દીકરીની વિદાય કરે એટલે નિશ્ચિંત થઈ જાય. ત્યારબાદ બધી જ જવાબદારી પતિની હોય એમ માનીને તેઓ વધારે કાળજી નથી લેતા. પરંતુ મહેશ પપ્પા લગ્ન પછી પણ મારી કાળજી લે છે. મહેશ પપ્પા આવું કામ કરી શકે કારણ કે એ મહાન વ્યક્તિ છે. હું પણ ચોક્કસથી બાળકને દત્તક લેવાની પરંપરાને જાળવવાની ઈચ્છા રાખું છું. મારા પરિવારની ઈચ્છા મુજબ એક બાળક મારું હોય અને બીજા બાળકને દત્તક લેવાની ઈચ્છા છે."*

## પિતાની છત્રછાયા મળી : હેતલ રાજેશકુમાર કોઠારી

*“હું બોટાદની છું. અત્યારે તો મારા સાસરે સુરત છું. મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ચૌદ વર્ષની હતી. તે દિવસે જયાપાર્વતી વ્રતનું જાગરણ હતું. મારા પપ્પાને વાડીએ હાર્ટ ઍટેક આવ્યો. મારા પરિવારમાં મારી મા અને બે નાના ભાઈઓ છે. અમારા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું.”*

*“મારા પપ્પા હતા ત્યારે હું જે કંઈ માગતી તે મળી જતું હતું, પણ પપ્પાના ગયા પછી અમારા ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી મારા બધા શોખ પૂરા થયા નહીં. મને બધાએ ભણવાની ના પાડી. પરંતુ મારી મમ્મીએ મને પ્રોત્સાહન આપ્યું. એવી રીતે મેં કૉલેજ પૂરી કરી. પણ તેનાથી આગળ હું ભણી શકી નહીં. મારા લગ્ન નક્કી થઈ ગયાં હતાં. લગ્ન ઘરે ગોઠવી શકાય એવી અમારી પરિસ્થિતિ નહોતી.”*

*“ત્યારે મને મહેશ પપ્પા વિશે ખબર પડી કે તેઓ પિતા વિનાની દીકરીને દત્તક લઈને તેમનું કન્યાદાન કરે છે. ત્યારથી મારા જીવનમાં પિતાની છત્રછાયા હજુ સુધી અકબંધ છે. હું મારા મહેશ પપ્પા વિશે કહું એટલું ઓછું છે. આ જિંદગીમાં એ જ વ્યક્તિને દીકરીનો પ્રેમ મળે છે જેણે પૂર્વજન્મમાં ખૂબ સારાં પુણ્યો કર્યાં હોય અને મારા પપ્પા એવા જ છે.”*

## જીવનજરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડી : કામિની શૈલેષકુમાર રાણા

*“જ્યારે મારા મમ્મી નયનાબેનનું અવસાન થયું હતું ત્યારે હું બહુ નાની હતી. તેમાંયે મારું દુઃખ ઓછું હોય તેમ ભગવાને વર્ષ 2009માં મારા પિતાને પણ બોલાવી લીધા. જ્યારે મેં મારા માતા-પિતા બંનેને ગુમાવ્યા ત્યારે હું આઠમા ધોરણમાં ભણતી*

*હતી. હવે મારો ખર્ચ કોણ ઝીરવે એટલે મેં મારું ભણવાનું છોડી દીધું. મેં જરીકામ કરવાનું શરૂ કર્યું. અંધકારમય જીવનનો સમય પૂરો જ નહોતો થતો."*

*"વર્ષ 2013માં હું મહેશ પપ્પાના સંપર્કમાં આવી. મારા જીવનનો અંધકાર અચાનક જ દૂર થઈ ગયો. તેમણે મને જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડી. મારા લગ્નનું સુખ પણ મને મહેશ પપ્પા તરફથી જ મળ્યું છે. તેમણે મારા લગ્નમાં એક દીકરીને જરૂરી હોય તેવી બધી જ જરૂરિયાત પૂરી કરી છે. તેમણે કન્યાદાનમાં સોનાનો સેટ, ચાંદીના પાયલ આપ્યા હતા જે હું મારા આખા જીવનમાં ક્યારેય ખરીદી શકત નહીં."*

*"પપ્પાએ મારું પાલન દીકરી તરીકે કર્યું છે, તેથી હું મારા અંતઃકરણથી તેમને આશિર્વાદ આપું છું. મને બહુ જ સારાં મા-બાપ મળ્યાં છે. અમારાં જેવાં જ મા-બાપ બધાને મળે એવું હું ઈચ્છું છું."*

## જિંદગી બદલાઈ ગઈ : કિરણ દયાળભાઈ ઠાકર

*"હું છ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. ત્યારપછીનું જીવન બહુ જ અંધકારમય હતું. હું સ્કૂલે જતી ત્યારે બધી દીકરીઓને તેના પપ્પા મળવા આવતા. મને એક વાતનું બહુ જ દુઃખ થતું કે મારે એકને જ કેમ પપ્પા નથી ? એક સમયે અમારા ઘરની પરિસ્થિતિ બહુ જ નબળી થઈ ગઈ હતી ત્યારે મને મારા પપ્પાની બહુ જ ખોટ સાલતી હતી.*

*"મારી મોટી બહેનનાં લગ્ન પછી હું બહુ જ એકલતા અનુભવતી હતી. મારી મમ્મીનું મગજ પણ એવું થઈ ગયું કે બધી પરિસ્થિતિની જવાબદારી મારા માથે આવી ગઈ. હું બહુ જ ડરી ગઈ હતી. મને એમ થતું હતું કે મારા લગ્ન કેવી રીતે થશે ? ત્યારે જ ભગવાને મને મહેશ પપ્પાના રૂપમાં પિતાની છત્રછાયા આપી."*

*"તેઓ મારા જીવનમાં આવ્યા ત્યારપછી મને કોઈ જ તકલીફ પડી નથી. હું મહેશ પપ્પાના દરેક પ્રોગ્રામમાં જાઉં છું. મેં મારી જિંદગીમાં આવા પ્રોગ્રામો ક્યારેય જોયા નથી. મારી જિંદગી પણ બદલાઈ ગઈ છે. શનિવારે લગ્ન છે અને હું પણ સારા જીવનની આશા રાખું છું અને બીજાને પણ સારું જીવન આપવાની કોશિશ કરીશ."*

(સુરતથી પ્રકાશિત થતા ગુજરાત ગાર્ડિયન પેપરમાં 29 નવેમ્બર 2014ના રોજ છપાયેલ-જેમનો તેમ જ)

આ સંસારમાં એવું કોઈ નથી
જેને સમસ્યા ન હોય.

અને એવી કોઈ સમસ્યા નથી
કે જેનો કોઈ હલ ન હોય.

# 22

# સમૂહ લગ્ન પછી

મહેશભાઈ ફક્ત દીકરીઓને પરણાવીને છૂટી નથી જતા પણ એ દરેક દીકરીઓ અને જમાઈની સાથે સતત સંપર્કમાં રહે છે. વોટ્સ અપ પર તેમણે બધાના ગ્રૂપ બનાવી દીધા છે. રોજ સવારે બધાને ગુજરાતીમાં પોતાનો બનાવેલો પ્રેરણાદાયી સંદેશો મોકલે. જેનો જન્મદિવસ હોય તેને બર્થ ડે વિશ કરે. દર રવિવારે સવારે ત્રણ કલાક ફક્ત દીકરી-જમાઈને મળવાનો સમય રાખ્યો છે. ત્યારે દીકરી જમાઈ તેમને મળવા આવે, સુખદુઃખની વાતો કરે અને કોઈ મુશ્કેલી હોય તો તેમની સલાહ લે કે મદદ માંગે. મહેશભાઈના દરેક મોટા પ્રસંગમાં આ બધી દીકરીઓ અને જમાઈને નિમંત્રણ હોય.

એ ઉપરાંત, લગ્નના 1 મહિના પછી મિતુલ ફર્મમાં દીકરીઓનો કુટુંબ સાથે 'રોટલા'નો કાર્યક્રમ રાખેલ છે જેમાં નવી પરણેલી બધી દીકરીઓ એકબીજાના સંપર્કમાં આવે છે. બધાં કુટુંબો મળે છે. સાથે જમે છે અને કંઈક નવું શીખે છે. એ માટે કોઈ સારા ટ્રેનરને આમંત્રીને જીવન વિશેનું જ્ઞાન પણ અપાય છે. એ પ્રોગ્રામમાં 30 ડિસેમ્બર 2015ના રોજ, હું 'મનની શક્તિઓ'નો પ્રોગ્રામ આપવાનો છું.

એ સમયે જે લોકોએ સમૂહ લગ્નમાં સેવાઓ આપી હોય તે લોકોનો ‘ઋણ સ્વીકાર’ કાર્યક્રમ હોય છે.

રક્ષાબંધનના દિવસે બધી બહેનો મહેશભાઈ, રાજેશભાઈ તથા રમેશભાઈના દીકરાઓને રાખડી બાંધવા આવે છે. એ દિવસે બધા ભાઈઓના હાથ પોંચાથી ખભ્ભા સુધી રાખડીથી ભરાય જાય છે.

# 23

# જિયાણું

આપણા સમાજમાં એક રિવાજ છે કે દીકરીને ઘેર સુવાવડ આવે એટલે સુવાવડનો ખર્ચ તેના પિયરના લોકો કરે, જેને દીકરીનું જિયાણું કર્યું એમ કહેવાય. જે વિધવા બહેનોની દીકરી મહેશભાઈ સમૂહ લગ્નમાં પરણાવી દે પછી તેની દીકરીને સુવાવડ આવે તો તેનો જે હૉસ્પિટલનો ખર્ચ થાય, જે નોર્મલ ડિલેવરીમાં 20 થી 30 હજાર થાય અને સિઝેરિયન થાય તો ડબલ થઈ જાય. આટલો મોટો ખર્ચ એક સામાન્ય ઘરની વિધવા એકસાથે કેવી રીતે કરી શકે?

આ સમસ્યા મહેશભાઈ પાસે વારેવારે સમૂહ લગ્ન પછી આવતી. ફરી પાછું તેમનું હૃદય દ્રવી ઉઠ્યું. એમણે આ સમસ્યાની ગંભીરતા સમજી અને નવો પ્રોજૅક્ટ શરૂ કર્યો. એ પ્રોજૅક્ટનું નામ 'દીકરીનું જિયાણું.'

દરેક વિધવાએ દરેક જિયાણા માટે મહેશભાઈ પાસે ધક્કા ન ખાવા પડે એટલે તેમણે વરાછામાં ડાયમંડ ઍસોસીએશન દ્વારા સંચાલિત 'રામુબા તેજાણી' હૉસ્પિટલમાં સગવડ ઊભી કરી દીધી. જેમાં કોઈ પણ વિધવાબેન તેની દીકરીની સુવાવડ કરાવવા આવે તેની પાસેથી એક રૂપિયો પણ નહિ લેવાનો અને બિલ મહેશભાઈ સવાણીના નામે ઉધારી દેવાનું.

એ ઉપરાંત તેના બાળકને પાંચ વર્ષ સુધી જે સારવાર અપાય તેનો ખર્ચ પણ મહેશભાઈના ખાતે થઈ જાય. આ પ્રોજૅક્ટમાં લાભ લેતી દીકરીઓએ મહેશભાઈના સમૂહ લગ્નમાં જ લગ્ન કર્યાં હોય એવું જરૂરી નથી. કોઈ પણ વિધવાની દીકરીનું જિયાણું મહેશભાઈના ખર્ચે થાય છે.

દિનેશભાઈ નાવડિયાની રાહબરી હેઠળ ચાલતી એ હૉસ્પિટલ વરાછામાં છે, જે કતાર ગામમાં રહેતી દીકરીઓને દૂર પડતી હતી. તે મહેશભાઈના ધ્યાનમાં આવ્યું. તો તેમણે અમરોલી/કતાર ગામમાં બનેલી ‘જીવન જ્યોત’ હૉસ્પિટલમાં પણ આવી જ વ્યવસ્થા ગોઠવી આપી.

# 24

## જાત્રા

મેં સાંભળ્યું હતું કે મહેશભાઈ બધી બહેનોને જાત્રા પણ કરાવે છે એટલે મેં તેમને પૂછ્યું કે, “તમને આનો વિચાર કેવી રીતે આવ્યો?”

તો મહેશભાઈ કહે, “આ દીકરીઓનાં લગ્ન તો કરાવી દીધા પછી ઘણી દીકરીઓને ઘરમાં નાની-મોટી સમસ્યાઓ આવવા લાગી. દીકરીઓની અછત ને કારણે અમૂક સમાજમાં સામ-સામા લગ્ન થતાં હોય એટલે કે એક દીકરી આપે અને સામે બીજી દીકરી લે. એના કારણે સાસુ-વહુમાં અને બે વેવાણોમાં ખટપટ થવા લાગી અને મારી પાસે ફરિયાદો વધવા લાગી.”

“એમાંથી મને વિચાર આવ્યો કે આ બે વેવાણો જો અમૂક સમય સાથે રહે તો એકબીજાની નજીક આવે અને પ્રેમ વધે. એટલે મેં એ બધી દીકરીઓને મમ્મી અને સાસુને લઈને જાત્રાએ આવવા નિમંત્રણ આપ્યું. જેમાં લગભગ 400 બહેનોનાં નામ લખાયાં. એ લોકોને સ્પેશિયલ બસથી 2013ના શ્રાવણ મહિનામાં લાંબી જાત્રાએ મોકલ્યા. શામળાજી, શ્રીનાથજી, ડાકોર, હરિદ્વાર, ગોકુલ, મથુરા, દિલ્હી વગેરે ગામો ફેરવ્યા. સાથે દરેક બસમાં બે જમાઈઓને વ્યવસ્થા માટે મોકલ્યા. જમવાનો, રહેવાનો,

ફરવાનો બધો જ ખર્ચ મેં ઉપાડ્યો. તેઓએ ફક્ત સંપીને રહેવાનું અને આનંદ કરવાનો.”

“બધાએ ખૂબ આનંદ કર્યો, કારણ કે એમાંની મોટા ભાગની બહેનોએ તો સુરત અને તેનું ગામ સિવાય બીજું કોઈ ગામ જ જોયું નહોતું. હજુ પણ એ લોકો, એ જાત્રાની વાતો વાગોળે છે. મને તો એમ થાય છે કે દર વર્ષે આવી જાત્રા કરાવું પણ હવે દીકરીઓની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે તેનું મૅનેજમેન્ટ કરવું અઘરું થઈ પડે.”

મેં સહજભાવે તેમને પૂછ્યું કે “આ જાત્રાનો ખર્ચ કેટલો થયો ?” તો નિર્દોષભાવે મહેશભાઈ કહે, “પચ્ચીસ લાખનો. પણ એના કારણે ઘણાં ફાયદા થયા છે. જેમ કે બધી દીકરીઓ એકબીજાની નજીક આવી અને જે દીકરીઓના ભાઈ કે બેન કુંવારા હોય તેનું ઠેકાણું મળી ગયું હોય છે.”

# 25

## લગ્ન બાદ પણ પિતા નિવૃત્ત થતા નથી

‘લાગણીના વાવેતર’ પ્રસંગને બહુ જ સમજી વિચારીને નામ અપાયું હોય એવું લાગે છે. આવતી કાલે 30 નવેમ્બરે, 111 દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે ત્યારે અનેક સંબંધોનું લાગણીના બીજરૂપે વાવેતર થશે. આ પ્રસંગે માત્ર યુવક અને યુવતી લગ્નના સંબંધે જ નહીં બંધાય પરંતુ તેની સાથે તેમને નવા બહેન અને બનેવી, માતા-પિતા અને ભાઈ-ભાભીના સંબંધો પણ મળશે. દીકરીની પિતાના ઘરથી વિદાય થાય એટલે પિતાને શાંતિ મળતી હોય છે.

મોટે ભાગે પિતા દીકરીના લગ્ન પછી નિવૃત્ત થઈ જતા હોય છે. પરંતુ દીકરીઓને દત્તક લઈને તેઓને પરણાવવાની જવાબદારી સરસ રીતે નિભાવતા પી. પી. સવાણી ગ્રૂપના મહેશભાઈ સવાણી લગ્ન પછી પણ ક્યારેય નિવૃત્ત થતા નથી. કદાચ એટલે જ મહેશ પપ્પાનું નામ લેતા પણ

---

મહેશભાઈ સવાણી માત્ર એક પાલક પિતા હશે જે દીકરીઓનાં લગ્ન બાદ પણ તેમની સંભાળ રાખે છે અને સમાજ માટે તેઓ એક અનોખું દૃષ્ટાંત પૂરું પાડે છે.

---

દીકરીઓની આંખ પ્રેમનાં આંસુઓથી છલકાય છે. આવી જ દીકરીઓની મુલાકાત લઈને તેમના ભવોભવના સંબંધ વિશે વાત કરી છે.

ચાલો થોડી દીકરીઓની વાત જાણીએ.....

## પિતાની કમી મહેસૂસ નથી થઈ: પૂજા સવાણી

*"મહેશ પપ્પાને કારણે હું લગ્ન પહેલાં પણ ખુશ હતી અને પછી પણ બહુ ખુશ છું. મને અત્યારે દુઃખ એક જ વાતનું છે કે પહેલાંની જેમ પપ્પાને મળી નથી શકતી. મારા અને પપ્પાના સંબંધની શરૂઆત કંઈક જુદી રીતે થઈ હતી."*

*"વર્ષ 2008માં મારા પિતાનું મૃત્યુ થયું. એ વર્ષે મારી બહેનના લગ્ન હતાં ત્યારે મહેશ પપ્પા સાથે મુલાકાત થઈ. તેમણે મને તેમની સ્કૂલમાં નોકરી અપાવી. નોકરીના બીજા કે ત્રીજા દિવસે મેં તેમને પૂછ્યું કે, હું તમને અંકલ કહું કે સર? મેં જ્યારે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે એમની આંખોમાં આંસુ હતાં. તેમણે મારા માથા પર હાથ મૂકીને કહ્યું, 'મને પપ્પા કહેજે દીકા.' બસ ત્યારથી જ મારા જીવનમાં કોઈ તકલીફ નથી રહી."*

*"લગ્ન બાદ મને ક્યારેય પણ પિતાની કમી મહેસૂસ નથી થઈ. દરેક તહેવાર-પ્રસંગે પોતાની ફરજ નિભાવે છે. પપ્પા પાસે બિઝનેસ માટે સમય હોય કે ન હોય પણ દીકરીઓ માટે હંમેશાં સમય હોય છે. મહેશભાઈ દીકરીની આંખમાં તો આંસુ ન જોઈ શકે પરંતુ તેમની મમ્મીની આંખમાં પણ આંસુ ન જોઈ શકે. તમને એક વાતની નવાઈ લાગશે કે જે દીકરીઓના પપ્પા હયાત છે તેમને પણ મહેશ પપ્પાને પપ્પા કહેવાનું મન થાય અને તેમના પ્રેમનો તલસાટ થાય. તેમની જેમ પિતાની ફરજ કોઈ સમજતું જ નથી."*

*"વિદાય વખતે જેવી રીતે પિતા દીકરીને સલાહ આપે એવી જ રીતે તેમણે મને સલાહ આપી હતી કે, તારાં સાસુ-સસરા તારાં*

*મા-બાપ છે, જેમ અમે તને ક્યારેક ખીજવાઈએ તો તું ખોટું નથી માનતી તેમજ એ લોકો કંઈ કહે તો મન પર જરાય ઓછું ન આવવું જોઈએ. એમની એ જ સલાહને કારણે મારું લગ્ન જીવન એકદમ શાંતિથી વીતી રહ્યું છે."*

## જે ખોયું હતું તે પાછું મળ્યું : આશા રોય

*"હું નાનપણથી જ સુરતમાં રહું છું. મૂળ તો અમે દેપલાના વતની છીએ. અમે ચાર બહેન અને એક ભાઈ હતા. હું સાડા ત્રણ વર્ષની હતી ત્યાં મારા પપ્પાનું અવસાન થયું. એ વાતને આજે 23 વર્ષ થઈ ચૂક્યા છે. દુકાળમાં અધિક માસની જેમ મારા એકના એક ભાઈનું અકસ્માતમાં મૃત્યુ થયું. અમારે ઘણી ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું."*

*"લગ્ન સુધી આ પરિસ્થિતિ રહી હતી. પરંતુ લગ્ન સમયે જ મારા જીવનમાં મહેશ પપ્પા આવ્યા. તેમણે લગ્ન પહેલાં અને પછી પણ પિતા તરીકેની દરેક જવાબદારી નિભાવી છે. જોકે મને પપ્પા લગ્ન વખતે જ મળ્યા હતા. ત્યારથી જ મારા નવા જીવનની શરૂઆત થઈ હતી."*

*"મારે કંઈ તકલીફ હોય ત્યારે મહેશ પપ્પાને ફોન કરું અને તેમના તરફથી સૌથી પહેલા શબ્દો નીકળે કે, 'બોલને દીકા'. આટલું સાંભળતા જ શું તકલીફ હોય એ પણ હું ભૂલી જઉં. મને પપ્પા એટલે શું ખબર જ નહોતી. ક્યારેય મેં પપ્પા શબ્દનો ઉપયોગ જ નહોતો કર્યો. પરંતુ જ્યારથી મને પપ્પા મળ્યા ત્યારથી હું 'પપ્પા... પપ્પા...' બોલતા થાકતી નથી. મેં જે ખોયું હતું એ મને પાછું મળી ગયું છે. પપ્પાને મળવાની એક પણ તક હું ચૂકતી નથી. પપ્પા દીકરીઓની સાથે જમાઈને પણ એટલું જ માન આપે. એમની લાગણી જોઈને અમારું દીકરીઓનું મન ભરાઈ જાય છે. મારા*

*સાસુ તો તેમના વેવાઈના (મહેશ પપ્પાના) વખાણ કરતા ન થાકે. એકબીજાને વર્ષોથી ઓળખતા હોઈએ એવું જ લાગે.”*

## સગા પપ્પા પણ કદાચ આટલું ન કરે : દયા સાવલિયા

*“મને દુનિયામાં સૌથી વ્હાલી વ્યક્તિ મારા પિતા હતા. મારા પપ્પા ડાયમંડમાં હતા. મારા પિતાનું અવસાન અચાનક જ થયું. હું તો અડધી હારી ગઈ હતી પરંતુ મારી મમ્મીની સહનશક્તિ જ મારી અડધી જિંદગી હતી. પરંતુ મને મહેશ પપ્પા મળ્યા. તેમણે મારા બધા જ કોડ પૂરા કર્યા છે. તેમણે મને કોઈ પણ વાતની કમી નથી રાખી.”*

*“ભગવાન પાસે માગીએ તો એ પૂરું કરશે કે કેમ તે નક્કી નથી હોતું. પરંતુ મહેશ પપ્પાને કીધું હોય તો એ વાતની પૂરા થવાની સો ટકાની ગેરંટી હોય છે. કદાચ મારા સગા પપ્પા જીવતા હોત તો પણ એટલું બધું ન કરત. લગ્ન પત્યા પછી એમણે દીકરીની જવાબદારી છોડી નથી. તેઓ લગ્ન બાદની પણ બધી જ જવાબદારી નિભાવી રહ્યા છે.”*

*“મારા સિવાય મારા પિયર અને મારા સાસરા પક્ષને પણ તેઓ સાચવે છે. મારા સાસુ તો એમ જ કહે છે કે, ‘મહેશભાઈ જે કામ કરી રહ્યા છે તેવું કામ કોઈ કરી જ ન શકે.’ કદાચ સાચે જ દુનિયામાં મહેશ પપ્પા જેવું કામ તો કોઈ જ ન કરી શકે. મને એમ હતું કે પપ્પા કપરા સમયમાં મારી સાથે ચાલશે પણ કમનસીબે તે મારી સાથે ચાલ્યા નહીં પરંતુ પછી મહેશ પપ્પા મળ્યા. આવા પિતા મને ભવોભવ મળે.”*

## ભગવાને પપ્પા ભેટમાં આપ્યા : રસના માણિયા

*“મારા પિતાનું અવસાન વર્ષ 2011માં થયુ હતું. એ મારા જીવનમાં સૌથી મોટું દુઃખ હતું. એ દિવસોમાં મારી માતા અને*

મારા નાના ભાઈ- બહેનોનું દુઃખ મારાથી જોવાતું નહોતું. ત્યારપછી ભગવાનની કૃપાદૃષ્ટિ મારા પર પડી. ધનજીભાઈ સવાણી તરફથી અમને વિધવા સહાય મળી. મને ભગવાને મહેશ પપ્પાની ભેટ આપી. જેમને હું મારા રિયલ પપ્પા જ સમજું છું. મારા લગ્ન વખતે પપ્પાએ દરેક રીતે મદદ કરી હતી."

"આજે એ જ સમૂહ લગ્નમાં હું મારા જેવી અન્ય દુલ્હનોને મદદ કરવાની છું. અમારી વખતે આવું આયોજન ન હતું. પરંતુ આ વખતથી જ આ આયોજન શરૂ કરવામાં આવ્યું છે. આમેય આ વખતે લગ્ન બહુ જ વધારે છે. દુલ્હનને કોઈ પણ જાતની તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવા અમારે સતત તેમની સાથે રહેવાનું છે અને તેમની નાની નાની જરૂરિયાત પૂરી કરવાની છે. અમારી જવાબદારી લગ્નમંડપમાં કન્યાના પ્રવેશથી માંડીને વિદાય સુધીની છે. સવારે 7 વાગ્યાથી સાંજના 10.30 સુધી દુલ્હન સાથે જ રહેવાનું છે."

''આ વખતે જ્યારે દુલ્હન અને વરરાજા એકબીજાને હાર પહેરાવશે ત્યારે હેલિકોપ્ટરમાંથી ફૂલવર્ષા થશે. દુલ્હનોને સામાન્ય રીતે નવા ઘરે જતા પહેલાં ચિંતા થતી હોય છે. તો હું તેમને મારું ઉદાહરણ આપીશ કે જો તમે ત્યાં દીકરી તરીકે જશો તો તમને એક દીકરીની જેમ જ માન સન્માન આપવામાં આવશે. ઘણીખરી ચિંતા તો નકામી જ હોય છે.''

## આખું આકાશ મળી ગયું : સેજલ હિરપરા

"હું ઘરમાં સૌથી મોટી દીકરી હતી. મારા પપ્પા ત્રણેય ભાઈઓમાં સૌથી મોટા હતા. મારા જન્મના બે વર્ષ પછી મારી નાની બહેનનો જન્મ થયો. તેનાથી મારા દાદી બહુ નારાજ હતા. ત્યારે તો છોકરાનો જન્મ થાય તેનું જ બહુ માન હતું. પરંતુ પછી

*મારા નાના ભાઈનો જન્મ થયો. તેના પછી પણ એક નાનો ભાઈ આવ્યો."*

*"હું નવ વર્ષની હતી ત્યારે મારા પિતાનું અવસાન થયું. સમય બદલાઈ ગયો અને સગાવહાલાથી ત્રાસીને અમે મહાદેવનગરમાં રહેવા આવી ગયા. મમ્મીએ ઘરનું ગુજરાન ચલાવવા લોજિંગનો સહારો લીધો. એ સમયમાં મમ્મીએ અમારાં લગ્ન કરવાની વાત બહાર પાડી. ચારેક મહિનામાં મારી અને મારી બહેન બંનેની સગાઈ નક્કી થઈ ગઈ. જ્યારે અમે 'સંબંધ ભવોભવના' સમૂહ લગ્નમાં ફોર્મ ભર્યું ત્યારે અમને જાણે કે આખું આકાશ મળી ગયું."*

*"તે સમૂહ લગ્નમાં જ અમને મહેશ પપ્પા મળ્યા. મારું જીવન બદલાઈ ગયું. આ વખતે 'લાગણીના વાવેતર' સમૂહ લગ્નમાં હું દુલ્હનોની મદદમાં છું. લગ્ન વખતે ઓછા લોકો હોવા છતાં પણ અવ્યવસ્થા થઈ જતી હોય છે. તેથી દુલ્હનનું કામ વ્યવસ્થિત રીતે થાય તેની કાળજી લેવાની છે. સ્વચ્છતા જાળવવાનું હું ખાસ ધ્યાન રાખીશ."*

(સુરતથી પ્રકાશિત થતા ગુજરાત ગાર્ડિયન પેપરમાં 29 નવેમ્બર 2014ના રોજ છપાયેલ લેખ-જેમનો તેમ જ)

# 26

# પિતા-પુત્રીનો અનોખો ઋણાનુબંધ

મા વિશે ઘણાં સાહિત્ય, લેખો તથા નિબંધો લખાયા છે અને મા વિશે તો આપણે જેટલું કહીએ એટલું ઓછું છે. પરંતુ, આપણા સાહિત્યમાં કે લેખોમાં પિતા વિશે ખૂબ ઓછું લખવામાં આવ્યું છે અને જે લખાયું છે તે ખૂબ ઓછા લોકો દ્વારા વંચાયું છે.

એની પાછળ એક કારણ એ પણ હોઈ શકે કે આપણા સમાજમાં પુરુષને ઘરનાં મોભી, પાલનહાર, કપરા સમયમાં પણ તટસ્થ રહેનાર વ્યક્તિ તેમજ જવાબદારીઓને પૂર્ણ કરતી વ્યક્તિ તરીકે જોવામાં અને આલેખવામાં આવે છે. પરંતુ, આ કઠોર વ્યક્તિમાં પણ એક કોમળ હૃદય છુપાયેલું છે, એ વાતને સ્વીકારવી કદાચ આપણા માટે મુશ્કેલ બની શકે. એક પુરુષ અથવા એક પિતા કોને કહેવાય તેની સૌથી સારી વ્યાખ્યા એક દીકરી કરતી વધુ સારી કોઈ આપી જ ના શકે.

દરેક પિતા તેની દીકરીને સારા ઘરમાં પરણાવવા ઈચ્છતો હોય છે અને એક જવાબદારી તરીકે પણ દીકરીનાં લગ્ન કરાવતો હોય છે. આથી

જે છોકરીઓના પિતા મૃત્યુ પામ્યા હોય તેના પરિવારમાં સતત ચિંતા રહેતી હોય છે કે ઘરના મોભી વિના દીકરીનાં લગ્ન કેવી રીતે થશે. પિતાનું છત્ર ગુમાવનાર આ છોકરીઓ અને તેના પરિવારની આ ચિંતા દૂર કરવાનું કામ પી. પી. સવાણી ગ્રૂપના મહેશભાઈ છેલ્લાં છ વર્ષથી સારી રીતે કરી રહ્યા છે.

મહેશભાઈને બે પુત્રો છે, પરંતુ પુત્રી નથી. તે બાપ વગરની દીકરીના પાલકપિતા બનીને ધામધૂમથી તેઓનાં લગ્ન કરાવી રહ્યાં છે. 2008માં તેમણે બે દીકરીઓનાં લગ્ન કરાવીને તેમની આ અનોખી સેવાનો પ્રારંભ કર્યો હતો. 2013માં તેમણે 53 દીકરીઓનાં લગ્નનું આયોજન કર્યું હતું જેનું તેમણે 'સંબંધ ભવોભવના' નામ આપ્યું હતું.

30 નવેમ્બર 2014ના રોજ તેઓ 111 દીકરીઓનાં લગ્ન કરાવી રહ્યા છે. આ દીકરીઓ અલગ જ્ઞાતિ અને ધર્મની છે. મહેશભાઈ જ્ઞાતિ કે ધર્મને પર જઈને ફક્ત માનવપ્રેમને જ મહત્ત્વ આપે છે.

આવતીકાલે 'લગ્નના વાવેતર'માં લગ્નગ્રંથિથી જોડાઈ રહેલી કેટલીક દીકરીઓ અને માતાઓએ મહેશભાઈ વિષે નીખાલાસપણે વાત કરી હતી, જે તેમના જ શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે.

## પપ્પા મને તેમની દીકરી જ ગણે છે : અફસાનાબાનુ સલીમ શાહ

*"મારા વાલીદ(પિતા)નું મે મહિનામાં અવસાન થતાં, અમારા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું. ત્રણ બહેનોનાં લગ્ન અને એક ભાઈની જવાબદારી મમ્મી પર આવી પડી હતી. જેને કારણે મમ્મીએ હવે દિવસરાત તનતોડ મહેનત કરવી પડી રહી છે."*

*"મારા પિતાએ મારા લગ્ન પહેલાં બીજે નક્કી કર્યાં હતાં, પરંતુ પિતાના અવસાન બાદ તેમણે લગ્ન કરવાની આનાકાની*

*કરતાં મારી મમ્મી ભાંગી પડી હતી. જોકે સદનસીબે મને બીજો સારો જીવનસાથી તો મળી ગયો, પરંતુ લગ્નનો ખર્ચ અમારા માટે સૌથી મોટું ટેન્શન હતું. પરંતુ મહેશ પપ્પાએ અમારી એ મુશ્કેલી દૂર કરી દીધી. સાથોસાથ મારી બે બહેનોનાં લગ્નનું પણ ટેન્શન તેમણે દૂર કરી દીધું.''*

*"જ્યારે મારા લગ્ન લેવાયા ત્યારે અમારા એક સંબંધી પાસેથી અમને આ સમૂહ નિકાહ વિશે જાણવા મળ્યું હતું. આથી અમે તેમનો*

---

પી. પી. સવાણી ગ્રૂપના મહેશભાઈએ બાપ વિનાની દીકરીઓના પાલકપિતા બનીને તેઓનાં ધામધૂમથી લગ્ન કરવાનું સેવાનું અનોખું મિશન હાથ ધર્યું છે. આવતીકાલે તેમણે ૧૧૧ દીકરીઓનાં ભવ્ય લગ્નનું આયોજન કર્યું છે. 'લાગણીના વાવેતર' નામના આ સમૂહ લગ્નમાં ભાગ લેનાર છોકરીઓ અને તેઓની માતાના વિચારો જાણવા જેવા છે.

---

*સંપર્ક કર્યો, પરંતુ મારા ભાવિ પતિ પાસે કોઈ પણ પ્રકારનાં પુરાવા ન હોવાને કારણે અમે સમૂહ લગ્નમાં જોડાઈ શકીએ તેમ ન હતાં. પરંતુ, મારી એવી ઈચ્છા હતી કે મારા લગ્ન આ જ સમૂહ લગ્નમાં થાય. આથી મારા ભાવિ પતિએ દોડધામ કરી બધા પુરાવા એકત્રિત કર્યા હતા. પરંતુ તેમાં ખૂબ લાંબો સમય નીકળી ગયો હતો અને સમૂહ લગ્નની કંકોત્રી પણ છપાઈ ગઈ હતી. આથી, અમે થોડાં નિરાશ થયાં હતાં. પરંતુ, જ્યારે આ વાતની જાણ મહેશ પપ્પાને થઈ ત્યારે તેમણે પળનોય વિચાર કર્યા વિના અમારું નામ સમૂહ લગ્ન માટે નોંધી લીધું હતું, અને બધી કંકોત્રી પાછી છપાવી હતી."*

*"પપ્પાએ મારા લગ્નમાં કોઈ પણ પ્રકારની કમી નથી રહેવા દીધી. જો મારા સાચા પપ્પા જીવતાં હોત તો તે પણ આટલું ન કરત, જેટલું મહેશ પપ્પા કરી રહ્યા છે. મારા લગ્ન 'લાગણીના વાવેતર'માં થઈ રહ્યાં છે એ વાતથી અમે બધા જ ખૂબ ખુશ છીએ*

*અને અમે નક્કી કર્યું છે કે મારી અન્ય બે બહેનોનાં લગ્ન પણ અમે આ જ સમૂહ લગ્નમાં કરાવીશું. હું જ્યારે પણ મહેશ પપ્પાને મળું છું, ત્યારે મને ક્યારેય એવું નથી લાગ્યું કે તે મારા પપ્પા નથી. એમની આંખોમાં મેં ક્યારેય ભેદભાવ નથી જોયો. એ બધી જ દીકરીઓને એકસમાન પ્રેમ કરે છે."*

## અલ્લાહના ફરિશ્તા બનીને આવ્યા : હનીફાબી (અફસનાબાનુનાં મમ્મી)

*"દરેક મા ઈચ્છતી હોય છે કે તે પોતાની દીકરીની બધી ઈચ્છા પૂરી કરે અને તેનાં લગ્ન સમયે કોઈ કમી ન રહી જાય. પરંતુ અમારી પરિસ્થિતિ એવી નથી કે હું મારી દીકરીને કરિયાવરમાં કશું પણ આપી શકું, એટલે મને એ વાતનો ડર હતો કે લગ્નબાદ મારી દીકરીને તેના સાસરિયા કરિયાવર બાબત ટોકશે તો? પરંતુ મહેશભાઈ અમારા જીવનમાં ફરિસ્તા બનીને આવ્યા છે. તેમના કારણે મારી બધી જ ચિંતાઓ દૂર થઈ ગઈ છે."*

## હા, મારે પણ પપ્પા છે : લતા શાહ

*"મેં મારા પપ્પાની છત્રછાયા ગુમાવી ત્યારે હું પપ્પા શબ્દ બરાબર બોલી પણ નહોતી શકતી. આથી, ત્યારબાદ હું ક્યારેય પપ્પા શબ્દ બોલી નહોતી. ઘરમાં મમ્મીની પરિસ્થિતિ જોઈને મારું મન ભરાઈ આવતું, પરંતુ હું તેમનાં દુઃખ દૂર કરવા કશું કરી પણ નહોતી શકતી. 2012માં મમ્મીનું પણ મૃત્યુ થતાં મારું તો જીવન જાણે પૂરું થઈ ગયું હતું. પરંતુ, જ્યારે મહેશ પપ્પાને મળી ત્યારે જાણે મને મારા પિતા મળી ગયા હોય તેવું લાગ્યું."*

*"પહેલાં કોઈ પણ પોતાના પપ્પા વિશે વાત કરતું તો મારું મન ભરાઈ આવતું, પરંતુ મને મહેશ પપ્પા મળતાં મારી બધી જ ઈચ્છાઓ પૂરી થઈ ગઈ. હવે હું પણ ગર્વથી કહું છું કે હા, મારે પણ પપ્પા છે. પપ્પાનો પ્રેમ જોઈને એટલી ખુશી થાય કે હું તેનું*

*વર્ણન પણ નથી કરી શકતી. હું ભગવાન પાસે એક જ ઈચ્છા રાખું છું, કે દરેક જન્મમાં મહેશ પપ્પા જ મારા પિતા બને અને દરેક દીકરીને મહેશ પપ્પા જેવા જ પપ્પા મળે. તેમને માટે હું એક જ પ્રાર્થના કરું કે મારી ઉંમર પણ તેમને લાગી જાય, જેથી મારા જેવી અનેક દીકરીઓને સહારો મળે અને મારી જેમ તેમની પણ ઈચ્છાઓ પૂરી થાય."*

## નાનકડી ઓળખ ભવોભવનો સંબંધ બની ગઈ : ભાવનાબેન શાહ (લતાનાં સાસુ)

*"અમે સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યુ એવા સારા વેવાઈ અમને મળ્યા છે. મહેશભાઈને અમે છ મહિના પહેલાં જ મળ્યા હતા, પરંતુ એવું લાગે છે કે જાણે અમે એકબીજાને વર્ષોથી ઓળખીએ છીએ. આ પહેલાં અમે ક્યારેય એકબીજાને મળ્યા ન હતા, પરંતુ હવે અમારી વચ્ચે ભવોભવના સંબંધ બંધાઈ ગયા છે."*

## જ્યારથી પપ્પા મળ્યા ત્યારથી અમારું જીવન બદલાઈ ગયું : સોનલ ટિમ્બરિયા

*"સારા જીવનની આશાએ અમે ગામડેથી સુરત આવ્યા હતા. પરંતુ, પિતાના મૃત્યુ બાદ અમારું સુરતમાં રહેવું મુશ્કેલ બની ગયું હતું. દિવસ-રાત મહેનત કરવા છતાં બે છેડા ભેગા કરવા મુશ્કેલ બની ગયા હતા. આથી અમે હારીને ફરી ગામડે જવાનો નિર્ણય કરી લીધો હતો. એવામાં મહેશ પપ્પા અમારા તારણહાર બનીને આવ્યા. એમની મદદ અને હૂંફથી અમને નવી તાકત મળી અને જીવન જીવવાની નવી દિશા મળી."*

*"પપ્પા અમારા જીવનમાં આવ્યા તે પહેલાં અમારી તકલીફોનો પાર ન હતો અને તેમના આવ્યા બાદ ખુશીઓ સમાતી નથી. તેઓ મારા સગા પપ્પા કરતાં પણ વધુ સારી રીતે મારી સંભાળ લે છે. રોજ સવાર-સાંજ તેમનો મેસેજ અથવા ફોન અચૂક આવે છે.*

*એક પિતાની જેમ જ અમારી ઈચ્છા કે દુઃખને વગર કહ્યે સમજી જાય છે અને તેને દૂર કરવાની યોગ્ય સલાહ પણ આપે છે. તેઓ આટલા વ્યસ્ત સમયમાંથી પણ એક, બે નહીં પરંતુ 400 દીકરીઓ માટે સમય કાઢી જ લે છે અને ક્યારેય કોઈને ઓછું નથી આવવા દેતા. તેમની આ જ ખાસિયત તેમને અન્યોથી અલગ તારવે છે.''*

## 400 દીકરીઓના પિતા : જયાબેન ટિમ્બરિયા (સોનલનાં મમ્મી)

*"પિતા પોતાની એક દીકરી માટે પણ પૂરતો સમય નથી ફાળવી શકતા અને તેને સાસરે વળાવ્યા બાદ વર્ષમાં માંડ એકાદવાર મળવા માટે જતા હશે. જ્યારે મહેશભાઈ પોતાની 400 દીકરીઓ માટે હંમેશાં સમય કાઢે છે અને તેમને મળવા માટે જાય છે. તેમજ એક પણ દીકરીને કોઈ પણ પ્રકારનું દુઃખ ન પડે તેની પૂરેપૂરી તકેદારી તેઓ રાખે છે."*

## મહેશભાઈમાં દેખાય છે પપ્પાનો જ ચહેરો : વનિતા સવાણી

*"આમ તો અમે મૂળ ભાવનગરનાં છીએ અને એક વર્ષ અગાઉ જ અમે સુરત આવ્યા છીએ. 2011માં મારા પિતાના મૃત્યુ બાદ મારા ભાઈના કહેવાથી અમે સુરત આવી ગયા. જ્યારે મારા પિતાનું મૃત્યુ થયું ત્યારે ઘણા લોકોએ અમને મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું. પરંતુ, સગા સૌ સ્વાર્થનાં એ વાત અમને ખૂબ જ જલદી સમજાઈ ગઈ હતી. આથી, અમે સુરત આવ્યા."*

*"અહીં અમારે ચારેય બહેનોએ ઘર ચલાવવા માટે કામ કરવું પડતું હતું. એવામાં બાજુવાળાની દીકરીનાં લગ્નમાં જવાનું થયું. તેમની દીકરી 'લાગણીના વાવેતર' નામે યોજાતાં સમૂહ લગ્નમાં જ લગ્ન કરી રહી હતી. અમે જ્યારે લગ્નમાં ગયા ત્યારે, અમે તો દંગ જ રહી ગયા. કારણ કે તે સમૂહ લગ્ન હતાં જ નહીં. કોઈ સગા પિતા પણ પોતાની દીકરીનાં લગ્ન ન કરાવે એટલી*

*ધૂમધામથી ત્યાં બધી દીકરીઓનાં લગ્ન કરાવવામાં આવી રહ્યાં હતાં. ત્યાં મહેશ પપ્પાનો પોતાની દીકરીઓ પ્રત્યેનો પ્રેમભાવ જોઈ મને પણ લાલસા થઈ."*

*"મને પૈસાની કે કોઈ આર્થિક મદદ મેળવવાની ઈચ્છા ન હતી. બસ ઈચ્છા હતી તો એક પ્રેમાળ પિતાનો પ્રેમ મેળવવાની. એટલે મેં પણ પપ્પાને મળવાનો નિર્ણય કર્યો અને બીજે જ દિવસે તેમનો સંપર્ક કર્યો. આટલા મોટા માણસ મારી વાત સાંભળશે કે નહીં એ વાતનો મને ડર હતો. પરંતુ, તેમને મળીને મને એવું લાગ્યું કે હું મારા જ પપ્પાને મળી રહી છું. હવે હું જ્યારે પણ પપ્પાને યાદ કરું છું ત્યારે મને મહેશ પપ્પાનો જ ચહેરો દેખાય છે."*

## આવો પ્રેમભાવ બીજે ક્યાંય ના મળે : શારદાબેન સવાણી (વનિતાનાં મમ્મી)

*"મહેશભાઈ જેવી પ્રેમાળ વ્યક્તિ, તેમના જેવો પ્રેમભાવ મેં ક્યારેય કોઈનામાં નથી જોયા. અમને તો એવું લાગે છે કે જાણે અમને દેવદૂત મળી ગયાં. આપણે એક દીકરીને પરણાવવી હોય તો આપણે થાકી જઈએ છીએ, જ્યારે મહેશભાઈ તો કંઈ કેટલીયે દીકરીઓનાં લગ્ન કરાવે છે. આટલી બધી દીકરીઓનાં લગ્ન કરાવવા એ નાની વાત નથી. તેમની આ ભાવના સામે બીજું બધું જાણે વામણું લાગે છે."*

(સુરતથી પ્રકાશિત થતા ગુજરાત ગાર્ડિયન પેપરમાં 29 નવેમ્બર 2014ના રોજ છપાયેલ લેખ-જેમનો તેમ જ)

જો રાજા દશરથને ઘેર

એક દીકરી હોત તો

રામને વનવાસ ન થયો હોત...

# 27

## જનનીધામ

સવાસો જેટલી પિતાવિહોણી દીકરીઓના પાલકપિતા બનીને સમૂહ લગ્નોત્સવ દ્વારા સાસરે વળાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર મહેશ સવાણીનું માનવતાથી છલકાતું એક બીજું રૂપ છે.

સામાન્યપણે એચ.આઈ.વી. એટલે કે 'એઈડ્ઝ'પીડિત લોકોને સમાજ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. 'એઈડઝ' ચેપી રોગ નથી પરંતુ લોકોના મનમાં 'એઈડ્ઝ' અંગે છવાઈ ગયેલી ભયાનકતાને કારણે અનેક કિસ્સાઓમાં ખુદ મા-બાપ પણ પોતાના સંતાનને તરછોડી દેતા આઘાત અનુભવતા નથી. 'એઈડ્ઝ'પીડિત વ્યક્તિ હોવી એટલે કે જાણે કોઈ મોટો ગુનો કર્યો હોય એવી નજરથી જોવામાં આવે છે અને આવા જ કારણોસર અસંખ્ય લોકો 'એઈડ્ઝ' ને છુપાવીને ફરતા હશે.

> મહેશ સવાણીના મનની વેદનામાંથી સાકાર થયેલી 'જનની ધામ' જેવી સંસ્થાઓ ધબકતી રહેશે ત્યાં સુધી માનવતા નહીં મરે.

મહેશ સવાણી આવા 'એઈડ્ઝ' પીડીત બાળકો માટે દેવદૂત જેવા પુરવાર થયા છે. સુરતથી નજીકના અંતરે આવેલા

આંબોલી ગામ ખાતેના 'જનનીધામ'માં આશ્રયસ્થાન મેળવી નિરાંતથી જિંદગી પસાર કરતી પ્રત્યેક માસૂમ બાળકીઓ, યુવતીની પાછળ પોક મૂકીને રડી પડાય એટલી હદે દર્દનાક ઘટનાઓ ભરડો લઈ ચૂકેલી છે.

એક એક બાળકીની કથની સાંભળવામાં આવે તો સ્વાર્થી સમાજ માટે નફરતની આગ ભડકી ઊઠે. 'એઈડ્ઝ' એવો કોઈ મોટો રાક્ષસ નથી પરંતુ 'એઈડ્ઝ' માટે કરાયેલા અપપ્રચારને કારણે ઘણા કિસ્સામાં ખુદ મા-બાપ પોતાનાં સંતાનોને તરછોડી દીધાના અનેક દાખલા મૌજુદ છે.

'એઈડ્ઝ'પીડિત લોકો માટે અનેક સંસ્થાઓ કામ કરતી હશે, ઘણી જગ્યાએ લાગણીના પૂર વહેતા હશે પરંતુ નોખી માટીના માણસ મહેશ સવાણી માટે જનનીધામમાં રહેતી પ્રત્યેક બાળાઓ, યુવતીઓ તેમના માટે દીકરી છે અને દરેકની વ્યક્તિગત કાળજી લેવાનો તેમનો રોજિંદો ક્રમ બની ગયો છે. મહેશભાઈ આ બાળકીઓ સાથે એટલા ઓતપ્રોત બની ગયા છે કે ધંધામાંથી નવરાશ મળતાની સાથે જ સીધા જનનીધામ પહોંચી જાય છે.

ખેર, મહેશ સવાણી માટે વધુ વાતો કરવા કરતા જનનીધામમાં રહેતી એક એક બાળકીની હકીકતો જાણીને મન દ્રવી ઊઠશે અને અંતરમનમાંથી માનવતાનો પોકાર ઊઠશે અને જેમણે પણ એક વખત જનનીધામની મુલાકાત લીધી છે એ વ્યક્તિ જનની ધામમાં છુપાયેલું 'દર્દ' અને 'ખુશાલી' બન્નેને કદાપી ભૂલી નહીં શકે.

'એઈડ્ઝ'નું નામ સાંભળતાં કોઈ નરાધમ મા-બાપે માસુમ બાળકીને કોથળામાં નાંખીને ટ્રેનના પાટા સાથે બાંધી દીધી હતી... તો, મા-બાપ મોતને ભેટતાં એક વર્ષની માસુમ બાળકીને કાકા, કાકીએ પાંચ-પાંચ વર્ષ સુધી સંડાસમાં ગોંધી રાખી હતી...!

મહેશભાઈએ કેટલીક દીકરીઓની દર્દભરી દાસ્તાન સંભળાવી, તો કેટલીક દીકરીઓને અહીં આવ્યા બાદ મળેલ હૂંફની પણ વાત કહી.

## ઉષ્મા

રાજકોટ પાસેના નાનકડા ગામની ઉષ્મા નામની દીકરી હાલ જનની- ધામમાં રહે છે અને સાડા પાંચ વર્ષની જ છે. એની કહાણી રૂંવાડા ઊભા કરી દે એવી છે.

ઉષ્મા એક વર્ષની હતી ત્યારે એના માતા-પિતાનું એઈડ્ઝને કારણે અવસાન થયું. દીકરીને પણ એચ.આઈ.વી. હોવાની જાણ થતા કાકા-કાકીએ ક્રૂરતા આચરી ઉષ્માને ગંદા, અંધારિયા ટોઈલેટમાં ગોંધી દીધી. એક વર્ષની કુમળી, ફૂલ જેવી ઉષ્મા જેને પોતાને ખબર પણ નહોતી કે એને શું થયું છે, શા માટે કાકા-કાકીએ એને પૂરી દીધી છે. રડતી અને રડી રડીને થાકીને જાતે જ ચૂપ થઈ જતી. ઉષ્મા માટે ટોઈલેટનું બારણું ક્યારેય ખુલતું નહોતું. દરવાજામાં નીચે એક કાણું પાડી દેવાયું હતું, જ્યાંથી ઉષ્માને દિવસમાં માત્ર એક જ વખત ખાવાનું અપાતું અને એક જ બૉટલ પાણી અપાતું.

એક વર્ષની બાળકીને જાતે ખાતા-પીતા પણ ન આવડતું. એ અડધું ઢોળી મૂકતી. ટોઈલેટમાં જ નીચે પડેલું ખાઈ લેતી. ક્યારેક હાથ લાગતા પાણીની બૉટલ પડી જાય. પાણી ઢોળાઈ જાય તો તરસથી ટળવળતી ઉષ્માએ પછી તો રડવાનુ પણ બંધ કરી દીધું હતું. કારણ કે ઉષ્માના ડુસકા કે ચીસો કોઈના કાને સંભળાતી નહીં.

ઉષ્મા માટે પહેરેલ કપડા સિવાય કોઈ કપડાં નહીં, કોઈ ઓશીકું, પાથરણું નહીં. જ્યાં ખાય, પીવે, ત્યાં જ ટોઈલેટ બાથરૂમ કરવાના અને ત્યાં જ ભયંકર ગંદકી વચ્ચે જ ક્યારેક દિવાલને અઢેલીને તો ક્યારેક હારી-થાકીને ટોઈલેટની જમીન પર સૂઈ જવાનું.

જેલના કેદી કે ગુલામ કરતા પણ બદતર હાલતમાં એવી દીકરીને પાંચ વર્ષની સજા મળી જે દીકરીએ જીવનમાં કોઈ ગુનો જ કર્યો નહોતો.

સજા જીરવી શકે એવું એનું શરીર નહોતું. છતાં એ જીવી... અને અહીં જ એક વર્ષથી પાંચ વર્ષની થઈ. આસપાસના ઘરો સુધી છેવટે અતિશય દુર્ગંધ ફેલાતા રહીશોએ પોલીસ બોલાવી. તેઓને એમ કે કોઈકનું ખૂન થયું છે. પોલીસ આવી. દુર્ગંધનું ઠેકાણું શોધતા શોધતા જ્યારે ટોઈલેટનો દરવાજો તોડાયો અને ઉષ્માને અર્ધબેભાન હાલતમાં પડેલી જોઈ ત્યારે પોલીસ સ્તબ્ધ થઈ ગઈ. લોકો પણ આ ક્રૂરતાને આંખો ફાડીને જોઈ રહ્યા.

તાબડતોબ મેડિકલ ટીમ બોલાવાઈ. પ્રાથમિક સારવાર સાથે બાળકીને હૉસ્પિટલ લઈ જવામા આવી. કાકા-કાકીની પોલીસે ધરપકડ કરી તેઓને જેલમાં ધકેલ્યા. દીકરીને એચ.આઈ.વી. હોવાનું તબીબોએ કહ્યું અને પોલીસે આ નિરાધાર દીકરી માટે જી.એસ.એમ.પી. સંસ્થાનો સંપર્ક કર્યો. પરિણામે સાડા પાંચ વર્ષે એને જનનીધામ મળ્યું. તબીબો પણ આ દીકરીની હાલત જોઈ ધ્રુજી ગયા હતા.

ઉષ્માએ પાંચ વર્ષ સુધી સૂર્ય જોયો નથી. એટલે એને દિવસે રૂમની બહાર કાઢી શકાતી નથી. અન્યથા આંખમાંથી પાણી વહેવા સાથે ઢગલેબંધ ચીપડા ઊભરાય છે. પહેલા રાત્રે જ રૂમ બહાર કાઢી એને હરતી-ફરતી કરી પછી સાંજે ૭ વાગે પછી ૬ વાગે ત્યારબાદ કુમળા તડકામાં સાંજે પાંચ વાગે એમ કરતા કરતા એને તબક્કાવાર દિવસે રૂમ બહાર થોડી થોડી વાર માટે કઢાશે અને ટેવ પાડવામાં આવશે.

પાંચ વર્ષથી ચૂપ રહેલી ઉષ્માની સ્વરપેટી પણ બેસી ગઈ છે એને બોલતી થતા લાંબો સમય જશે. હાલ એ પપ્પા, મામા, દીદી એમ ત્રણ જ શબ્દો અટકી અટકીને બોલે છે. એ બોલતી ન થાય, સામાન્ય ન થાય, ત્યાં સુધી શાળાએ પણ અમે નહીં મોકલી શકીએ.

*(નોંધ : આ દિકરીનું થોડા સમય પહેલાં દુઃખદ અવસાન થયું છે.)*

## સોનાક્ષી

પાલનપુરની આ દીકરી સોનાક્ષી માત્ર ૩ માસની હતી ત્યારે કોઈ પાલનપુર રેલવે-ટ્રૅક પર એને પોટલામાં બાંધીને ગયું હતું. ત્રણ માસની ફૂલ જેવી આ ઢીંગલીને મારી નાખવાના પ્રયત્નો ખુદ ઈશ્વરે સફળ ન થવા દીધા. રેલવેનો આ વધારાનો ટ્રૅક હોવાથી ત્યાં દિવસભર કોઈ ટ્રેન જ ન આવી. બપોર બાદ રડવાનો અવાજ આવતા રેલવે ટ્રૅક પાસેના ઝૂંપડાવાસીઓ દોડી આવ્યા. ટ્રૅક સાથે બાંધેલું પોટલું ખોલ્યું તો બાળકીને જોઈ બધા આંચકો પામી ગયા.

તાબડતોબ પોલીસ આવી. તબીબો આવ્યા. બાળકીનું ચેકઅપ થયુ. એને હૉસ્પિટલ લઈ જવાઈ અને એચ.આઈ.વી. હોવાની જાણ થઈ. સોનાક્ષીને બાંધી જવાનું કારણ બધાને સમજાઈ ગયું. ફરીથી જી.એસ. એમ.પી. મારફત સંપર્ક થતા એ જનનીધામમાં આવી.

નોંધનીય છે કે, એચ.આઈ.વી.- ગ્રસ્ત અનાથ છોકરાઓ માટે ગાંધીનગરમાં હોસ્ટેલ છે જ્યારે એચ.આઈ.વી.ગ્રસ્ત અનાથ બાળકીઓ માટે સુરતમાં દર દર ભટકતી જી.એસ.એમ.પી. સંસ્થાને જનની-ધામ ‘ઘર’રૂપે મળ્યું છે. જેથી રાજ્યભરની એચ.આઈ.વી.ગ્રસ્ત અનાથ દીકરીઓને અહીં આશ્રય મળે છે.

અહીં આયા-ગાર્ડ તરીકે રહેતાં પ્રિતીબેન જામનગરનાં છે. વર્ષ 2004થી જી.એસ.એમ.પી. સાથે સંકળાઈને એચ.આઈ.વી.ગ્રસ્તો માટે કાર્યરત છે. વર્ષ 2013થી જનનીધામમાં છે. વર્ષ 1999માં પતિનું એચ.આઈ.વી.ના કારણે જામનગર ખાતે જ અવસાન થતા એ

> પતિ એઈડ્ઝને કારણે મૃત્યુ પામતાં જુવાનજોધ પરિણીતાને સાસરિયાંએ તો જાકારો આપ્યો પરંતુ ખુદ મા-બાપે પણ સ્વીકારી નહીં! આખરે ભરજુવાનીમાં પરિણીતા ક્યાં જાય?

સમયે માત્ર 17 વર્ષની પ્રિતીબેનને સાસરિયાએ જાકારો આપી દીધો હતો. પ્રિતીબેનનો સામાજિક બહિષ્કાર થયો. ઠેર ઠેર અપમાન, તોછડાઈ, જાકારો સહન કરતા તેઓ વર્ષ 2010માં નોકરીની શોધમાં માતા-પિતા સાથે સુરત આવ્યા. આજે જનનીધામમાં બધી બાળકીઓના દીદી બનીને તેઓ બધાની દવા-ખોરાક, સારવારનું ધ્યાન રાખે છે.

અહીં રહેતી કોઈ દીકરીને ડેન્ટિસ્ટ બનવું છે તો કોઈને ફેશન ડિઝાઈનર. છોકરીઓ સામાન્ય અને ખુશહાલ જીવન જીવે છે. અહીં ધોરણ 8 સુધી આંબોલી ગામની સરકારી શાળામાં અને મોટી દીકરીઓને નજીકની પ્રાઈવેટ શાળામાં ભણવા પણ મોકલાય છે.

સવારે 6 વાગે ઊઠી જતી 51 દીકરીઓ નિત્યક્રમ પતાવી 7 થી 8 વાગ્યા સુધી યોગાસન અને કસરત કરે છે. 8:30 વાગ્યે ચા-નાસ્તો કરીને તૈયાર થઈ શાળાએ જાય છે. સાંજે પરત આવ્યા બાદ ફ્રેશ થઈને 6 વાગ્યા બાદ પ્રાર્થના કરે છે. સાડા આઠ વાગ્યા સુધી સ્કૂલનું હોમવર્ક પતાવે છે. ત્યારબાદ ભોજન લઈને ધિંગામસ્તી, પેઈન્ટિંગ, ખેલકૂદ, ટી.વી. જોવું વગેરે મનગમતી પ્રવૃત્તિ કરીને 10:30 કલાકે સૂઈ જાય છે.

દિવસમાં બે વખત સવારે તથા રાત્રે 9:30ના ટકોરે તેઓ પોતાની એચ.આઈ.વી. નિયંત્રિત રાખવાની એઆરટી દવાનો ડોઝ લે છે અને તમામને દર 15 દિવસે હજીરા, રિલાયન્સ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવાય છે.

મહેશભાઈ કહે છે કે, ‘‘એચ.આઈ.વી.પીડિતો માટે મેડિકલ ચેકઅપ, સારવાર, દવા વગેરે માટેના સેન્ટરની મંજૂરી અમે પણ સરકાર પાસે માંગી છે. એ મળી જશે તો દીકરીઓએ હજીરા સુધી દૂર નહીં જવું પડે, પી. પી. સવાણી હૉસ્પિટલ વરાછા ખાતે જ તમામ સારવાર મળી રહશે.’’

અહિંયા જીવતા એક એક બાળકની પાછળ હૃદય પણ ધબકારા ચૂકી જાય એવી વેદનાઓ ટપકી રહી છે.

ખુદ જન્મદાતાઓએ તરછોડી દીધેલાં સંતાનો મહેશ સવાણીના ‘જનનીધામ’માં માનવતાની હૂંફ સાથે કિલ્લોલ સાથે નવજીવન જીવી રહ્યાં છે.

(સુરતથી પ્રકાશિત થતા ગુજરાત ગાર્ડિયન પેપરમાં 29 નવેમ્બર 2014ના રોજ છપાયેલ લેખ-જેમનો તેમ જ)

કર્મ એવું કરવું કે કુદરત પણ હરખાય.
જીવન એવું જીવવું કે મોત પણ શરમાય.

# 28

## આગળ જતાં...

મેં મહેશભાઈને કહ્યું કે, “તમે સમાજ માટે ખરેખર ખૂબ સારું કામ કર્યું છે પણ હવે આગળ શું કરવા માગો છો?”

તેમણે જવાબ આપ્યો કે, “જ્યાં સુધી ઉપરવાળો કરવા દેશે ત્યાં સુધી મેં શરૂ કરેલા કામો ચાલુ રાખીશ. એ ઉપરાંત હવે મારું ફોકસ એ રહેશે કે લોકો મારાં જેવાં કામો કરે. જો દરેક સમાજ પોતાના સમાજના અનાથ બાળકોનો અભ્યાસ અને શિક્ષણની જવાબદારી ઉપાડી લે તો કોઈ સમાજનો અનાથ બાળક દુઃખી ન થાય. જો દરેક સમાજ પોતાના સમાજની વિધવાઓને સાચવી લે એવી ગોઠવણ કરે અને બાપ વગરની દીકરીઓને સમાજના ખર્ચે પરણાવવાની જવાબદારી લે તો સમાજનું ખૂબ ભલું થાય. હવે પછીનો મારો સમય અને શક્તિ હું જુદા જુદા સમાજોને આવાં કામો કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે વાપરવા માંગુ છું.”

સાંભળો છો સમાજના આગેવાનો ?

“હવે પછીનો જે પ્રોગ્રામ છે- ‘સંવેદના એક દીકરીની’. તેમાં અમે બધા લગ્ન કરાવવાવાળા ગોરમહારાજોને પ્રતિજ્ઞા કરાવીશું કે તેઓ જ્યાં

પણ લગ્ન કરાવે ત્યાં પાંચમો ફેરો ફેરવે અને સ્ત્રી-ભ્રૂણહત્યા નહિ કરવાની પ્રતિજ્ઞા લેવડાવે.”

“બીજું એ કે અમે ‘વડીલ વંદના’ કાર્યક્રમ કર્યો ત્યારે અમને ‘પ્રેમલક્ષ્મી મંદિર’ની ખબર નહોતી અને ‘વાત્સલ્યનો સ્પર્શ - વયોત્સવ’ કર્યો ત્યારે ‘જનની’ની ખબર, જ્યારે ‘વિવાહ પાંચ ફેરાના’ કર્યા ત્યારે ‘સંબંધો ભવેભવના’ની ખબર નહોતી, ‘સંબંધો ભવેભવના’ કર્યો ત્યારે ‘લાગણીના વાવેતર’ની ખબર નહોતી, ‘જીયાણા’ની અને ‘જાત્રા’ની ખબર નહોતી. ‘જનનીધામ’ બનાવવાનું કામ પણ ભગવાને ઓચિંતું જ મને સોપ્યું હતું. આમ કોઈ પણ કાર્ય બહુ જ આગળથી વિચારીને કર્યું નથી.”

“જેમ જેમ સમાજની સમસ્યાઓ અમારી સામે આવી તેમ તેમ અમે આગળના પ્રોગ્રામો કર્યા છે. હવે પછી ભગવાન શું કરાવશે તે મને ખબર નથી. પણ એક વાત નક્કી છે કે હું જીવીશ ત્યાં સુધી મારી શક્તિ મુજબ સમાજ ઉપયોગી કામો કરતો રહીશ.”

# 29

# રેકોર્ડ્સ અને એવોર્ડ્સ

મહેશભાઈએ પોતાનો ધંધો સંભાળતાં સંભાળતાં સમાજસેવાના કાર્યો કર્યાં અને સાથે સાથે ઘણા બધા એવોર્ડ્સ મેળવ્યા અને રેકૉર્ડ્સ કાયમ કર્યા. જેમકે...

## રેકોર્ડ્સ :

1. મહેંદી મૂકવાનો રેકૉર્ડ :

તારીખ 28/11/2014 ના રોજ સુરતમાં એકસાથે 521 દીકરીઓને મહેંદી મૂકવાનો રેકૉર્ડ, જે 'ગોલ્ડન બુક ઑફ રેકૉર્ડ' અને 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ'માં નોંધાયું.

2. દેહદાન રેકૉર્ડ :

13/11/2010ના રોજ તેમના વતન રાણપરડા ખાતે 251 દેહદાન નોંધાવ્યાનો રેકૉર્ડ, જેની 'લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે' નોંધ લીધી.

3. વડીલ વંદના રેકૉર્ડ (2 વખત) :

24/3/2013ના રોજ સુરતમાં એકસાથે એક જગ્યા પર 5,000 અને 20,000 દાદા-દાદીઓને ભેગા કરી તેમને બાળપણની યાદ તાજી કરાવી, જેની નોંધ 'લિમ્કા બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે' લીધી.

4. સફાઈ અભિયાન રેકૉર્ડ :

28/11/2014ના રોજ સુરત ખાતે એકસાથે 535 સ્વયંસેવકોએ જગ્યાની સફાઈ કરી, જેની 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે' નોંધ લીધી.

5. સૌથી વધુ દીકરીઓનો પિતા બનવાનો રેકૉર્ડ :

251 અનાથ દીકરીઓના બાપ બનવાનો રેકૉર્ડ જેની નોંધ 30/11/2014ના રોજ 'ગોલ્ડન બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડે' લીધી.

આ સિવાય અસંખ્ય એવાં કામો તેમના હાથે થયાં છે કે દરેકને રેકૉર્ડ બનાવ્યાની નોંધ લેવાય તો ગણ્યા ગણાય નહિ એટલા થઈ શકે.

## એવોર્ડ્સ :

1. પાવર બ્રાન્ડ ઍવોર્ડ :

તેમની સમાજસેવાની નોંધ લઈને અમેરિકાના ભારતીય સંસ્થાએ અમેરિકાના લાસ વેગાસ શહેરમાં 23/6/13ના રોજ 'બેસ્ટ ઈન્સ્પિરેશનલ લીડર ઑફ ઈન્ડિયા'નો ઍવોર્ડ આપ્યો.

2. ભારત જ્યોતિ ઍવોર્ડ :

ભારત સરકારનો આ ઍવોર્ડ તેમને 5/4/15ના રોજ તેમની અનાથ વિદ્યાર્થીઓને મદદ કરવાની સેવા બદલ દિલ્હીમાં અસમ અને તમિલનાડુના એ સમયના ગવર્નર ડૉ. ભીષ્મ નારાયણ સિંહના હસ્તક મળ્યો.

3. રાષ્ટ્રીય ગૌરવ ઍવોર્ડ :

ભારત સરકારનો આ ઍવોર્ડ તેમને 5/4/15ના રોજ તેમની અનાથ દીકરીઓને પરણાવવાની સેવા બદલ દિલ્હીમાં અસમ અને તમિલનાડુના એ સમયના ગવર્નર ડૉ. ભીષ્મ નારાયણ સિંહના હસ્તક મળ્યો.

4. ગ્લોરી ઑફ ઇન્ડિયા ગોલ્ડ મેડલ :

ભારત સરકારનો આ ઍવોર્ડ તેમને 5/4/15ના રોજ તેમને દિલ્હીમાં અસમ અને તમિલનાડુના એ સમયના ગવર્નર ડૉ. ભીષ્મ નારાયણ સિંહના હસ્તક મળ્યો.

આ ઉપરાંત ઘણી બધી જુદી જુદી સામાજિક સંસ્થાઓએ તેમનું બહુમાન કરેલ છે જેનો રેકૉર્ડ રાખવો અશક્ય છે.

જાણવા કરતાં સમજવું
એ ઘણું મહત્ત્વનું છે...

તમને જાણતા તો અનેક લોકો હશે,
ખરેખર સમજતા હોય એવા ઓછા હશે.

# 31

## એમના જીવનમાંથી શું પ્રેરણા લેશો?

મિત્રો તમે આ પુસ્તક પૂરું કર્યું. એ વાત તો ચોક્કસ છે કે તમે એક વાર્તાની જેમ નથી પૂરું કર્યું પણ સાથે સાથે વિચારે પણ ચડી ગયા હશો, મનમાં તર્ક-વિતર્ક થયા હશે. એ પણ વિચાર આવ્યો હશે કે મારે મહેશભાઈના જીવનમાંથી શું શીખવા જેવું છે.

ચાલો હું કહું કે હું એમના જીવનમાંથી શું શીખ્યો અને શું પ્રેરણા લીધી....

પહેલી એ પ્રેરણા મળી કે, 'માણસ જો સત્યપૂર્વક હિંમતથી સામનો કરે તો જીવનની કોઈ પણ મુશ્કેલીમાંથી બહાર આવી શકે છે.'

બીજી એ પ્રેરણા લીધી કે, 'મારા જીવનનું સાચું સુખ શેમાં છે તેના ઉપર હું મનોમંથન કરીશ અને તે દિશામાં આગળ વધીશ.'

તેમના જીવનમાંથી એ પણ શીખ્યો કે, 'ફક્ત જોશથી જીવન નથી જીવાતું. જોશ સાથે હોશની જરૂર પડે છે. હું હવે વધુ હોશથી જીવન જીવીશ.'

તેમના જીવનમાંથી એ પણ શીખ્યો કે, 'અજાણતા જો તમે સમાજમાં તમારી નકારાત્મક છબી ઊભી કરી દીધી હોય તો સાચી દિશામાં પ્રયત્ન કરી તેને સંપૂર્ણપણે બદલી શકો છો. સમાજમાં દેવદૂત તરીકે તમારું નામ અમર કરી શકો છો.'

ખાસ તો એ પ્રેરણા લીધી કે, 'સાચું સુખ ફક્ત સગવડનાં સાધનો ભેગા કરવાથી નહિ પણ બીજાના દુઃખને દૂર કરી તેમને સુખી કરવા તન, મન અને ધનથી પ્રયત્નમાં લાગી જઈએ છીએ ત્યારે મળે છે.

એ પણ પ્રેરણા મળી કે, 'પૈસા ભેગા કરવાથી સમાજમાં માન-સન્માન નથી મળતાં પણ જ્યારે એ પૈસાનો ઉપયોગ સત્કાર્યોમાં કરીએ છીએ ત્યારે એ બધું મળે છે.'

મેં એ નક્કી કર્યું કે, 'હું બીજાને દાન આપવા કરતા મારા ધનનો ઉપયોગ હું જાતે જ લોકોના ઉપયોગમાં કરીશ.'

'હું કોઈને મદદ કરીશ તો જરૂરિયાતમંદને મારી પાસે માગવા નહિ આવવું પડે પણ હું એવી સિસ્ટમ બનાવીશ કે મારા ધનથી તેમનું ઑટોમેટિક કલ્યાણ થાય.'

એ પણ પ્રેરણા મળી કે, 'હું મારા કુટુંબીજનોને મારા દરેક કાર્યમાં સાથે રાખીશ.'

'હું મારા પૈસાનો દેખાડો કરવા માટે કોઈ કાર્ય નહિ કરું. મારા કુટુંબના દરેક પ્રસંગ સાદાઈથી ઉજવીશ.'

'હું મારા દરેક પ્રસંશનીય કાર્યનો યશ મારી ટીમને આપીશ.'

# Dr. Adhia's Products

**Books** ............ **Language**

1. Prerna Nu Zarnu ............ Guj./Hindi/Eng./Telugu/Bengali/Marathi
2. Man Ane Jivan ............ Gujarati/Hindi
3. Mann Na Moti ............ Gujarati
4. Sneh Nu Jharnu ............ Gujarati/Hindi
5. Stree ............ Gujarati
6. Memory ............ Gujarati/Hindi/English
7. The Gift ............ English
8. Visulisation ............ Gujarati/Hindi
9. T.A. Shikho Jindagi Jito ............ Gujarati/Hindi/English
10. Dhanvan to Banvu J Joie ............ Gujarati/Hindi
11. Depression ............ Gujarati/English
12. 9 Ways to Manage Your Anger ............ English
13. N.L.P. ............ English
14. Goal Setting and Achieving ............ Gujarati/English/Hindi
15. Leadership Etle ............ Gujarati
16. You can be responsible ............ English/Gujarati
17. Subconscious Mind Says ............ Gujarati/Hindi
18. How to choose a life partner? ............ Guj + English
19. Kshan ne Sachavo ............ Gujarati
20. Mari Vahli Dikri Ne ............ Gujarati/Hindi
21. Mara Vahla Dikra Ne ............ Gujarati/Hindi
22. Mari Vahli Patni Ne ............ Gujarati
23. Mari Vahla Vidhyarthi Ne ............ Gujarati
24. Prayer of Mind ............ Gujarati/Hindi/Marathi/English
25. Yauvan Ni Prarthna ............ Gujarati
26. Matru Vandana ............ Gujarati/Hindi
27. Pitruvandana ............ Gujarati/Hindi

**New Arrival ............ Language**

1. Lokona Man Jitvani Kala ............ Gujarati/Hindi
2. Promise ............ Gujarati
3. Habit of Going Extra Mile ............ Gujarati/Hindi
4. Ekrar ............ Gujarati/Hindi
5. Confidence ............ English/Gujarati/Hindi
6. Tan ni Prathna ............ Gujarati/Hindi/English

**Coming Soon ............ Language**

1. Telepathy ............ English/Gujarati/Hindi

**Audio CDs ............ Language**

1. Relaxation ............ Gujarati/Hindi/English
2. Alpha Music ............ Gujarati/English/Hindi
3. Man No Mahamantra ............ Gujarati
4. Prayer of Mind ............ Gujarati/Hindi/English
5. Subconscious Mind Says ............ Gujarati/Hindi
6. Das Kadam Diamond Ke ............ Hindi
7. Insurance Agent's Relaxation & Guided Visualization ............ Hindi
8. Score More (Guided Visualization for Students) ............ Hindi

**Audio Book ............ Language**

1. Man ane Jeevan ............ Gujarati/Hindi
2. Visulisation ............ Gujarati/Hindi

**Poster ............ Language**

E.Q., I.Q., S.Q. – Car – Cheque – Tathastu – Marksheet – Goal Chart

**Video CDs / DVDs ............ Language**

1. Spring of Inspiration DVD (6 Hrs.) ............ Gujarati/Hindi/English
2. Prerna Ka Jharna DVD (1 Hr.) ............ Hindi
3. Yadshakti Na Rahasyo DVD ............ Gujarati
4. Prem Na Panthe VCD ............ Gujarati

# Products Outlets

Available at **A.H. WHEELERS** Book stall
at all Railway Stations of India and S.T. Stands of Gujarat

## All Gujarat CROSSWORD Branch

***AHMEDABAD - 079***

**Rudra Book Shop :** 25-B, Govt.Co-op. Soc., Navrangpura, M : 98259 25947

**Mind Training Institute :** 404/B, Legacy, Panjarapol Cross Road 26302660/61
***R.R. Sheth & Co.*** : Khanpur, Tel.: 2550 6573, 2550 1732
**Ajay Publication :** Aaradhna Comm. Centre, Relief Road, M. 98251 50562
**Rupali Book Centre :** K.B. Comm. Complex, Khanpur, Tel.: 2550 44 43
**Hitesh Gandhi :** Nr. Thakorbhai Desai Hall, Law Garden, Tel.: 26638773
**S.T. Book Stall 1 & 4 :** Gita Mandir S.T. Stand, M. : 98249 75562
**Gujarat Pustakalaya :** 11, Ellora Comm. Centre, 2550 6973, M. 98984 67262
**Uzma Publication :** 12, Faiz Complex, Khanpur, Tel.: 25500790
**Mosinbhai :** Aastodiya, Tel.: 25350794
**Vijaybhai Dobariya :** Gurukul, Memnagar, Ahmedabd 098256 86900
**New Prakash Book Depo :** Gokul Complex, Ellisbrdige, 079-26422111
**Saurashtra Staionary :** Bipin Patel 9824253141 Bapunagar

**ANAND - 02692 and VALLABHVIDYANAGAR**
**Chandan General Stores :** Station Road, Anand Tel. 2660 60 99250 99590
**Ambica Book Store**, Nana Bazar, V.V. Nagar M 9825545261
**Pustak Mahal**, Nana Bazar, V.V. Nagar 9924812095, 9409012868
**Pandya & Sons**, Mota Bazar, V.V. Nagar 9974598026
**A. H. Wheeler & Co. Pvt. Ltd.** Book Stall Railway Station, 9737765438
**Ajay Book Stall,** “Krishna Kunj”, Nr. Mota Bazar, Vidhayanagar, 99254413936
***ANKLESHWAR*** **A. H. Wheeler (Ankleshwar)** C/o. Railway Book Store 9428685597
***BARDOLI - 02622***
**Ramesh Traders :** Sardar Baug, Opp. College, Tel.: 22 78 84
***BARODA - 0265***

**Gujrat Pustakalay Sahakari Mandali**
**Popular Book Centre :** O/s. Yuvraj Hotel, Nr. S.T. Stand, Tel.: 279 44 24
**The Allies Stores**, Opp. Jubilee Gardern, Baroda, 9537648491
**Sagar Book Publishers**, 101-102-104, “Sukhdham Compex”,
Mira Datar’s Tekro, Navabazar, Baroda. 9979322746, 9879402375
**Acharya Book Depot,** Opp. Gandhi Nagar Gruh, Baroda. 9824286729
**GangaSagar Pustakalay**, Jagdish Lojni Bajuma, 9067115757, 8530151920
**Maneesh Book Shop**, 7, Payal Complex, Opp. M.S. University, 9898522447
**Shreenath Newspaper Agency**, Raopura, Baroda-390001 9898240228
***BHARUCH - 02642***
**A. H. Wheeler** Railway Station, Bharuch 9723268037
**Prajapati Book Store**, 9879237236, 9898214517, 9898368426
**Harilal Maganlal & Co.**, Katopore Gate, Bharuch - 392001 9227135356
**Thakkar Book Depot**, M. 9228299695, 9228176199
***BHAVNAGAR - 0278***
**Kitab Ghar :** High Court Road, Tel.: 5213257 M.: 98983 97271
**Prasar :** Rupani-Atabhai Road, **Lok Milap :** 1565, Sardar Nagar, Tel.: 256 64 02,
**S.T. Stand Book Stall :** S.T. Stand
***BHUJ - 02832*** ***Sahajanand Rural Trust :*** *G.M.D.C. Guest House, M.: 9825227509*
***Bilimora - 2634*** **Arjunsinh Engineer :** M. : 9998045188
***HIMMATNAGAR - 02772*** **Pravinsinh Zala :** (M) +91-91734 18280

***JAMNAGAR - 0288***
**School Point :** Nr. St. Xaviers High School,
**Kirit Bhatt :** Manu Farsan : Bardhan Chowk, Tel.: 2675512, M. 9426567997
***JETPUR - 02823*** **Vidya Book Store :** Opp. Central Bank Tel.: 221516
***JUNAGADH - 0285***
**Prerna Nu Jharnu Sahitya Book Stores :** Mira Complex, M.: 98242 11446
***LIMDI - 2752***
**Darshan Hotel :** National Highway,
**Jamuna Hotel :** Nr. Jamuna Hotel, National Highway M.: 98248 13804
***MEHSANA - 02762***
**Dinesh Prajapati:** 44, Aashadipa Soc., Opp. Nirma Factory, M.: 94260 86244
**Gujarat Pustakalaya :** 1, Sardar Shoping Centre, Tel.: 252 426
**Piyush Pustak Bhandar :** Nr. S.T. Stand, 220350, (M) 98258 88 778
***NADIAD-0268***
**Mohmadbhai,** S.T. Bus Stand, Nadiad 9974336344
**Honey Book Centre,** Old Bus Depot, Nadiad 9277951521
**A. H. Wheeler & Co. Pvt. Ltd.** Book Stall Railway Station, 9737765438
**Student Book Stall**, 13-14, Chankya Complex, Nadiad 9825438399
***NAVSARI-02637***
**Mansukhlal & Sons**, Dudhiya Talav Road, Navsari 9428163480
**College Store,** Topiwala Mansion, Opp. Garda College, 9825099121
**New College Road**, 1, Dadabhai Navroji Shoping Centre, 9898215999
**Shah Chatrabhuj Nanchand**, Mota Bazar, Navsari 9879199651, 9727840900
***PALANPUR - 02742***
**Treasure :** Jivan Jyot Bldg, Jahanara Baug Road, Tel.: 225 13 20
**Killol Enterprise :** 106, White House, Tel.: 25 56 96 M.: 94263 88053
***PATAN - 2766*** **Modern Book Stall :** Opp. Bus Stand, Tel.: (O) 220129 (R) 22 10 09
***PORBANDAR - 0286*** **Jayendra Chotai :** Manish Stores, M. 99790 11011
***RAJKOT - 0281***
**Johar Cards :** 'Hasnain' Dr.Yagnik Road, Tel.: 246 22 52, M : 98242 10492
**Pravin Pustak Bhandar :** Opp. Rajkot Mun.Corp., Tel.:232460, 234602
**Rajesh Book Shop :** Yagnik Road, M.: 99241 33519
**Bharat Book Store:** Yagnik Road, Tel.:2465148
**Ravi Prakashan :** Yagnik Road, Tel.: 246 06 25, 248 34 90
**Old & New Book Stall :** Yagnik Road,
**Rajesh Book Stall :** Opp. Lodhawad Police Chowky, Tel.: 2233518
**Minerwa Footware :** Dharmendra Road, M.: 9898119097
**Sanjeevani Ayurvedic Store :** Ph:9879878328,02812583755
***SURAT-0261***
**Gajanan Pustkalay :** Opp Commerce House, Tel. : 242 42 46, M : 98244 83772
**Gajanan Book Depot :** Tower Road, Tel. : 2365 49 21 M : 98797 40059
**Panvala Stores :** Lal Gate, Musha Chasmavalani Gali, Tel. : 243 71 55
**Surat Book Centre :** 9/48, Kotsafil Road, Tel.:243 69 11 M.: 98790 44220
**Surat Book Stall :** M.: 98790 44220
**Book Smart :** Sharon Plaza, Ambika Niketa Busstop, Tel: 222 33 64
**Book Point**, 41-42-43, Shreeji Arcade, Anand Mahal Road, Adajan, Surat. 9825803654
**Sahaj Super Store Pvt. Ltd.**, Anand Mahal Road, Adajan. 9998989661
**Padmavati Stationary**, B-301, Arihant Residency, Adajan. 99913097383
**Book World**, E-42, Kanak Nidhi, Opp. Gandhi Smruti, Nanpura. 9825008182
**The Popular Book Centre**, 16, Jolly Plaza, Athawa Road, 9825519002
**Lucky Book Store**, Shop No-1, Omet Huse, Athawa Gate Surat 9825483447

**Indira Book Stall**, Nr. Jain Dharmshala, Opp. Railway Station, 9879193114
**Ghanshyam Book Depot**, 4/829, Tower Road, Surat 9825110708
**Sainath Book Stall**, Surat Central Bus Station, Surat 9825536436
**Harihar Pustakalya**, 4/816/817, Tower Road, Opp. GPO Surat 9825636483
**Dev Enterprise,** Surat 9725608089
***VALSAD - 02632***
**Rangeela Stores:**12 Trade Centre, Station Rd., P : 245708 , 9825731218
**Bulsar Book Store**, 6-7, Gumahor Appt, Opp. Riddhi Siddhi Aptt., Valsad 9825146263
**ST Book Stall**, Valsad 9173359444, 9825130538
**Mahavri Sales Corporation**, Opp. Town Hall, Valsad 9825041364, 9909570698
**Mahalaxmi Stores**, 4, Akashganga, Opp. Bai Avabai Highschool, Valsad 9978759592
**Prajapati Books Sotres**, Opp. Bai Avabia Highschool, Valsad 9638206125
**Deep Xerox & Gen. Store**, ST Depot Road, Dharampur, Valsad 9909079590
***VAPI - 0260***

**Crossword,** 2nd Floor, Vikas Textorium, Nr. Upasana School,
Gunjan, GIDC, Vapi. 6444066

**Maruti Book Stores**, 8, Tejal Complex, Koparli Road, GIDC. 9428065789, 9428715033
***DELHI - 011*** Arunbhai Saraf M. 9958098076
***INDORE-0731*** Parasbhai M. 93000 30005, 93000 30008
***JABALPUR -*** Sanjiv Ray M. 9617744721
***JAIPUR - 0149 (RAJASTHAN)***
**Rajesh Manish Agency :** G-3, B-11, Mayur Tower, Tel. : 232 60 19 M.: 98291 39626
***Madhya Pradesh (M.P.) -*** Madhavray M. 9755655368 Dindori
***MUMBAI - 022 (MAHARASHTRA)***
**R.R. Sheth & Co. :** Princess Street, Tel. : 2201 3441, 2205 8293
**Mahavir Book House :** 164, D.N. Road, Opp. VT Station, M.: 98210 23169

**KOLHAPUR : Vitthal Kotekar :** M.: 99211 11665

***NAGPUR - 0712*** **Shri Jalaram Medical Stores :** Darodkar Square, Tel. : 276 81 95
***PUNE - 020*** **Vijaybhai :** 303, CV Prestige Classes, M. 93262 74507
**Kumar Marketing :** 16-15, Sukravar Peth, Bhorialli M.: 94220 23160
***KOLKATTA - 033*** **Shyam Modi :** Tel.: 98300 43813

# Buy Online www.clickabooks.com

## HOME DELIVERY (Anywhere in India)

Tel.: (O) 079- 2644 7393 • 4003 5153 (10 a.m. to 6 p.m.)
M.: 99241 43847 • 99258 11737 • 99241 43545

e-mail : rudrapublication1@gmail.com • www. rudrapublication.com

**Home Delivery at Navsari, Valsad, Dharampur, Vapi M. 9725608089**

**: Bombay :**
**Bharat Chotai :** Tel. 2967 1229 • M : 98212 95281 • 98692 75439

**Jatinbhai Shah :** Malad, Mumbai M : 93222 11594